અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

11 FEBRUARY-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 220 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
ઈરાન સાથે દુશ્મનાવટ મામલે ઈઝરાયલે હવે અમેરિકાને જ આપી ધમકી! કહ્યું- અમે એકલા હાથે કરીશું હુમલો

4 
સ્વાસ્થ્ય મુદ્દે સરકારની બેદરકારીથી સ્કૂલ ડ્રોપ-આઉટ રેટ વધ્યો


6 
'ભારતને વધુ સારા થિયેટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર' આમિરના નિવેદને વિવાદ સર્જ્યો

7 
સેન્સેક્સ 208 પોઈન્ટ વધીને 84,274 પર બંધ: નિફ્ટીમાં 68 પોઈન્ટની તેજી, ઓટો અને મીડિયા શેરોમાં ખરીદી


# નરવણેનું પુસ્તક હજુ પબ્લિશ ન થયું હોવાનો પેંગ્વિન રેન્ડમ હાઉસનો દાવો

**નવી દિલ્હી, તા.10**

પૂર્વ આર્મી ચીફ જનરલ એમએમ નરવણેના અપ્રકાશિત પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની (Four Stars of Destiny)' પર એની પબ્લિશિંગ કંપની પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાનું નિવેદન આવ્યું છે. કંપનીએ જણાવ્યું હતું કે પૂર્વ સેનાપ્રમુખ એમએમ નરવણેનું પુસ્તક હજુ સુધી પબ્લિશ (પ્રકાશિત) થયું નથી. પબ્લિશિંગના તમામ અધિકારો અમારી પાસે છે. કંપનીએ કહ્યું, અત્યારસુધી પુસ્તકની ન તો કોઈ છપાયેલી નકલ આવી છે અને ન તો કોઈ ડિજિટલ નકલ સામે આવી છે. અમારી તરફથી પુસ્તકનો કોઈપણ ભાગ ક્યાંય પણ સાર્વજનિક કરાયો નથી. કંપનીએ આ સ્પષ્ટતા એટલા માટે કરી, કારણ કે પુસ્તકની અનઅધિકૃત નકલો લીક થવા અને ઓનલાઈન સર્ક્યુલેશનનો દાવો છે. આ મામલે દિલ્હી પોલીસે FIR પણ નોંધી છે.



આ કાર્યવાહી અલગ-અલગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઓનલાઈન ન્યૂઝ ફોરમ પર સામે આવેલી માહિતીના આધારે કરવામાં આવી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પુસ્તકની પ્રી-પ્રિન્ટ કોપી સર્ક્યુલેટ થઈ રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ પુસ્તકના પ્રકાશન માટે સંબંધિત અધિકારીઓ પાસેથી હજુ સુધી જરૂરી મંજૂરી મળી નથી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આ જ શીર્ષકવાળા પુસ્તકની PDF કોપી કેટલીક વેબસાઈટ્સ પર ઉપલબ્ધ હતી.

આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલી કોપી આ જ હોઈ શકે છે. આ ઉપરાંત કેટલાક ઓનલાઈન માર્કેટિંગ પ્લેટફોર્મ્સ પર પુસ્તકના કવરને એવી રીતે દર્શાવવામાં આવ્યું હતું કે જાણે એ ખરીદી માટે ઉપલબ્ધ હોય.

આ સમગ્ર મામલાની તપાસ માટે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે કેસ દાખલ કર્યો છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે અપ્રકાશિત અને મંજૂરી વગરના પુસ્તકની સામગ્રી કેવી રીતે સાર્વજનિક થઈ અને એની પાછળ કોણ લોકો સામેલ છે.

લોકસભામાં 2-3 ફેબ્રુઆરીના રોજ રાહુલ ગાંધીએ એક મેગેઝિનમાં છપાયેલા આર્ટિકલને વાંચવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે એમાં નરવણેના પુસ્તકના અંશો છે. સ્પીકર ઓમ બિરલાએ તેની મંજૂરી આપી ન હતી. ત્યાર બાદ લોકસભામાં હોબાળો થયો હતો, જેના કારણે કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી હતી. એ જ સમયે હોબાળો કરનારા આઠ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારથી પુસ્તક ચર્ચામાં છે. બીજા દિવસે 4 ફેબ્રુઆરીના રોજ રાહુલ પુસ્તકની નકલ લઈને સંસદ પહોંચ્યા. તેમણે કહ્યું હતું કે જો આજે પીએમ આવે તો તેમને આ પુસ્તક આપીશ. રાહુલે પુસ્તકનું એ પાનું ખોલીને બતાવ્યું, જેમાં લખ્યું હતું કે વડાપ્રધાને આર્મી ચીફને કહ્યું હતું - જે યોગ્ય લાગે એ કરો!. રાહુલે કહ્યું કે સરકાર અને રક્ષામંત્રી કહી રહ્યા છે કે પુસ્તકનું અસ્તિત્વ નથી. જુઓ આ રહ્યું પુસ્તક. નરવણેના આ અપ્રકાશિત પુસ્તકમાં ચીન સાથે ભારતીય સેનાની 2020ની અથડામણોની સાથે-સાથે અગ્નિવીર યોજનાની સમીક્ષા કરવામાં આવી છે.

નરવણે 2019થી 2022 સુધી સેનાપ્રમુખ રહ્યા છે. તેમણે ગયા વર્ષે કસૌલીમાં આયોજિત ખુશવંત સિંહ લિટરેચર ફેસ્ટિવલમાં જણાવ્યું હતું કે તેમણે પોતાનું પુસ્તક પેંગ્વિન પબ્લિશર ગ્રુપને છાપવા માટે આપી દીધું છે. હવે આ પબ્લિશર્સ અને સરકાર વચ્ચેનો મામલો છે. પુસ્તક સંરક્ષણ મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવ્યું છે. એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ એને પ્રકાશિત કરવાની મંજૂરી મળી નથી. નરવણે 2019થી 2022 સુધી સેનાપ્રમુખ રહ્યા છે. તેમણે ગયા વર્ષે કસૌલીમાં આયોજિત ખુશવંત સિંહ લિટરેચર ફેસ્ટિવલમાં જણાવ્યું હતું કે તેમણે પોતાનું પુસ્તક પેંગ્વિન પબ્લિશર ગ્રુપને છાપવા માટે આપી દીધું છે. હવે આ પબ્લિશર્સ અને સરકાર વચ્ચેનો મામલો છે. પુસ્તક સંરક્ષણ મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવ્યું છે. એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ એને પ્રકાશિત કરવાની મંજૂરી મળી નથી. કોંગ્રેસે એક મેગેઝિનમાં પ્રકાશિત લેખનાં પેજ સોશિયલ મીડિયા 'એક્સ' (X) પર શેર કર્યાં છે. આમાં પૂર્વ આર્મી ચીફના અપ્રકાશિત પુસ્તક 'Four Stars of Destiny'ના અંશ છે. એમાં 31 ઓગસ્ટ 2020ના રોજ લદ્દાખ સરહદ પર ભારત-ચીન વચ્ચે સર્જાયેલી સ્થિતિનો ઉલ્લેખ છે. જ્યારે ચીની ટેન્કો પૂર્વી લદ્દાખમાં આગળ વધી રહી હતી ત્યારે શું થયું હતું એ જણાવાયું છે.

### મોદીનું પ્લેન આસામમાં હાઈવે પર ઉતરી શકે છે

## આ પૂર્વોત્તરની પ્રથમ ઈમરજન્સી એરસ્ટ્રીપ છે, PM 14 ફેબ્રુઆરીએ તેનું ઉદ્ઘાટન કરશે

**નવી દિલ્હી, તા.10**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 14 ફેબ્રુઆરીના રોજ આસામના મોરાનમાં હાઈવે પર બનેલી ઈમરજન્સી એરસ્ટ્રીપ પર ઉતરી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો આવું થાય તો આ પૂર્વોત્તર ભારતમાં પ્રથમ વખત બનશે જ્યારે કોઈ વડાપ્રધાનનું વિમાન પરંપરાગત એરપોર્ટને બદલે હાઈવે પર લેન્ડ કરશે. આ એરસ્ટ્રીપ નેશનલ હાઈવે (NH) 127ના ડિબ્રુગઢ-મોરાન ભાગ પર બનાવવામાં આવી છે.



વડાપ્રધાનની હાજરીમાં રાફેલ અને સુખોઈ ફાઈટર પ્લેન એક ખાસ એરિયલ ડેમો કરશે. જેમાં વિમાનો હાઈવે પરથી જ લેન્ડિંગ અને ટેકઓફ બતાવશે. આ ડેમો લગભગ 30-40 મિનિટનો હશે.

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ આશા વ્યક્ત કરી કે વડાપ્રધાન મોદી ફાઈટર એરક્રાફ્ટમાં મોરાન હાઈવે પર ઉતરશે. મુખ્ય સચિવ રવિ કોટાએ જણાવ્યું કે 14 ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન 4.4 કિમીની એરસ્ટ્રીપના ઉદ્ઘાટન માટે મોરાન આવશે.

આ કાર્યક્રમ ભારતની આફત અંગેની તૈયારી, પૂર્વોત્તર વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષાને દર્શાવશે. વડાપ્રધાનની મુલાકાત સિવિલ-મિલિટરી બેવડા ઉપયોગવાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેમો એરસ્ટ્રીપની ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરશે. રાફેલ અને સુખોઈ ભારતીય વાયુસેનાના મુખ્ય ફાઈટર પ્લેન છે.

મોરાન એરસ્ટ્રીપ NH-127ના 4.4 કિલોમીટર લાંબા ભાગ પર બનાવવામાં આવી છે. આ ભારતની પ્રથમ ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) છે, જે સેના અને સિવિલ વિમાનો બંને માટે વાપરી શકાય છે. ELFનો અર્થ છે કે યુદ્ધ અથવા ઈમરજન્સીની સ્થિતિમાં વિમાનો હાઈવે પર ઉતરી શકે છે અથવા ઉડાન ભરી શકે છે. આનાથી રસ્તાને બેવડો ફાયદો થાય છે. રોજિંદા ટ્રાફિકની સાથે-સાથે સૈન્ય જરૂરિયાતો માટે પણ. આ એરસ્ટ્રીપ પૂર્વોત્તરના વ્યૂહાત્મક મહત્વને વધારે છે, કારણ કે આ ક્ષેત્ર ચીનની સરહદને અડીને આવેલું છે.

સરકારે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને અન્ય સ્થળોએ પણ ELF બનાવ્યા છે. મોરાન ELF પૂર્વોત્તરને મજબૂત બનાવવાનો એક ભાગ છે, જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. સરકારે આવા ઘણા ELF દેશભરમાં વિકસાવ્યા છે, પરંતુ મોરાન પૂર્વોત્તરનો પ્રથમ છે. ભારતમાં ELFનો વિચાર ઈમરજન્સી પરિસ્થિતિઓ માટે છે.




# 'ધારાસભ્યનો ભત્રીજો આરોપી હોવાથી પોલીસે પકડ્યો નથી': અમદાવાદના યુવકના આપઘાતના અઢી મહિના બાદ પણ આરોપી પોલીસ પકડથી દૂર....

**અમદાવાદ, તા.10**

અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા અને શ્યામલ પાસે પાનની દુકાન ચલાવતા યુવકે અઢી મહિના પહેલા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકને મરી જવા મજબૂર કરનાર ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરના ભત્રીજા નીલ ઠાકર સહિત 6 લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પરંતુ, ગુનો નોંધાયાના અઢી મહિના બાદ પણ પોલીસે આરોપીની ધરપકડ ન કરતા મૃતકના પરિવારજનો નારાજ થયા છે. પરિવારજનોએ ત્રણ દિવસમાં આરોપીઓની ધરપકડ ન થાય તો વાસણા પોલીસ સ્ટેશને ધરણા પર બેસવાની ચીમકી ઉચ્ચારી છે.

વાસણામાં રહેતા અને શ્યામલ પાસે ગુજ્જુ પાન પાર્લર ચલાવતા અંકિત સોલંકીએ 26 નવેમ્બરે ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.મૃતકે સ્યુસાઈડનો મેસેજ કર્યો હતો જેમાં મોત માટે ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરના ભત્રીજા નીલ ઠાકર અને તેના મિત્રો રાજ સુખવાસિયા,માનવ ઠક્કર,ઉમંગ દેસાઈ,તીર્થ પ્રધાન અને એક સગીરને જવાબદાર ગણાવ્યા હતા. વાસણા પોલીસે સમગ્ર મામલે 6 આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ કેસમાં એટ્રોસિટીની કલમ હોવાથી તપાસ એસ.સી એસ ટી સેલના DYSP રોશની સોલંકીને સોંપવામાં આવી હતી.પોલીસે તપાસ કરી પરંતુ અઢી મહિનામાં એક પણ આરોપીને પકડ્યા નથી. આરોપીઓએ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે પરંતુ તે નામંજૂર કરવામાં આવી છે.આરોપી ન પકડાતા મૃતકના પરિવારે આક્ષેપ કર્યા છે.

મૃતકના ભાઈ કૃણાલ સોલંકીએ જણાવ્યું હતું કે મારા ભાઈના મોતના અઢી મહિના બાદ એક પણ આરોપી પકડ્યો નથી.આરોપી પૈકી એક આરોપી ધારાસભ્યનો ભત્રીજો છે.અમે રાજ્યપાલ સુધી અરજી કરી છે છતાં આરોપી પકડાયા નથી. પોલીસ કમિશનરને રજૂઆત કરી છે જો 3 દિવસમાં આરોપી નહીં પકડાય તો અમે વાસણા પોલીસ સ્ટેશનની બહાર આંદોલન શરૂ કરીશું. મૃતક અંકિતના ભાઈ કૃણાલે કરેલી પોલીસ ફરિયાદ મુજબ, મારા ભાઈએ સુસાઈડ નોટમાં લખ્યુ હતું કે હું અંકિત સોલંકી થોડા મહિના પહેલા સ્વપ્નિલના ભાઈની માથાકૂટ અમારા ભાઈના છોકરા સાથે થઈ ત્યારથી બધું ચાલુ થયું એ લોકોને



સમાધાનની વાત કરવાનું કીધુ તો પણ એને માર માર્યો અને દુકાન આવીને મને કીધું કે તમારા ભત્રીજાને માર્યો છે. રાત્રે અમને બોલાવીને ઠપકો આપ્યો અને ગાલ પર લાફો માર્યો અને સમાધાન કર્યું અને એમણે એમની ભૂલ સ્વીકારી કે આવું નહોતું કરવાનું અમારે એ પત્યા પછી થોડા દિવસો પછી મને માનસિક રીતે ટોર્ચર કરી દુકાને બંધ કરી રાખ્યો. મને થોડા દિવસ પછી મારવા આવશે એવી રીતે માનસિક ટોર્ચર કર્યું અને અમારા પપ્પા બે નંબરીના ધંધાવાળા છે અને એવી વાતો બધી કરીને નાત જાતનું કરીને મને માનસિક રીતે ટોર્ચર કર્યો. જેથી મેં દુકાને જવાનું બંધ કર્યું અને કમરનો પ્રોબ્લેમ છે એવું કીધું. કમરની પ્રોબ્લેમ તો છે પણ હું દુકાન આવી શકું અને ઘરે જઈ શકું પણ આ લોકોએ મને ગભરાવી દીધો અને દુકાન બંધ ના થાય એટલે મેં જવાનું બંધ કર્યું પછી એ લોકો દારૂ પીને દુકાને આવ્યા ત્યારે એ લોકોને પોલીસે બીજી જગ્યાએથી પકડ્યા.

ત્યારે એ માનવે એવું કીધું કે ગુજ્જુ(પાન પેલેસ)એથી બાતમી મળી છે. પછી મેં રાજને ફોન કર્યો તો એવું કીધું કે ગુજ્જુ પાન પેલેસથી કોઈ બાતમી નથી મળી. આ તો એ લોકો બીજે ઉભાતા અને પોલીસને જોઈને ગાડી ભગાવી એટલે પોલીસવાળાએ ટ્રાફિક જેવું થયું અને પકડ્યા બહારથી ગુજ્જુએથી કાંઈ થયું નથી. પછી મેં મારા પપ્પાને કીધું કે આવી વાત મળી છે તમે કૃણાલને કહેતા નહીં ખોટું પહેલા લોકોને બોલશે અને તો પણ મારા પપ્પાએ પૂછ્યું કે આવી રીતે આપણી દુકાનનું નામ આવે છે તો મારા ભાઈએ મારા પપ્પાના માથે હાથ મૂકીને સમ ખાધા અમારા ડોશીમાના કે આપણા તરફથી એવું કાંઈ નથી અને પછી માનવને ફોન કરી કીધું અને માનવે મને કીધું કે કૃણાલભાઈને ક્યાં કહેવાની જરૂર હતી પછી મેં મારા પપ્પાને કીધું કે તમારે ક્યાં કહેવાની જરૂર હતી.

ત્યાર પછી મારા પપ્પાએ કીધું કે પૂછવું પડે આપણે એને તો મારા માથા પર હાથ મૂકીને સમ ખાધા એટલે વાંધો નહીં જેને જે વિચારવું હોય એ વિચારે પછી હું જ્યારે દુકાન જતો થયો ત્યારે મને લોકોએ પૂછ્યું કે દારૂની શું વાત હતી? તો મેં એવું કીધું કે તમે ખોટું આ રીતે નામ આપો તો મેં ઘરે વાત કરી અને પછી મારા પપ્પાને કીધું કે કાંઈ નહીં તમે કૃણાલને કહી દીધું તો કહી દીધું તો જવા દો. માનવ અને રાજ એવું સમજ્યા કે કૃણાલે પોલીસને કહી દીધું આવી વાતને લઈને ઝઘડા અને મોટું કરવા માંગે છે. દુકાન બંધ કરાવવા માનસિક ટોર્ચર અને એમના મિત્ર જોડે બબાલના વિડીયોને બતાવવા મોકલે છે અને અમને દારૂ વાળી વાત ઉંધી સમજીને અમને બીજા કારણમાં લઈને ભરાવા માંગે છે અને દુકાન બંધ કરાવવા માંગે છે. મારી પાસે આ સિવાય બીજો કોઈ રસ્તો નથી એટલે હવે મારાથી સહન થતું નથી અને આ લોકો પાછળ પડી ગયા છે.

મને સૌથી વધારે હેરાન મગજથી કરી નાખ્યો છે એ માનવ, રાજ, મિહિર, ઉમંગ, તીર્થ તેમજ ધારાસભ્યનો ભત્રીજો નીલ ઠાકરએ એમની બબાલનો વિડીયો ગભરાવવા માટે બતાવ્યો બધી જ ખબર પડે છે કે શું કરવા માંગે છે આ લોકો એટલે આ પગલું ભરું છું. મારી બહુચર માં અને મમ્મી-પપ્પા ભાઈ તમને ખબર છે આપણે સાચા છીએ તો ભગવાન એ લોકોને જોશે. હવે હુ જાઉં છું તમે શાંતિથી રહેજો બધા. સોરી મારે જીવવું તું જીવન એક જ વાર મળે પણ આ લોકોએ મારું જીવવાનું હરામ કરી નાખ્યું .મારા સમાજના લોકો અને સરકાર, હર્ષ સંઘવીને વિનંતી કે આ કેસની ઝીણવટ પૂર્વક તપાસ લેજો. ભાજપના અમિત ઠાકર ધારાસભ્યની શરમ ભરીને કેસને દબાવી ના દેતા એ મારો જીવ આપી દીધો છે તો જ મારી આત્માને શાંતિ મળશે.

# આજે પશ્ચિમ અને પૂર્વ વિસ્તારના 15થી વધુ વિસ્તારોમાં ઓછું પાણી આવશે.....

## કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ 8 કલાક બંધ રહેશે, બુધવારથી રાબેતા મુજબ પાણી મળશે

**અમદાવાદ, તા.10**

શહેરમાં પશ્ચિમ અને પૂર્વ વિસ્તારના કેટલાક ભાગોમાં પાણી પૂરું પાડતા કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટને (10 ફેબ્રુઆરી) સાંજે ચાર વાગ્યા સુધી મેન્ટેનન્સ માટે બંધ કરવામાં આવ્યું હતુ. આ કારણે આજે 11 ફેબ્રુઆરીના રોજ સવારે આખા પૂર્વ અને પશ્ચિમના કેટલાક ભાગોમાં પાણી ખૂબ ઓછું આવશે. પાણી ઓછું આવવાના કારણે નાગરિકોએ પાણીની સમસ્યાનો સામનો કરવો પડશે.



કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શહેરના પૂર્વ વિસ્તારના નરોડા, સરદારનગર, બાપુનગર ઠક્કરબાપાનગરથી લઈ નારોલ સુધી તેમજ ઓઢવ, વિરાટનગર, નિકોલ, સૈજપુર, શાહીબાગ, અસારવા, શાહપુર, દરિયાપુર, જમાલપુર ખાડિયા, મોટેરા, ચાંદખેડા, સાબરમતી અને સરદાર પટેલ સ્ટેડિયમ સહિતના વિસ્તારોમાં પાણી પૂરું પાડવામાં આવે છે. આજે સવારે પાણી આપ્યા બાદ શટ ડાઉન કરવામાં આવ્યું હોવાના કારણે આ વિસ્તારોમાં આવતીકાલે સવારે ઓછા પ્રેશરથી પાણી આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટર પ્રોડક્શન ખાતા હસ્તકના કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે વીજ પુરવઠો પુરો પાડતી કંપની GETCO દ્વારા પાવર ફીડર-1 અને 2માં 10 ફેબ્રુઆરીના રોજ પ્રી-મોન્સુન એક્ટિવિટી અંતર્ગત મેઈન્ટેનનસ માટે સવારે 8થી સાંજના 4 વાગ્યા સુધી 8 કલાક માટે શટડાઉન લેવામાં આવ્યું છે. કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ 8 કલાક બંધ રહેશે, જેના લીધે ઉત્તર ઝોન, મધ્યઝોન, પુર્વ ઝોન, પશ્ચિમ ઝોન, અને દક્ષિણ ઝોનના અમુક વિસ્તારમાં 11 ફેબ્રુઆરીના રોજ પાણીના ઉપલબ્ધ જથ્થા મુજબ પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવશે. બુધવારથી રાબેતા મુજબ પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે.

# ડાકોર ફાગણી પૂનમ મહોત્સવની તૈયારીઓ અંતિમ તબક્કામાં : 3 માર્ચે વહેલી સવારે મંગળા આરતી...

## શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે 2000થી વધુ પોલીસ જવાનો તૈનાત

**નડિયાદ, તા.10**

ડાકોરમાં આગામી ફાગણી પૂનમ મહોત્સવની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. કલેક્ટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં લાખો શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા વિવિધ વ્યવસ્થાઓને આખરી ઓપ અપાયો હતો.



આ મહોત્સવ 27 ફેબ્રુઆરીથી 04 માર્ચ સુધી યોજાશે. કલેક્ટરે તમામ વિભાગોને નિર્ધારિત કાર્યપ્રણાલી મુજબ કામગીરી કરવા સૂચના આપી છે. બેઠકમાં સફાઈ, પોલીસ બંદોબસ્ત, રસ્તા રિપેરિંગ, પીવાનું પાણી, વીજળી અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મહોત્સવના મુખ્ય દિવસે, 03 માર્ચના રોજ વહેલી સવારે 2:00 કલાકે મંગળા આરતી યોજાશે. શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે 2000થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવશે.

યાત્રાળુઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે ડાકોર ગોમતી તળાવની ફરતે લોકોની અવરજવર સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. પોલીસ વિભાગ દ્વારા મેળા વિસ્તારમાં 08 બંદોબસ્ત પોઈન્ટ અને 07 પોલીસ સહાયતા કેન્દ્રો કાર્યરત કરાશે. સુરક્ષા માટે નેત્રમ અને સીસીટીવી કેમેરા દ્વારા સતત નજર રાખવામાં આવશે.

દર્શનાર્થીઓની સુવિધા માટે મંદિરના મુખ્ય દરવાજા અને અન્ય ભીડવાળા વિસ્તારોમાં 44 આડબંધ અને 08 જગ્યાએ બેરિકેટિંગ પોઈન્ટ ઊભા કરવામાં આવશે.

મહોત્સવ દરમિયાન ડાકોરના મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. એ.જી. શાહ પેટ્રોલ પંપ, ગુર્જરી ઓક્ટ્રોય નાકા અને ટ્રાફિક સર્કલ જેવા પોઈન્ટ્સથી મંદિર તરફ જતો રસ્તો વાહનો માટે બંધ રહેશે.

અમદાવાદ, ઠાસરા અને ઉમરેઠ તરફથી આવતા વાહનો માટે અલગ-અલગ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. યાત્રાળુઓના પરિવહન માટે મોટી સંખ્યામાં સરકારી બસો ફાળવવામાં આવી છે. હંગામી બસ સ્ટેશન પરથી જ મંદિરનો પ્રસાદ મળી રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

આરોગ્ય ક્ષેત્રે સાવચેતીના ભાગરૂપે હોળી ચકલા, હીરાલક્ષ્મી ટાવર અને બોડાણા સ્ટેચ્યુ પાસે એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. મંદિર પરિસરમાં પણ મેડિકલ ટીમ સતત કાર્યરત રહેશે. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નગરપાલિકા પ્રમુખ વિપુલ શાહ સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જુગાર રમવાની ના પાડતાં પરિણીતાને સાસરું છોડવું પડ્યું

## વહુને જન્માષ્ટમી-શ્રાવણિયો જુગાર રમવા મજબૂર કરવાના કેસમાં રાજકોટનો પરિવાર દોષિત, પતિને ભરણપોષણ ચૂકવવા કોર્ટનો હુકમ

**અમદાવાદ, તા.10**

જુગાર રમવાની ના પાડતાં પરિણીતાને સાસરું છોડવું પડ્યું. લો...બોલો આવું ક્યાંય બને?...આ ચોંકાવનારો કિસ્સો રાજકોટમાં બન્યો છે. જન્માષ્ટમીનો જ્યાં સૌથી વધુ ક્રેઝ જોવા મળે છે એવા રાજકોટમાં એક પરિવારે ઘરની વહુને જન્માષ્ટમી-શ્રાવણિયો જુગાર રમવા કહ્યું, તો વહુએ જવાબ આપ્યો કે હું શિક્ષિત પરિવારમાંથી આવું છું, હું જુગાર નહીં રમું. બસ, પછી શું વિવાદ એટલો બધો વધ્યો કે પત્નીને સાસરું છોડવા મજબૂર થવું પડ્યું. આખરે પરિણીતા કોર્ટ પહોંચી ને અમદાવાદ જિલ્લા અદાલતે રાજકોટના એક પુરુષ અને તેનાં પરિવારજનોને શ્રાવણ માસ દરમિયાન પત્નીને જુગારની પરંપરામાં ભાગ લેવા માટે મજબૂર કરીને તેને હેરાન કરવા બદલ દોષિત ઠેરવ્યા, સાથે સાથે કોર્ટે ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ પતિને માસિક ભરણપોષણ, ઘરભાડા માટે સહાય તથા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.



કેસની વિગતો મુજબ હાલ નિકોલ વિસ્તારમાં રહેતી મહિલાએ જાન્યુઆરી, 2017માં રાજકોટના એક કરિયાણાની દુકાન ચલાવતા યુવક સાથે લગ્ન કર્યા હતા. શરૂઆતમાં બધું ઠીક હતું, પરંતુ શ્રાવણ માસ દરમિયાન તેનાં સાસરિયાંએ ઘરમાં સૌ જુગાર રમતા હોવાથી તેને પણ જુગારમાં ભાગ લેવા માટે આગ્રહ કર્યો હતો. મહિલાએ પોતે શિક્ષિત પરિવારમાંથી આવતી હોવાને કારણે જુગાર નહીં રમે એવું કહીને ઈનકાર કર્યો હતો.

જુગાર રમવાનો ઈનકાર કર્યા બાદ પરિવારના વર્તનમાં ફેરફાર આવ્યો હોવાનું તેણે જણાવ્યું છે. સાસરિયાંએ પોતે જુગાર ન રમે તોપણ જુગાર માટે તેનાં માતા-પિતાથી પૈસા લાવવા માટે દબાણ શરૂ કર્યું હતું. તેના કહેવા મુજબ આ જુગારમાં માત્ર પરિવારજનો નહીં, પરંતુ ઓળખીતાઓ પણ સામેલ હતા. વિવાદ વધતાં તેણે આક્ષેપ કર્યો હતો કે જો તે જુગાર નહીં રમે તો પતિ સાથે છૂટાછેડા લેવા જેવી પરિસ્થિતિ પરિવાર દ્વારા ઊભી કરવામાં આવી. અંતે, તેણે 2019માં સાસરું છોડ્યું હતું.

તેણે સાસરું છોડ્યા બાદ સાસરિયાંએ તેના વિરુદ્ધ છેતરપિંડી અને ઘરેણાં લઈ જવાનો આક્ષેપ કરતી FIR નોંધાવી હતી. ત્યાર બાદ મહિલાએ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી JMFC કોર્ટમાં પતિ અને તેનાં પાંચ સગાં વિરુદ્ધ ઘરેલુ હિંસાની ફરિયાદ કરી હતી અને સાસરેથી કાઢી મૂકવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

સાસરિયાંએ આક્ષેપો ખોટા હોવાનું કહીને તેમના દ્વારા કરાયેલી પોલીસ ફરિયાદોને આધાર બનાવ્યા હતા, જોકે અદાલતે મહિલાની હેરાનગતિ અંગેની વાત સ્વીકારી હતી. પતિની આવક સાબિત ન થઈ શકતાં અદાલતે સક્ષમ વ્યક્તિની સરેરાશ આવકના આધારે પતિને દર મહિને 5 હજાર ભરણપોષણ ચૂકવવાનો અને ઘરભાડા માટે વધારાના 2 હજાર રૂપિયા પ્રતિ મહિને ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કૌરવ-પાંડવો જુગાર રમતા. શ્રીકૃષ્ણની અનુમતિથી દુર્યોધને પાંડવોને જુગાર રમવા બોલાવેલા. જુગાર રમવામાં કૌરવો કપટ કર્યું હતું. કૌરવ-પાંડવો બેવાર જુગાર રમેલા. પહેલા જુગટામાં પાંડવો રાજપાટ હારી ગયા, વનવાસ જવું પડ્યું. વનવાસ પૂર્ણ થયા પછી પાંડવોને ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય મળ્યું. દુર્યોધને ફરી જુગારનો દાવ ખેલ્યો, એમાં પાંડવો દ્રૌપદી સહિત બધું જ હારી ગયા. દુર્યોધન-દુ:શાસન દ્વારા દ્રૌપદીનું વસ્ત્રાહરણ થતાં શ્રીકૃષ્ણે ચીર પૂર્યાં. આમ, શ્રીકૃષ્ણ જુગારના સાક્ષી બની રહ્યા. મહાભારતકાળથી જુગટું રમવાનો રિવાજ પ્રચલિત થયો. આ કારણોથી જન્માષ્ટમીએ પણ જુગાર રમાય છે. શ્રાવણ મહિનો પવિત્ર મહિનો છે. આ મહિનામાં રક્ષાબંધન અને સાતમ આઠમનો તહેવાર મનાવવામાં આવે છે, સાથે આખો મહિનો શિવજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે, જોકે આ મહિનાની શરૂઆતમાં અને એમાંય સાતમ આઠમના પર્વ દરમિયાન લોકો જુગાર રમવા લાગી જાય છે, જુગાર રમવાનો જાણે કે એક ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. ઘણાં વર્ષોથી ઘણાં એવાં શહેરો છે, જ્યાં જુગાર રમવાની પ્રથા બનાવી દીધી છે, પરંતુ તમને ખ્યાલ છે કે આપણા હિન્દુ શાસ્ત્રોમાં ક્યાંય પણ જુગાર રમવાની પ્રથા નથી લખી. એક જાણીતા એસ્ટ્રોલોજરના મતે ભગવાન શ્રીકૃષ્ણ નાગકુલમાં ગયા હતા એ સમયે તેમણે જુગટું કર્યું હતું એટલે એક પ્રકારનું પરાક્રમ, પરંતુ એ જુગટુ જુગાર તરીકે મનાવે છે અને એને અનેક શહેરો અને અનેક ધર્મમાં એક પ્રથા તરીકે અત્યારે લોકો માનીને રમી રહ્યા છે, પરંતુ એ એક ભ્રમ છે અને જાતે ઊભી કરેલી પ્રથા છે.

# અકસ્માત થયેલી રિક્ષામાંથી 160 લીટર દેશી દારૂ ઝડપાયો

## પોલીસે દેવકીવણસોલ પાસે બેની ધરપકડ કરી, 92 હજારનો મુદ્દામાલ જપ્ત




**નડિયાદ, તા.10**

નડિયાદ-મહેમદાવાદ રોડ પર દેવકીવણસોલ ગામ પાસે પોલીસે કાર્યવાહી કરી છે. એક સીએનજી રિક્ષામાંથી 160 લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસમાં પોલીસે અમદાવાદના બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહેમદાવાદ પોલીસને બાતમી મળી હતી કે એક રિક્ષામાં દેશી દારૂ ભરીને અમદાવાદ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. પોલીસે ખાત્રજ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન પોલીસને માહિતી મળી કે બાતમીવાળી રિક્ષા (નંબર GJ-27-TB-7863) દેવકીવણસોલ ગામ પાસે આવેલા બળિયાદેવ મંદિર સામે અકસ્માતનો ભોગ બની છે.

પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે રિક્ષામાં સાજીદ અબ્દુલરસીદ શેખ અને પિંકીબેન રમેશભાઈ ચુનારા હાજર હતા. રિક્ષાની પાછળની સીટ પર તપાસ કરતા પ્લાસ્ટિકના કોથળાઓમાં ભરેલો દેશી દારૂ મળી આવ્યો હતો.

તપાસમાં કુલ 80 કોથળીઓમાંથી 160 લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, જેની કિંમત 32,000 આંકવામાં આવી છે. પોલીસે 50,000ની રિક્ષા અને 10,000ના બે મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. આમ, કુલ 92,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓએ કબૂલ્યું હતું કે તેઓ પાસ-પરમિટ વિના દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

# આણંદ LCBએ હાઈટેન્શન વાયર ચોરતી ગેંગ ઝડપી: સારોલ ગેંગના 3 સભ્યોની ધરપકડ, 4 ગુનાનો ભેદ ઉકેલાયો

**આણંદ, તા.10**

આણંદ જિલ્લામાં હાઈટેન્શન ઈલેક્ટ્રિક ટ્રાન્સમિશન લાઈનના એલ્યુમિનિયમ વાયરની ચોરીના બનાવોમાં વધારો થયો હતો. આ ગુનાઓને ડામવા માટે આણંદ પોલીસ અધિક્ષક જી.જી. જસાણીના માર્ગદર્શન હેઠળ LCB પી.આઈ. એચ.આર. બ્રહ્મભટ્ટ અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ ઈન્ટેલિજન્સ અને હ્યુમન સોર્સની મદદથી પોલીસે 'સારોલ ગેંગ'ના ત્રણ સભ્યોને ઝડપી પાડી ચાર ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.



પોલીસને LCBના હેડ કોન્સ્ટેબલ રણવીરસિંહ મહેન્દ્રસિંહ દ્વારા મળેલી બાતમીના આધારે, કણભા ગામની સીમમાં ચોરીના વાયર સંતાડ્યા હોવાની માહિતી મળી હતી. પોલીસે વોચ ગોઠવી અંધારામાં વાડમાંથી વાયર કાઢતા ત્રણ શખ્સોને કોર્ડન કરીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી લોખંડનું મોટું કટર, હેક્સો બ્લેડ અને અંદાજે 60 મીટર ચોરીનો વાયર મળી આવ્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ. 23,000/-ની કિંમતનો મુદ્દામાલ (વાયર અને સાધનો) કબજે કર્યો છે. તેમની સામે BNSS-2023ની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઝડપાયેલા આરોપીઓમાં લાલજીભાઈ ઉર્ફે લાલો રમણભાઈ તળપદા, રહે. સારોલ, બોરસદ, વિજયભાઈ રાયસિંગભાઈ તળપદા, રહે. સારોલ, બોરસદ અને અજયભાઈ રમેશભાઈ તળપદા, રહે. જૂના બદલપુર, યોગીપુરા, બોરસદનો સમાવેશ થાય છે.

પૂછપરછ દરમિયાન, આરોપીઓએ ચાર મુખ્ય ગુનાઓની કબૂલાત કરી છે. જેમાં વીરસદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કણભા સીમમાંથી 700 મીટર એલ્યુમિનિયમ વાયરની ચોરી (કિંમત રૂ. 2.31 લાખ) અને ખંભાત-રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કલ્પતરુ પ્રોજેક્ટની લાઈનમાંથી 450 મીટર વાયરની ચોરી (કિંમત રૂ. 1.55 લાખ)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, તારાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જેટકોની 400 KV લાઈનમાંથી અંદાજે 9 કિલોમીટર લાંબા વાયરની ચોરી (કિંમત રૂ. 4.75 લાખ) અને કાનાવાડા સીમમાંથી અંદાજે 3084 મીટર 'Zebra Conductor' વાયરની ચોરી (કિંમત રૂ. 4.70 લાખ) પણ કબૂલી છે.

આ કામગીરીમાં LCB પી. આઈ. એચ.આર. બ્રહ્મભટ્ટ, ASI જલમસિંહ, દિલીપભાઈ, હેડ કોન્સ્ટેબલ રણવીરસિંહ, પ્રમેશકુમાર, દેવેન્દ્રસિંહ અને બહાદુરભાઈ જોડાયા હતા.

# રાજ્યમાં એક સાથે 153 કોન્સ્ટેબલની બદલી: લાંબા સમયથી રાહ જોતા પોલીસકર્મીઓ માટે મોટા સમાચાર, સિનિયોરિટી જતી કરવાની શરતે બદલી કરાઈ

**ગાંધીનગર, તા.10**

રાજ્યના પોલીસ બેડામાં અત્યાર સુધીની સૌથી મોટી સામૂહિક બદલી કરવામાં આવી છે. રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા કુલ 153 પોલીસ કોન્સ્ટેબલોની એકસાથે બદલીના આદેશ બહાર પાડવામાં આવ્યા છે. આ બદલી લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા કર્મચારીઓ માટે રાહતરૂપ બની છે.

આ બદલી કર્મચારીઓની સ્વ-વિનંતી અને સિનિયોરિટી જતી કરવાની શરતે કરવામાં આવી હોવાનું જણાવાયું છે. અલગ અલગ જિલ્લાઓમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલોને હવે નવી જગ્યાએ ફરજ સોંપવામાં આવશે.

આ સમગ્ર બદલી પ્રક્રિયાના આદેશ અધિક પોલીસ મહાનિર્દેશક (વહીવટ) વિભાગના વડા ખુરશીદ અહેમદ દ્વારા આપવામાં આવ્યા છે. પોલીસ તંત્રમાં વહીવટી વ્યવસ્થા સુદ્રઢ બને અને કર્મચારીઓની માંગણીઓને ધ્યાને લઈ આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યના પોલીસ બેડામાં થયેલી આ મોટી સામૂહિક બદલીને કારણે આવનારા દિવસોમાં જિલ્લામાં પોલીસ વ્યવસ્થામાં નવી ગોઠવણી જોવા મળશે.

# મેસેજ કરવા બદલ છૂટા કરાયેલા કર્મચારીનો હુમલો: મેનેજરને કંપનીની સામે આંતરી લાકડી વડે માર માર્યો...




**નડિયાદ, તા.10**

ખેડાના વાવડી ગામે એક કંપનીના એચ.આર. મેનેજર પર હુમલો થયો છે. મહિલા કર્મચારીને મેસેજ કરવા બદલ નોકરીમાંથી છૂટા કરાયેલા પૂર્વ કર્મચારીએ તેના ત્રણ મિત્રો સાથે મળીને મેનેજરને લાકડાના દંડા વડે માર માર્યો હતો. આ ઘટના સોમવારે સાંજે બની હતી.

અમદાવાદના યશ ધવન વડાલા ખાતેની શેડોફેક્સ કંપનીમાં એચ.આર. મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતી એક મહિલા કર્મચારીએ ફરિયાદ કરી હતી કે લેબર કિશન નટુભાઈ ગોહેલ તેને મેસેજ કરીને પરેશાન કરતો હતો. આ ફરિયાદના આધારે મેનેજરે કિશનને નોકરી પરથી દૂર કર્યો હતો.

નોકરીમાંથી છૂટા કરાતા કિશન ગુસ્સે ભરાયો હતો. સોમવારે સાંજે મેનેજર યશ ધવન કંપનીની સામે ચા પીવા ઊભા હતા ત્યારે કિશને તેના ત્રણ મિત્રો, માતર ગામના વિક્રમ સોઢા પરમાર, ચિરાગ લુહારિયા અને મહેશ સોઢા પરમાર સાથે મળીને તેમના પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

લાકડાના દંડા વડે માર મારવાના કારણે મેનેજરને હાથ અને પીઠના ભાગે ઈજાઓ થઈ હતી. તેમને બચાવવા આવેલા અન્ય બે કર્મચારીઓને પણ આરોપીઓએ ઈજા પહોંચાડી હતી. ઘટના બાદ તાત્કાલિક 112 પર ફોન કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત મેનેજરને હોસ્પિટલ લઈ જવાયા હતા. ખેડા ટાઉન પોલીસે કિશન ગોહેલ સહિત ચારેય આરોપીઓ સામે ગાળો બોલવા, માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓના શોષણના કેસો વધ્યા: 2025માં વિશ્વભરમાં 350 ફરિયાદો નોંધાઈ, જેમાંથી 200 રશિયામાં નોંધાયા

**મોસ્કો, તા.10**

રશિયાની એક યુનિવર્સિટી હોસ્ટેલમાં 7 ફેબ્રુઆરીના રોજ છરીથી કરવામાં આવેલા હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. આ ઘટના પછી ત્યાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સમસ્યાઓ ફરીથી ચર્ચામાં આવી ગઈ.

આ દરમિયાન વિદેશ મંત્રાલયના આંકડાઓ પરથી જાણવા મળ્યું છે કે દુનિયાભરમાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી શોષણ અને જાતિગત ભેદભાવની ફરિયાદોમાંથી અડધાથી વધુ કેસ રશિયાના છે.

આંકડાઓ મુજબ, વર્ષ 2025માં 196 દેશોમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓએ શોષણ, અત્યાચાર અને જાતિગત ભેદભાવ સંબંધિત લગભગ 350 ફરિયાદો નોંધાવી હતી. તેમાંથી 200થી વધુ ફરિયાદો ફક્ત રશિયામાંથી આવી હતી.

છેલ્લા ત્રણ વર્ષમાં આ કેસોમાં ઝડપથી વધારો થયો છે. વર્ષ 2023માં આવી 68 ફરિયાદો નોંધાઈ હતી. 2024માં આ સંખ્યા વધીને 78 થઈ ગઈ અને 2025માં વધીને 201 સુધી પહોંચી ગઈ.



રશિયામાં અભ્યાસ કરતા મોટાભાગના ભારતીય મેડિકલ વિદ્યાર્થીઓ રાજસ્થાન, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને તમિલનાડુથી આવે છે. ઓછી ફી અને સરળતાથી પ્રવેશ મળવાને કારણે રશિયા લાંબા સમયથી મેડિકલનો અભ્યાસ કરનારાઓની પ્રથમ પસંદગી રહ્યું છે.

જોકે, હવે ત્યાંથી સતત ફરિયાદો આવવા લાગી છે, જેના કારણે વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ચિંતા વધી ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિદ્યાર્થીઓનું કહેવું છે કે તેમને અવારનવાર અન્ય દેશોના વિદ્યાર્થીઓ તરફથી ભેદભાવનો સામનો કરવો પડે છે.

ઘણીવાર યુનિવર્સિટી પણ તેમને માનસિક રીતે પરેશાન કરે છે અને નાની-નાની બાબતો પર કોલેજમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવે છે. વિઝા અને અભ્યાસ સંબંધિત મુશ્કેલીઓના ડરથી ઘણા વિદ્યાર્થીઓ પોતાની પરેશાની ખુલ્લેઆમ જણાવી પણ શકતા નથી.

મોસ્કોની બશ્કિર સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરી ચૂકેલા એક વિદ્યાર્થીએ મીડિયાને જણાવ્યું કે તેમના હોસ્ટેલની રસોઈમાં સામાન્ય બોલાચાલી પછી કેટલાક વિદેશી વિદ્યાર્થીઓએ ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો અને છરી બતાવીને ડરાવ્યા હતા.

ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ સાથે સંકળાયેલા સંગઠનોનું કહેવું છે કે રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે અવારનવાર જાતિગત ભેદભાવ થાય છે. ઘણીવાર તેમની સાથે ગાળાગાળી પણ કરવામાં આવે છે અને જ્યારે તેઓ ફરિયાદ કરે છે ત્યારે યુનિવર્સિટી તરફથી તેમને યોગ્ય મદદ મળતી નથી.

વિદ્યાર્થીઓએ જણાવ્યું કે નિયમો અનુસાર એક યુનિવર્સિટીમાં લગભગ 200 વિદેશી વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવો જોઈએ, પરંતુ કેટલીક યુનિવર્સિટીઓ તેનાથી ક્યાંય વધુ, 1,200થી પણ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે.

પછીથી આ જ વિદ્યાર્થીઓને, ઘણીવાર છઠ્ઠા વર્ષમાં પણ અભ્યાસમાંથી બહાર કરી દેવામાં આવે છે. આનાથી વિદ્યાર્થીઓને ભારે આર્થિક નુકસાન થાય છે અને તેઓ માનસિક તણાવમાં પણ આવી જાય છે.

પરિસ્થિતિ બગડવાને કારણે હવે ઘણા ભારતીય વિદ્યાર્થીઓ રશિયાને બદલે કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાન જેવા દેશોમાં અભ્યાસ કરવાનું વધુ સુરક્ષિત માની રહ્યા છે.

ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મનોજ કુમારે મીડિયાને જણાવ્યું કે આ બધી મુશ્કેલીઓના કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં રશિયા જનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા 50% ઘટી ગઈ છે. તેમણે એમ પણ કહ્યું કે 2022માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા પછીથી સુરક્ષા અને અભ્યાસને લઈને અનિશ્ચિતતા વધી છે, જેનાથી વિદ્યાર્થીઓનો વિશ્વાસ વધુ ઘટ્યો છે.

આ જ મુદ્દે લોકસભામાં સવાલ પૂછવામાં આવતા વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું કે વિદેશોમાં ભારતીય વિદ્યાર્થીઓ અને કામદારોની મદદ માટે ભારતીય દૂતાવાસોમાં ખાસ અધિકારીઓ તહેનાત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે દૂતાવાસ સતત વિદ્યાર્થીઓના સંપર્કમાં રહે છે, તેમને ત્યાંના પડકારો અને જોખમો વિશે જણાવે છે અને વરિષ્ઠ અધિકારીઓ વિદેશી યુનિવર્સિટીઓમાં જઈને ભારતીય વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત પણ કરે છે.

# ઈરાન સાથે દુશ્મનાવટ મામલે ઈઝરાયલે હવે અમેરિકાને જ આપી ધમકી! કહ્યું- અમે એકલા હાથે કરીશું હુમલો...

**તેલઅવિવ, તા.10**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા તણાવને કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકા દ્વારા ઈરાનને વારંવાર લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી રહી છે, જે દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ 11 ફેબ્રુઆરી, 2026ના રોજ વોશિંગ્ટનની મુલાકાતે જઈ રહ્યા છે.

ઈઝરાયલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ઈરાન તેની બેલિસ્ટિક મિસાઈલની નિર્ધારિત 'રેડ લાઈન' ઓળંગશે, તો ઈઝરાયલ અમેરિકાની મદદ વગર પણ એકલે હાથે તેહરાન પર સૈન્ય હુમલો કરી શકે છે. ઈઝરાયલના રક્ષા અધિકારીઓનું માનવું છે કે ઈરાનનો આક્રમક મિસાઈલ કાર્યક્રમ તેમના અસ્તિત્વ માટે મોટો ખતરો છે, તેથી તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરવા તૈયાર નથી.

ઈઝરાયલને એવી ચિંતા સતાવી રહી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ ઈરાન પર માત્ર મર્યાદિત લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ પસંદ કરી શકે છે, જે રીતે યમનમાં હુતી બળવાખોરો સામે કરવામાં આવી



હતી. અધિકારીઓનું કહેવું છે કે જો અમેરિકા માત્ર જૂજ ટાર્ગેટ પર હુમલો કરીને સંતોષ માની લેશે, તો ઈરાનની મુખ્ય સૈન્ય અને મિસાઈલ ક્ષમતા સુરક્ષિત રહેશે અને તેનો ભોગ અંતે ઈઝરાયલને બનવું પડશે. આ ગંભીર ચર્ચાઓ વચ્ચે ઈઝરાયલની વાયુસેનાના ભાવિ કમાન્ડર બ્રિગેડિયર જનરલ ઓમર ટિશલર પણ નેતન્યાહુ સાથે અમેરિકા જશે, જે આક્રમક રણનીતિના સંકેત આપે છે.

બીજી તરફ, ઓમાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીતમાં કોઈ નક્કર પરિણામ આવતું દેખાતું નથી. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે તેહરાન બેલિસ્ટિક મિસાઈલો અથવા તેમના પ્રાદેશિક સંગઠનો(પ્રોક્સી ગ્રુપ્સ) મુદ્દે કોઈ ચર્ચા કરશે નહીં. ઈરાને પોતાના પરમાણુ પ્રોજેક્ટને કાયમી ધોરણે બંધ કરવાની માંગ પણ ફગાવી દીધી છે.

આ તણાવ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈએ જનતાને સંબોધતા કહ્યું છે કે, 'રાષ્ટ્રની સાચી તાકાત માત્ર મિસાઈલોમાં જ નહીં, પરંતુ દુશ્મનને જડબાતોડ જવાબ આપવાના મક્કમ નિર્ધારમાં છે.' બુધવારે ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિની ઉજવણી માટે રેલીઓ યોજાવાની છે, જેની પૂર્વસંધ્યાએ આ નિવેદન પશ્ચિમના દેશો માટે મોટો પડકાર માનવામાં આવે છે.

# અમેરિકામાં રસ્તા વચ્ચે જ પ્લેનનું ક્રેશ લેન્ડિંગ, અનેક ગાડીઓ સાથે અથડાયું, પાઈલટે આપ્યો હતો મેડે કોલ

**વોશિંગ્ટન, તા.10**

અમેરિકાના જોર્જિયામાં એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે. જોર્જિયાના ગેન્સવિલેમાં રસ્તા વચ્ચે જ એક પ્લેનનું ઈમર્જન્સી લેન્ડિંગ થયું. ક્રેશ લેન્ડિંગ પછી આ નાનું પ્લેન રોડ વચ્ચે અનેક ગાડીઓ સાથે અથડાયું. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે પોલીસે જણાવ્યું હતું કે આ સિંગલ એન્જિનવાળું પ્લેન હતું અને તેણે બ્રાઉન્સ બ્રિજ રોડ અને પર્લ નિક્સ પાર્કવે પર ઈમર્જન્સી લેન્ડિંગ કર્યું હતું. રિપોર્ટ પ્રમાણે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન(FAA)એ કહ્યું હતું કે હોકર બીચક્રાફ્ટ બીઈ-36 ઉડાવી રહેલા પાઈલટે બપોરે 12.10 વાગ્યા આસપાસ એન્જિનમાં સમસ્યાની જાણકારી આપી હતી.



અમેરિકાના રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા બોર્ડ(NTSB)ના જણાવ્યા પ્રમાણે, આ પ્લેન ગેન્સવિલેના લી ગિલ્મર મેમોરિયલ એરપોર્ટથી રવાના થયું અને એ કેન્ટનમાં ચેરોકી કાઉન્ટીના રીજનલ એરપોર્ટ માટે જઈ રહ્યું હતું. NTSBએ જણાવ્યું હતું કે પ્લેનના એન્જિનમાં ખરાબી આવી ગઈ અને એમાં હવામાં ઉડાન માટે જરૂરી બળ હતું નહીં. આ કારણે એને રોડ પર જ ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું. રોડ બિઝી હતો એટલે એના ઉપર ગાડીઓની અવરજવર વધારે હતી. ઈમર્જન્સી લેન્ડિંગ બાદ પ્લેને ત્રણ વાહનને ટક્કર મારી હતી.

NTSBએ કહ્યું, ઉડાન ભર્યાના થોડા સમય પછી જ પાઈલટને એન્જિનમાં ગડબડની જાણ થઈ અને એને ફરી ગેન્સવિલે તરફ પાછા ફરીને ત્યાં લેન્ડ કરવાનો નિર્ણય કર્યો. અટલાન્ટા ન્યૂઝ ફર્સ્ટના રિપોર્ટ પ્રમાણે એક ટ્રાફિક કંટ્રોલને મળેલા ઓડિયોમાં પ્લેનના પાઈલને મદદ માટે બૂમો પાડતા સાંભળવામાં આવ્યા. તેમણે કહ્યું, મે ડે, મે ડે, મે ડે...ગેન્સવિલે.

ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં પ્લેનને ખૂબ જ બિઝી રોડ પર લેન્ડ થતા અને અનેક વાહનો સાથે અથડાતા જોઈ શકાય છે. પોલીસે જણાવ્યું કે આ દુર્ઘટનામાં અનેક લોકોને સામાન્ય ઈજાઓ થઈ છે.લેન્ડિંગ પછી પ્લેનની જમણી વિંગ એક વાહન સાથે અથડાઈ અને પ્લેનનું ફ્યૂઅલ ટેંક SUVમાં ઘૂસી ગઈ હતી.

# ભારત પર અમારી પાસેથી તેલ ન ખરીદવાનું દબાણ : રશિયા

## અમેરિકા એનર્જી સપ્લાય પર કંટ્રોલ રાખવા માંગે છે, જેથી દુનિયાના દેશો તેમની પાસેથી મોંઘો ગેસ ખરીદે

**મોસ્કો, તા.10**

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે અમેરિકા પર આરોપ લગાવ્યો છે કે તે ભારત જેવા દેશો પર દબાણ બનાવી રહ્યું છે જેથી તેઓ રશિયા પાસેથી સસ્તું તેલ ન ખરીદે. લવરોવે કહ્યું કે અમેરિકા ઈચ્છે છે કે દુનિયાનો ઊર્જા પુરવઠો તેના નિયંત્રણમાં રહે અને દેશો મજબૂર થઈને મોંઘો અમેરિકી ગેસ ખરીદે. તેમણે આ વાતો 9 ફેબ્રુઆરીએ ડિપ્લોમેટિક વર્કર્સ ડેના અવસરે કહી.


લવરોવે કહ્યું કે અમેરિકાએ ડોલરનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. રશિયાની વિદેશમાં રાખેલી સંપત્તિઓને ફ્રીઝ કરી દેવામાં આવી છે અને રશિયા વિરુદ્ધ સતત પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું કે ટ્રમ્પ સરકાર યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાની વાત તો કરે છે, પરંતુ જે પ્રતિબંધો પહેલા લગાવવામાં આવ્યા હતા, તે હજુ પણ ચાલુ છે. રશિયા મુજબ, યુક્રેન પર સહમતિ બન્યા પછી પણ અમેરિકા નવા પ્રતિબંધો લગાવતું રહ્યું.

રશિયન વિદેશ મંત્રીએ કહ્યું કે અમેરિકા ભારત અને અન્ય BRICS દેશો પર દબાણ કરી રહ્યું છે કે તેઓ રશિયાથી અંતર રાખે. રશિયાની તેલ કંપનીઓ લુકોઈલ અને રોસનેફ્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને રશિયાના વેપાર અને રોકાણને મર્યાદિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બધી ખોટી અને અયોગ્ય રીતો છે.

તેમણે કહ્યું કે દુનિયા હવે ઝડપથી બદલાઈ રહી છે. પહેલા અમેરિકા આખી દુનિયાની અર્થવ્યવસ્થા અને નાણાકીય સિસ્ટમ પર પ્રભુત્વ ધરાવતું હતું અને ડોલર દ્વારા પોતાની તાકાત બતાવતું હતું, પરંતુ હવે તેની પકડ નબળી પડી રહી છે.

જ્યારે ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો ઝડપથી આગળ વધી રહ્યા છે. આફ્રિકાના દેશો પણ હવે માત્ર કાચો માલ વેચવાને બદલે પોતાના દેશમાં ઉદ્યોગો સ્થાપવા માંગે છે.



ભારતની BRICS અધ્યક્ષતા પર લવરોવે કહ્યું કે ભારત જે મુદ્દાઓને આગળ વધારી રહ્યું છે, તે આજની જરૂરિયાતો સાથે જોડાયેલા છે. આતંકવાદ સામેની લડાઈ, ખાદ્ય અને ઊર્જા સુરક્ષા, ટેકનોલોજી અને AI જેવા વિષયો મહત્વના છે.

તેમણે જણાવ્યું કે ભારત ફેબ્રુઆરીમાં AI પર એક મોટી બેઠક યોજવાનું છે, જેમાં રશિયા પણ સામેલ થશે. રશિયાનું કહેવું છે કે AI ને લઈને નિયમો એવા હોવા જોઈએ, જેમાં દરેક દેશની આઝાદી જળવાઈ રહે અને કોઈ એક દેશ બાકીના દેશો પર હુકમ ન ચલાવે.

લાવરોવે કહ્યું કે પશ્ચિમી દેશો પોતાની જૂની પકડ છોડવા માંગતા નથી. ટ્રમ્પ સરકાર આવ્યા પછી તે વધુ સ્પષ્ટ થઈ ગયું છે કે અમેરિકા ઊર્જા ક્ષેત્રે આખી દુનિયા પર નિયંત્રણ રાખવા માંગે છે અને પોતાના હરીફોને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે આ પરિસ્થિતિઓની અસર રશિયાના અન્ય દેશો સાથેના સંબંધો પર પણ પડી રહી છે. રશિયા પર વિવિધ પ્રકારના પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે. ખુલ્લા સમુદ્રમાં રશિયન જહાજોને રોકવામાં આવી રહ્યા છે, જે આંતરરાષ્ટ્રીય નિયમો વિરુદ્ધ છે. કેટલાક દેશોને રશિયન તેલ અને ગેસ ખરીદવા પર ટેરિફ પણ ચૂકવવો પડી રહ્યો છે.

લાવરોવે કહ્યું કે રશિયા માટે સૌથી મહત્વની વાત એ છે કે દેશ સુરક્ષિત રહે અને આગળ વધતો રહે. તેમણે આરોપ લગાવ્યો કે યુરોપમાં કેટલાક નેતાઓ ખુલ્લેઆમ રશિયા વિરુદ્ધ યુદ્ધની વાત કરી રહ્યા છે.

રશિયાનું કહેવું છે કે તેની સુરક્ષા માટે તે જરૂરી છે કે યુક્રેનની જમીન પરથી તેને કોઈ ખતરો ન હોય અને ક્રિમિયા, ડોનબાસ અને નોવોરોસિયામાં રહેતા રશિયન અને રશિયન ભાષા બોલતા લોકોની સુરક્ષા તેની જવાબદારી છે.

BRICS અંગે લવરોવે કહ્યું કે ઈન્ડોનેશિયાના જોડાવાથી આ જૂથ વધુ મજબૂત બન્યું છે. રશિયા IMF, વર્લ્ડ બેંક અને WTO ને ખતમ કરવા માંગતું નથી, પરંતુ ઈચ્છે છે કે ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓને આ સંસ્થાઓમાં તેમનો યોગ્ય હક મળે. પશ્ચિમી દેશો તેનો વિરોધ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું કે આ જ કારણોસર રશિયા અને BRICS દેશો મળીને નવા રસ્તાઓ શોધી રહ્યા છે. જેમાં પોતાની-પોતાની કરન્સીમાં વેપાર કરવો, નવી પેમેન્ટ સિસ્ટમ બનાવવી, રોકાણની નવી પદ્ધતિઓ અને અનાજ માટે અલગ બજાર તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

લવરોવે સ્પષ્ટ કર્યું કે તેનો હેતુ કોઈની વિરુદ્ધ જવાનો નથી, પરંતુ પોતાને એકતરફી દબાણથી બચાવવાનો છે.

# શબાના મહેમૂદ? જે બની શકે છે યુકેના પ્રથમ મુસ્લિમ મહિલા PM, PoK સાથે છે નાતો.....

**લંડન, તા.10**

બ્રિટનના રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન કીર સ્ટાર્મર સામે એપસ્ટિન ફાઈલ વિવાદ અને આંતરિક વિરોધ વધતા નેતૃત્વ પરિવર્તનની ચર્ચાઓ તેજ બની છે. આ સ્થિતિમાં સૌથી વધુ જે નામ ચર્ચાઈ રહ્યું છે તે છે શબાના મહમૂદ. જો કીર સ્ટાર્મર રાજીનામું આપે, તો શબાના મહમૂદ બ્રિટનના પ્રથમ મુસ્લિમ મહિલા વડાપ્રધાન બનીને ઈતિહાસ રચી શકે છે. હાલમાં તેઓ બ્રિટનના હોમ સેક્રેટરી(ગૃહ સચિવ) તરીકે કાર્યરત છે અને લેબર પાર્ટીના શક્તિશાળી નેતા ગણાય છે.



શબાના મહમૂદનો જન્મ બર્મિંગહામમાં થયો હતો અને તેમનો પરિવાર મૂળ પાકિસ્તાનના મીરપુર સાથે સંબંધ ધરાવે છે. તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો છે અને તેઓ વ્યવસાયે બેરિસ્ટર રહી ચૂક્યા છે. વર્ષ 2010માં તેઓ બ્રિટિશ સંસદમાં ચૂંટાયા હતા અને પ્રથમ મહિલા મુસ્લિમ સાંસદોમાંથી એક બન્યા હતા. તેઓ કીર સ્ટાર્મરના નજીકના સાથી માનવામાં આવે છે અને પાર્ટીમાં જમણેરી વિચારધારા તરફ ઝુકાવ ધરાવે છે. ખાસ કરીને 2025માં હોમ ઓફિસ સંભાળ્યા બાદ તેમની રાષ્ટ્રીય ઓળખ વધુ મજબૂત બની છે.

નેતૃત્વની આ ચર્ચાઓ પાછળનું મુખ્ય કારણ બ્રિટિશ સરકારમાં સર્જાયેલી કટોકટી છે. અમેરિકન ફાઈનાન્સર જેફરી એપસ્ટિન અને વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર પીટર મેન્ડલસન વચ્ચેના સંબંધો જાહેર થતા લેબર પાર્ટીમાં વિખવાદ વધ્યો છે. વડાપ્રધાનના ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેકસ્વીનીએ રાજીનામું આપ્યું છે અને સ્ટાર્મરની લોકપ્રિયતામાં પણ ઘટાડો થયો છે. આ સંજોગોમાં શબાના મહમૂદ વડાપ્રધાન પદ માટેના પ્રબળ દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે.

શબાના મહમૂદની નીતિઓ, ખાસ કરીને માઈગ્રેશન(સ્થળાંતર) અંગેના તેમના કડક વલણે તેમને ચર્ચામાં રાખ્યા છે. તેમણે કાયમી રહેઠાણ માટેના સમયગાળાને 5 વર્ષથી વધારીને 10 વર્ષ કરવાની દરખાસ્ત મૂકી છે, જેનો તેમની પોતાની જ પાર્ટીના અનેક સાંસદોએ વિરોધ કર્યો છે. આ ઉપરાંત, તેમણે પોલીસ દળમાં ફેસિયલ રેકગ્નિશન ટેકનોલોજીના ઉપયોગનું પણ સમર્થન કર્યું છે. અત્યારે બુકમેકર્સ અને રાજકીય વિશ્લેષકો તેમને વડાપ્રધાન પદની રેસમાં અગ્રેસર માની રહ્યા છે, જોકે એન્જેલા રેનર અને વેસ સ્ટ્રીટિંગ જેવા અન્ય નેતાઓ પણ આ રેસમાં સામેલ છે.

# એપસ્ટિન ફાઈલ્સના કારણે યુકેના રાજકારણમાં ભૂકંપ! રાજીનામાંની અટકળો વચ્ચે PM સ્ટાર્મરનું મોટું નિવેદન

**લંડન, તા.10**

બ્રિટનના રાજકારણમાં અત્યારે ભારે ખળભળાટ મચી ગયો છે. વડાપ્રધાન કીર સ્ટાર્મર કુખ્યાત ગુનેગાર જેફરી એપ્સ્ટિન સાથે જોડાયેલા વિવાદને કારણે ચોતરફથી દબાણમાં છે. આ વિવાદ વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર તરીકે પીટર મેન્ડલસનની નિમણૂકને લઈને શરૂ થયો છે, કારણ કે મેન્ડલસનના એપ્સ્ટિન સાથેના સંબંધોના દસ્તાવેજો સામે આવ્યા છે.

આ મામલે સ્ટાર્મરે પહેલા માફી માંગી હતી અને સાંસદો પાસે કાર્યકાળ પૂરો કરવા માટે સમર્થન માંગ્યું હતું, પરંતુ હવે તેમના સૂર બદલાયા છે. તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે તેઓ વડાપ્રધાન પદ



પરથી રાજીનામું નહીં આપે અને છેલ્લા શ્વાસ સુધી આ વિવાદ સામે લડત આપશે.

જોકે, લેબર પાર્ટીની અંદરથી જ સ્ટાર્મર સામે બળવો ફાટી નીકળ્યો છે. અનેક સાંસદો અને સ્કોટલેન્ડમાં પાર્ટીના નેતા એનાસ સરવરે પણ નેતૃત્વ પરિવર્તનની માંગ કરી છે. વિરોધ પક્ષો પણ કહી રહ્યા છે કે સ્ટાર્મરના ખોટા નિર્ણયોને કારણે દેશની સાખને નુકસાન થયું છે. આ દબાણ વચ્ચે સ્ટાર્મરે બંધ બારણે બેઠક યોજી હતી, જેમાં તેમણે આક્રમક રીતે કહ્યું હતું કે તેઓ કોઈ પણ સંજોગોમાં મેન્ડેટથી પાછળ હટશે નહીં. આ બેઠક બાદ ડેપ્યુટી પીએમ ડેવિડ લેમી અને વિદેશ મંત્રી યવેટ કૂપર જેવા મોટા નેતાઓએ જાહેરમાં સ્ટાર્મરને ટેકો જાહેર કર્યો છે.

બીજી તરફ, આ વિવાદની ગંભીરતાને જોતા પોલીસ હવે પીટર મેન્ડલસન વિરુદ્ધ જાહેર પદના દુરુપયોગના શંકાસ્પદ આરોપો હેઠળ તપાસ કરી રહી છે. વડાપ્રધાનના નજીકના સાથી અને ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેકસ્વીનીએ પહેલેથી જ આ નિમણૂકની જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દીધું છે. સ્ટાર્મરે એપ્સ્ટિનના પીડિતોની માફી માંગી છે અને નિમણૂક સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર કરવાનું વચન આપ્યું છે.

# હિમંતા શૂટિંગ વીડિયો વિવાદ- સુપ્રીમ કોર્ટ સુનવણી માટે તૈયાર: CJIએ કહ્યું- ચૂંટણીઓ આવતા જ કોર્ટ પણ રાજકારણનો ભાગ બની જાય છે

**નવી દિલ્હી, તા.10**

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના વિવાદાસ્પદ વીડિયોને લઈને CPI(M) અને CPIના નેતાઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટે આ અરજીને સુનવણી માટે સૂચિબદ્ધ કરવા સંમતિ દર્શાવી છે.

વીડિયોમાં મુખ્યમંત્રી મુસ્લિમ લોકો તરફ રાઈફલ તાકીને ઊભેલા દેખાઈ રહ્યા હતા. આ વીડિયોના આધારે ડાબેરી નેતાઓએ મુખ્યમંત્રી વિરુદ્ધ કાર્યવાહીની માગ કરી છે.

સિનિયર વકીલ નિઝામ પાશાએ મંગળવારે આ મામલો ચીફ જસ્ટિસ સૂર્યકાંત સમક્ષ રજૂ કર્યો. તેમણે કહ્યું કે આસામના વર્તમાન મુખ્યમંત્રીના ભાષણો અને તાજેતરમાં સામે આવેલા વીડિયોને લઈને સુપ્રીમ કોર્ટના તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે.

નિઝામ પાશાએ એ પણ જણાવ્યું કે આ મામલે સંબંધિત અધિકારીઓને ફરિયાદો આપવામાં આવી છે, પરંતુ અત્યાર સુધી કોઈ પણ ફરિયાદ પર FIR દાખલ કરવામાં આવી નથી.

જસ્ટિસ સૂર્યકાંતે એમ પણ કહ્યું કે કોર્ટ આ અરજી પર સુનવણી માટે તારીખ નક્કી કરશે. સુપ્રીમ કોર્ટે CPI(M) અને CPI નેતાઓની અરજીને સુનવણી માટે સૂચિબદ્ધ કરવા સંમતિ આપી છે. અરજીમાં આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા વિરુદ્ધ કાર્યવાહીની માગ કરવામાં આવી છે.

ખરેખર, 8 જાન્યુઆરીએ કોંગ્રેસે દાવો કર્યો હતો કે આસામ ભાજપના X હેન્ડલ પરથી એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા મુસ્લિમોને ગોળી મારતા દેખાઈ રહ્યા છે. કોંગ્રેસે કહ્યું કે આ વીડિયો લઘુમતીઓની લક્ષિત પોઈન્ટ-બ્લેન્ક હત્યાને પ્રોત્સાહન આપવા જેવો છે. કોંગ્રેસનો દાવો છે કે વીડિયો ડિલીટ કરી દેવામાં આવ્યો છે.



કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતના X હેન્ડલ પર દેખાઈ રહેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા કથિત રીતે એક રાઈફલથી નિશાન તાકતા અને બે લોકો પર ગોળી ચલાવતા દેખાઈ રહ્યા હતા. નિશાનમાં દેખાઈ રહેલી તસવીરમાં એકે ટોપી પહેરી હતી અને બીજાની દાઢી હતી. તેનું કેપ્શન પોઈન્ટ-બ્લેન્ક શોટ હતું.

શ્રીનેત દ્વારા શેર કરાયેલા વીડિયોમાં આસામની ભારતીય જનતા પાર્ટીનું X એકાઉન્ટ દેખાઈ રહ્યું છે. કોંગ્રેસ પ્રવક્તાએ લખ્યું - આ જ છે અસલી ભાજપ: સામૂહિક હત્યારાઓ. આ ઝેર, નફરત અને હિંસા તમારા પર છે, મિસ્ટર મોદી. તેમણે પૂછ્યું કે શું અદાલતો અને અન્ય સંસ્થાઓ સૂઈ રહી છે?

વીડિયો વાઈરલ થયા પછી, સંગઠનના પ્રભારી કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલે આ મુદ્દે ભાજપની ટીકા કરી. વેણુગોપાલે X પર કહ્યું - એક સત્તાવાર ભાજપ હેન્ડલે એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં લઘુમતીઓની લક્ષિત, પોઈન્ટ-બ્લેન્ક હત્યા દર્શાવવામાં આવી છે.

તેમણે કહ્યું કે આ નરસંહારનું આહ્વાન કરવા સિવાય બીજું કંઈ નથી. એક એવું સ્વપ્ન જેને આ ફાસીવાદી શાસન દાયકાઓથી પાળી રહ્યું છે.

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ 27 જાન્યુઆરીએ કહ્યું હતું કે રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) માં 4 થી 5 લાખ મિયા મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે હિમંત બિસ્વા સરમા અને ભાજપ સીધા મિયા સમુદાયની વિરુદ્ધ છે. તેમણે લોકોને મિયા સમુદાયને પરેશાન કરવાની અપીલ કરી. તેમનું કહેવું હતું કે જ્યાં સુધી તેમને પરેશાની નહીં થાય, ત્યાં સુધી તેઓ આસામ છોડશે નહીં. મિયા એ બંગાળી ભાષી મુસ્લિમો માટે વપરાતો અપમાનજનક શબ્દ છે. આસામના મુખ્યમંત્રીના મતે, તેઓ મૂળ નિવાસીઓના સંસાધનો, નોકરીઓ અને જમીન પર કબજો કરી રહ્યા છે. તિનસુકિયા જિલ્લાના ડિગબોઈમાં એક કાર્યક્રમ પછી પત્રકારો સાથે વાત કરતા સરમાએ કહ્યું કે વોટ ચોરીનો અર્થ એ છે કે અમે કેટલાક મિયા વોટ ચોરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આદર્શ રીતે, તેમને આસામમાં વોટ આપવાની મંજૂરી ન હોવી જોઈએ, પરંતુ બાંગ્લાદેશમાં વોટ આપવો જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું કે, અમે સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે તેઓ આસામમાં વોટ ન આપી શકે.

હેમંત બિસ્વા સરમાએ આગળ કહ્યું હતું કે જે કોઈ પણ મિયાને કોઈપણ રીતે પરેશાન કરી શકે, તે કરે. તમે પણ આમાં સામેલ છો. રિક્ષામાં જો ભાડું 5 રૂપિયા હોય, તો તેમને 4 રૂપિયા આપો. જ્યાં સુધી તેમને મુશ્કેલી નહીં થાય, ત્યાં સુધી તેઓ આસામ નહીં છોડે.

## તંત્રી લેખ

# રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓની સલામતી માટે કેન્દ્ર સમક્ષ માગણી

દરેક દેશ પોતાના નાગરિકોને વધુ મહત્ત્વ આપે તે સ્વાભાવિક છે. 'અમેરિકા ફર્સ્ટ' કહેનાર ડોનાલ્ડ ટ્રમ્પે અનેક દેશોને પોતાના નાગરિકોને પ્રાધાન્ય આપવા વિશે વિચારતા કરી દીધા છે. અમેરિકામાં ભારતીયો પ્રત્યે નફરતભર્યા વ્યવહારના અહેવાલો અનેક વાર જોવા મળે છે.

ભારતના વિદ્યાર્થીઓ મેડિકલનું એજ્યુકેશન મેળવવા વિવિધ દેશોમાં જાય છે. ભારતની મેડિકલ કોલેજોમાં પ્રવેશ ન મળે ત્યારે તેઓ વિદેશમાં જઈને ડિગ્રી મેળવી લે છે. વિદેશમાં ભારતીય વિદ્યાર્થાઓને કોઈ સ્પેશયલ ટ્રીટમેન્ટ નથી મળતી. તેમની સલામતી માટે કોઈ વિશેષ વ્યવસ્થા નથી થતી. કોલેજોને મૂળ તો કમાણીમાં રસ હોય છે.

ગયા અઠવાડિયે રશિયામાં મેડિકલનું ભણતા ચાર ભારતીય વિદ્યાર્થીઓ પર ચાકુથી હુમલો કરાયાના ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. રશિયાના ઉફા શહેરમાં આવેલી બશ્કિર સ્ટેટ યુનિવર્સિટીમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ રશિયાના કેટલાક લોકોની નફરતનો શિકાર બન્યા છે. ઓલઈન્ડિયા મેડિકલ સ્ટુડન્ટ એસોસિયેશને વડાપ્રધાનને પત્ર લખીને કહ્યું છે કે રશિયામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓની સલામતી માટે પગલાં લેવાની જરૂર છે.

આંકડાઓ પર નજર કરીએ તો વિશ્વના ૧૫૩ દેશોમાં ભારતના ૧૮ લાખ ૮૦ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. વિદેશ મંત્રાલયે સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૨૪માં ૧૩ લાખ ૩૦ હજાર વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ લેતા હતા. ત્યારબાદ ૨૦૨૫માં આ સંખ્યા ૭૬,૦૦૦ જેટલી ઘટી હતી.

ભારતના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે કેનેડા પસંદગીનો દેશ છે. કનેડામાં ભારતના ૪,૨૭,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. અમેરિકામાં ભારતના ૨,૫૫,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી માટે અમેરિકન યુનિવર્સિટીઓ પર પહેલી પસંદગી ઉતારાય છે. વિદેશમાં શિક્ષણ લેવા માટે કેનેડા ભારતના વિદ્યાર્થીઓમાં જોકે હોટ ફેવરીટ છે. કેનેડા પછી બીજી પસંદગી અમેરિકા અને યુ.કે.ની હોય છે. પછી ઓસ્ટ્રેલિયા,જર્મની, રશિયા, જ્યોર્જીયા અને કિર્ગિસ્તાનનો સમાવેશ થાય છે. મેડિકલ એજ્યુકેશન માટે રશિયા ફેવરિટ છે.

હવે ભારતમાં વિદેશની યુનિવર્સિટીઓનું એફિલીયેશન વધ્યા બાદ વિદેશમાં જઈને શિક્ષણ લેનારાની સંખ્યામાં ઘટાડો થયો છે. સંસદમાં જણાવ્યા અનુસાર ૨૦૨૨માં ૭,૫૦૩,૬૫ વિદ્યાર્થીઓ વિદેશમાં ભણતા હતા, જ્યારે તે સંખ્યા ૨૦૨૩માં વધીને ૮,૯૨,૯૮૯ પર પહોંચી હતી. જોકે ૨૦૨૪માં તે સંખ્યા ઘટી હતી.

રશિયામાં ભારતના વિદ્યાર્થીઓ પર હુમલો બહુ ચિંતાજનક કહી શકાય. અજાણ્યા દેશમાં સૌ સલામતી ઈચ્છે છે. આવું ક્યારેક થતું હોય છે એમ સમજીને આંખ મીંચીને બેસી રહેવા જેવું નથી. વિદ્યાર્થીઓના લોહીથી સાથિયાનું ચિન્હ (નાઝીનો સિમ્બોલ)દોરીને ગભરાટ ફેલાવવાની કોશિષ કરાઈ છે.

ગયા નવેમ્બરમાં ભારતના ૨૨વર્ષના વિદ્યાર્થી અજીત ચૌધરીનો મૃતદેહ મળી આવ્યો ત્યારે પણ વિવાદ થયો હતો. તે ૧૯ ઓક્ટોબરે ગુમ થયો હતો અને ત્યારબાદ ૬ નવેમ્બરે તેનો મૃતદેહ નદી નજીકથી મળી આવ્યો હતો. આવા કિસ્સામાં ડિપ્લોમેટીક પગલાં જરૂરી બની જાય છે. હુમલાગ્રસ્ત રશિયાની યુનિવર્સિટીનો સંપર્ક કરીનો વિદેશ મંત્રાલયે ભારતના વિદ્યાર્થીઓની સલામતી માટે કેવા પગલાંની જરૂર છે તેની જાણકારી આપવી પડશે. ભારતના વિદ્યાર્થીઓ માટે ઈમર્જન્સી હેલ્પ લાઈન ઉભી કરવા જણાવવું પડશે.

જે રીતે રશિયાની કોલેજમાં જાહેરમાં ચપ્પાબાજી થઈ છે તે દુનિયાભરના દેશોમાં ભણતા અન્ય વિદ્યાર્થીઓમાં પણ ડરની લાગણી ઊભી કરનારી છે. તેઓ રશિયામાં કે બીજા કોઈ પણ દેશમાં ખૂબ બધા પૈસા ખર્ચીને ભણવા ગયા છે. ભણતર જ તેમનો હેતુ છે. તેથી તેઓ ચુપચાપ અપમાન સહન કરીને ચાર વર્ષ કાઢી નાખે છે. વિદેશમાં ભણતા ભારતના અન્ય વિદ્યાર્થીઓ પોતાના સંતાનને વિદેશમાં ભણવા મોકલતા વાલીઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ભારત અને રશિયાના વડાઓ વચ્ચે સુમેળ ભર્યા સંબંધો છે. માટે ડિપ્લોમોટીક માર્ગે ભારત પોતાના વિદ્યાર્થીઓની સલામતી માટે પગલાં લેવાનું સૂચન કરી શકે છે.

**સુપ્રીમ કોર્ટની સતત ટકોર છતાં સરકારી શાળાઓમાં શૌચાલયોની તો અછત છે જ પણ સાથે સાથે કિશોરીઓ માટે માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતાની જરૂરીયાતો પણ પૂરી થતી નથી. સેનેટરી પેડના વેન્ડિંગ મશિન, તેના ડિસ્પોઝલ માટેની વ્યવસ્થા નથી. સરકાર અને તંત્ર આ વ્યવસ્થા આપવામાં સાવ નિષ્ફળ ગઈ છે : સરકાર દ્વારા વર્ષ 2020માં નવી શિક્ષણનીતિ લાગુ કરવામાં આવી હતી. એનઈપી 2020 લાગુ થયાને પાંચ વર્ષ થયા છતાં તેના નક્કર પરિણામો મળી રહ્યા નથી. શાળાઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં શૌચાલયોની વ્યવસ્થા નથી**

# સ્વાસ્થ્ય મુદ્દે સરકારની બેદરકારીથી સ્કૂલ ડ્રોપ-આઉટ રેટ વધ્યો

## વર્ષ 2025માં સેનિટેશન અને અન્ય કારણોસર 3.78 લાખ કિશોરીઓ સહિત કુલ 8.5 લાખ વિદ્યાર્થીઓએ સ્કુલ છોડી દીધી



સુપ્રીમ કોર્ટ દ્વારા છેલ્લાં કેટલાક સમયથી ભારતની તમામ સ્કુલોમાં સેનિટેશન અને સ્વાસ્થ્ય સુવિધાઓ વિશે સરકારને અને સંસ્થાઓને ચેતવણી આપવામાં આવી રહી છે. ભારતની કમનસીબી છે કે, એક તરફ સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાની મહેનત કરવામાં આવી રહી છે ત્યાં બીજી તરફ અનેક સરકારી અને ખાનગી સ્કુલોમાં બાળકોને પાયાગત અને માળખાગત સુવિધાઓ પણ મળતી નહીં હોવાની સ્થિતિ સામે આવેલી છે. દેશમાં સરકારી સ્કુલ હોય કે ખાનગી સ્કુલ બાળકોને યોગ્ય શિક્ષણ મળે તે માટે ભાર મુકવામાં આવે છે. બાળકોનો વ્યાપક વિકાસ થાય તેવી સંસ્કૃતિનું વાતાવરણ મળી રહે તેના ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. અહીંયા તમામ પ્રકારના ભેદભાવથી બાળકોને દૂર રાખીને સારા અને સશક્ત નાગરિક બનાવવાની જવાબદારી સ્કુલોને આપવામાં આવે છે. આ સંજોગોમાં સ્કુલ અને શૈક્ષણિક સંકુલોમાં બાળકો માટે તમામ પ્રકારે વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. ભારતની સ્થિતિ તેનાથી તદ્દન જુદી છે. દેશમાં ઘણી સ્કુલો અને શૈક્ષણિક સંસ્થાઓ છે જેમાં સંસાધનોનો અભાવ છે અને વિદ્યાર્થીઓને પાયાગત સુવિધાઓ પણ મળતી નથી. વ્યવસ્થા અને સંસાધનોની બાબતમાં જો ખાનગી સ્કુલો અને સંસ્થાઓ દ્વારા ચુક કરવામાં આવે તો તેમની સામે પગલાં લેવાય છે. આ જ નિયમો અને કડકાઈ સરકારી સ્કુલો સાથે પણ કરવામાં આવે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં નવી શિક્ષણનીતિ લાગુ કરવામાં આવી હતી. એનઈપી ૨૦૨૦ લાગુ થયાને પાંચ વર્ષ થયા છતાં તેના નક્કર પરિણામો મળી રહ્યા નથી. નવી શિક્ષણ નીતિ દ્વારા સ્કુલો, સંસ્થાઓ, શિક્ષકો, શિક્ષણ સાથે જોડાયેલા અધિકારીઓ, સમુદાયોને સશક્ત બનાવવા માટે તથા સંશાધનોથી પરિપૂર્ણ કરવા માટેની સંસ્કૃતિ વિકસિત કરવાનો આશય હતો. આ આશય સંપૂર્ણ રીતે પૂરો થતો હોય તેમ લાગી રહ્યું નથી. શાળાઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં શૌચાલયોની વ્યવસ્થા નથી, છોકરીઓ માટે સેનેટરી પેડ્સ અને પિરિયડ્સ દરમિયાન યોગ્ય સુવિધાઓ મળતી નથી. તેના કારણે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનું શાળા છોડવાનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને વિદ્યાર્થીનીઓ મોટા પ્રમાણમાં શાળા છોડીને જઈ રહી છે.

જાણકારોના મતે ભારત જેવા વિકાશશીલ દેશમાં સરકારી સ્કુલોમાં ભયાનક સ્થિતિ છે. અહીંયા શૌચાલયોની તો અછત છે જ પણ સાથે સાથે કિશોરીઓ માટે માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતાની જરૂરીયાતો પણ પૂરી થતી નથી. સેનેટરી પેડના વેન્ડિંગ મશિન, તેના ડિસ્પોઝલ માટેની વ્યવસ્થા અને સ્વચ્છતા માટેની વ્યવસ્થા કરવાની વાતો થઈ રહી છે, પોસ્ટરોમાં વર્ણનો થઈ રહ્યા છે પણ વાસ્તવિકતામાં વ્યવસ્થા થતી જ નથી. સુપ્રીમ કોર્ટ દ્વારા કહેવાયું છે કે, કિશોરીઓને માસિકધર્મ દરમિયાન યોગ્ય વ્યવસ્થા, અને સ્વચ્છતાની વ્યવસ્થા મળે તે તેમનો મૌલિક અધિકાર છે પણ સરકાર અને તંત્ર આ વ્યવસ્થા આપવામાં સાવ નિષ્ફળ ગઈ છે.

મહત્ત્વની વાત એ છે કે, સમાજસેવી સંસ્થાઓ દ્વારા તથા વિવિધ કંપનીઓ અને સંસ્થાઓની સેવાભાવી પ્રવૃત્તિઓ હેઠળ સરકારી સ્કુલોમાં કે ખાનગી સ્કુલોમાં સેનેટરી પેડના વેન્ડિંગ મશિન્સ મુકવામાં આવે છે. શરૂઆતના તબક્કામાં આ મશિનો યોગ્ય રીતે ચાલતા હોય છે પણ તેમાં એક વખત સ્ટોક પૂરો થાય કે પછી મશિન ખરાબ થવા લાગે ત્યારબાદ તેની તરફ ધ્યાન રાખનાર કોઈ હોતું નથી. ત્યારબાદ મશિનો ધૂળ ખાય છે અને કિશોરીઓને મદદ મળતી નથી. આ ઘણા કિસ્સામાં શૌચાયલો હોય છે પણ તેના ઉપર તાળાબંદી કરવામાં આવેલી હોય છે જેના કારણે યુવતિઓને અને કિશોરીઓને ખુલ્લામાં જવા મજબૂર થવું પડે છે. આ દરમિયાન તેમના સ્વાસ્થ્યને સૌથી વધારે નુકસાન થાય છે. આ ઉપરાંત સામાજિક કુપ્રથાઓનો પણ વધારો થાય છે અને કિશોરીઓને ભોગવવાનું આવે છે.

કમનસીબી એ છે કે, બેટી બચાઓ અને બેટી પઢાઓના બણગા ફુંકનારી સરકાર શાળાઓમાં દીકરીઓને વ્યવસ્થા પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે. તેનાથી પણ વધારે મોટો કમનસીબી એ છે કે, સુપ્રીમ કોર્ટ અને અન્ય અદાલતો દ્વારા સરકારો અને તંત્રને આવી વ્યવસ્થાઓ યોગ્ય કરવા માટે ટકોર કરવી પડે છે. મોટા મોટા અધિકારીઓ, શિક્ષણ શાસ્ત્રીઓ અને બાબુઓ દ્વારા શિક્ષણ વ્યવસ્થાની જે વાતો કરવામાં આવે છે અમલીકરણ દરમિયાન સિદ્ધ થતી નથી. ચિંતાજનક બાબત એ છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા અવાનવાર ટકોર કરવામાં આવે છે કે, સ્કુલોમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે અલગ અલગ શૌચાલય બનાવવામાં આવવા જોઈએ. તેમ છતાં આ દિશામાં કામ થતું નથી. જે સ્કુલો દ્વારા કામ કરવામાં આવે છે તેમાં પણ થોડા વર્ષોમાં વ્યવસ્થા પડી ભાંગે છે. ખાસ કરીને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ આપતી સ્કુલોમાં આ વ્યવસ્થા કરવાની વારંવાર તાકીદ આપવામાં આવે છે. તેમ છતાં પાયાગત ધોરણે જોઈએ તો અમલીકરણ ખૂબ જ નબળું છે.

જાણકારોના મતે ભારતમાં ગ્રામ્ય જ નહીં શહેરી વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. શહેરી વિસ્તારમાં આવેલી સ્કુલોમાં પણ જ્યારે શૌચાલય અને સેનિટેશનની વ્યવસ્થાની વાત આવે ત્યારે તેમાં યોગ્ય ગુણવત્તા સચવાતી નથી. અહીંયા શૌચલયો, પીવાના પાણીની વ્યવસ્થા કે પછી યુવતીઓ માટે માસિકધર્મ દરમિયાન સ્વચ્છતાની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં હોતી નથી. ગામડાઓમાં પણ આવી જ સ્થિતિ છે. અહીંયા પણ મહિલાઓ સાથે મોટા પ્રમાણમાં અન્યાય કરવામાં આવે છે. તે ઉપરાંત ઘણા જિલ્લાઓમાં શાળાઓમાં એક જ રૂમ હોય છે, એક જ શૌચાલય હોય છે તેનો ઉપયોગ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવતો હોય છે. તે ઉપરાંત બાયોડિગ્રેડેબલ સેનેટરી પેડ્સની જે વાતો કરવામાં આવે છે તેના વિતરણની કોઈ વ્યવસ્થા જ કરવામાં આવતી નથી. પેડ્સ આપવાની અને તેને ડિસ્પોઝ કરવાની કોઈ વ્યવસ્થા, માળખું કે આયોજન જ જોવા મળતા નથી.

સુપ્રીમ કોર્ટ દ્વારા અને અન્ય અદાલતો દ્વારા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો તથા સ્કુલો અને શૈક્ષણિક સંસ્થાઓને મહિલાઓના અને કિશોરીઓના સ્વાસ્થ્ય માટે વારંવાર ચેતવણી આપવામાં આવે છે પણ તેનું અમલીકરણ થતું નથી. આ અંગે જાગ્રતી અભિયાન ચલાવવાની ટકોર કરવામાં આવી છે છતાં તેન વિશે કાર્યક્રમો કરવામાં આવતા નથી. માત્ર કહેવાતા જિલ્લાઓમાં અને રાજકીય લાભ લેવા માટે અને કાગળ ઉપરની કામગીરીઓ બતાવવા માટે આવી વ્યવસ્થા કરવામાં આવે છે પછી તેના તરફ કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. આ ઉપરાંત ગામડાઓમાં પણ જાતીગત રાજકારણ, રાજકીય જૂથબાજી અને બીજી ઘણી બાબતો અસર કરે છે. અહીંયા છોકરીઓમાં અને કિશોરીઓમાં આ અંગે જાગ્રતી આપવામાં આવતી નથી. તેનું પરિણામ એ આવે છે કે, માતાઓ અને મોટી ઉંમરની મહિલાઓ દ્વારા સ્વાસ્થ્ય માટે હાનિકારક અને બિનપારંપરિક માર્ગદર્શન આપવમાં આવે છે જે વધારે જોખમ ઊભું કરે છે. નેશનલ એજ્યુકેશન પોલિસી દ્વારા જો યોગ્ય રીતે આ બાબતનું અમલીકરણ નહીં કરવામાં આવે તો કિશોરીઓ દ્વારા શાળા છોડવાનું પ્રમાણ હજી વધી જસે. જાણકારો માને છે કે, ઘણા અંતરિયાળ અને નાના ગામડા છે જ્યાં કિશોરીઓને તેમના ઘરથી ઘણા દૂર સુધી પ્રવાસ કરીને જવું પડે છે ત્યારે અભ્યાસ કરવા મળે છે.

આ સંજોગોમાં જો તેમના સ્વાસ્થ્ય માટે પણ પૂરતી વ્યવસ્થા નહીં મળે અને તેમને શૌચાયલ અને સેનિટેશનની વ્યવસ્થા નહીં મળે તો તેમના પરિવારો દ્વારા તેમને શાળા છોડાવી દેવામાં આવશે અથવા તે પોતે અભ્યાસ છોડી દેશે.

સરકારની નિરસતા અને રાજકીય આડોડાઈને પગલે શાળાકિય શિક્ષણમાં મોટી અસર જોવા મળી રહી છે. દેશમાં છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજે ૩૦ લાખ કરતા વધારે બાળકો અને ખાસ કરીને કિશોરો દ્વારા અભ્યાસ અધુરો છોડી દેવામાં આવ્યો હોવાના આંકડા સામે આવ્યા છે. ડિસેમ્બરમાં જ આવેલા અહેવાલે જણાવ્યું હતા કે, છેલ્લાં પાંચ વર્ષમાં ૬૬ લાખ કિશોરો દ્વારા શાળા છોડવામાં આવી હતી. તેમાં ૩૦ લાખ જેટલી કિશોરીઓનો પણ સમાવેશ થાય છે.

ડિસેમ્બર મહિનામાં સંસદમાં જ સરકાર દ્વારા આ આંકડા રજૂ કરવામાં આવ્યા હતા. તેમાંય શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની વાત કરવામાં આવે તો દેશમાં ૮.૫ લાખ કિશોરો દ્વારા અભ્યાસ અધુરો છોડવામાં આવ્યો હતો. તેમાં અડધી સંખ્યા એટલે કે અંદાજે ૩.૭૮ લાખ કિશોરીઓનો સમાવેશ થતો હતો. ઉલ્લેખનીય છે કે, દેશમાં જ્યાં કિશોરો દ્વારા અભ્યાસ અધૂરો છોડવામાં આવ્યો છે કે પડતો મુકવામાં આવ્યો છે, તેમાં ગુજરાત સૌથી મોખરે હતું. ગુજરાતમાં ગત વર્ષે ૨.૫૦ લાખ કિશોરો દ્વારા અભ્યાસ અધૂરો છોડવામાં આવ્યો હતો. જાણકારોના મતે ગુજરાતમાં કિશોરો દ્વારા અભ્યાસ છોડવાનું પ્રમાણ ૩૪૧ ટકા વધી ગયું છે. આ વિદ્યાર્થીઓમાંથી ૧.૧૦ લાખ જેટલી કિશોરીઓ હતી.

ગુજરાત બાદ આસામમાં પણ ૧.૫૦ લાખ કિશોરો દ્વારા અધવચ્ચેથી શાળા છોડવામાં આવી હતી. તેમાં ૫૮ હજાર છોકરીઓનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશમાં પણ ૫૭ હજાર કિશોરીઓની સાથે કુલ ૧ લાખ કિશોરો દ્વારા અભ્યાસ અધવચ્ચે છોડી દેવામાં આવ્યો હતો. જાણકારોના મતે માઈગ્રેશન, નબળું સામાજિક-આર્થિક સ્તર, ઘરેલુ જવાબદારીઓ, બાળ મજૂરી અને ખાસ કરીને કિશોરાવસ્થામાં થતી શારીરિક સમસ્યાઓમાં યોગ્ય વાતાવરણ અને વ્યવસ્થા ન મળવાના કારણે કિશોરીઓ દ્વારા શાળા છોડી દેવામાં આવે છે. સેનેટરી પેડના ઉપયોગનું અયોગ્ય માર્ગદર્શન અથવા તો નહીવત માર્ગદર્શન, પારંપરિક પદ્ધતિઓની મુશ્કેલીઓ, શૌચાલયનો અભાવ અને શિક્ષકો દ્વારા યોગ્ય વાતાવરણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં ન આવતું હોવાથી કિશોરીઓ આ ઉંમરમાં વધારે મુંઝવણમાં મુકાય છે. તેઓ ધીમે ધીમે શાળાએ આવવાનું જ છોડી દે છે.

# આરએસએસના કાર્યક્રમમાં ફિલ્મસ્ટારોના મેળાવડાથી જુના સંઘીઓ નારાજ



રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સ્થાપનાને ૧૦૦ વર્ષ પુરા થયા એ કારણે આરએસએસએ મુંબઈમાં કેટલાક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં પહેલે દિવસે ફિલ્મસ્ટાર સલમાન ખાનની હાજરીથી ઘણાને કૌતુક થયું હતું. બીજા દિવસના કાર્યક્રમમાં પણ જેકી શ્રોફ માથે ખાખી ટોપી પહેરીને ગયા હતા. જાણીતા દિગ્દર્શક કરણ જોહર અને અભિનેત્રી અનન્યા પાંડે પણ સંઘના કાર્યક્રમમાં ગયા હતા. ભાજપની નજીક ગણાતા અક્ષયકુમારે પણ સંઘના કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ સિવાય પણ ઘણા ફિલ્મસ્ટાર્સ અને દિગ્દર્શકો આરએસએસના કાર્યક્રમમાં પ્રથમ વખત જોવા મળ્યા હતા. ફિલ્મસ્ટારોની હાજરીને બે રીતે જોવામાં આવે છે. સંઘ સાથે જોડાયેલા કેટલાકનું માનવું છે કે, સામાન્ય લોકોમાં ફિલ્મસ્ટારોની લોકપ્રિયતા ઘણી હોય છે. જો લોકપ્રિય ફિલ્મસ્ટારો સંઘ સાથે જોડાય તો સંઘની વિચારધારાનો ફેલાવો થઈ શકે. જ્યારે બીજી તરફ સંઘ સાથે વર્ષોથી જોડાયેલા કાર્યકરોનું માનવું છે કે, સંઘને ટકવા માટે કે એની વિચારધારા ફેલાવવા માટે ફિલ્મસ્ટારોની જરૂર નથી. કોંગ્રેસના ભૂતપૂર્વ મંત્રી અને ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુના પત્ની નવજોત કૌર સિદ્ધુને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી હવે એમને કોંગ્રેસમાંથી રૂખસદ અપવામાં આવી છે. જોકે નવજોત કૌરના કહેવા પ્રમાણે એ પહેલા જ એમણે કોંગ્રેસ છોડી દીધી હતી. નવજોત કૌર સિદ્ધુ પંજાબ વિધાનસભાના ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. નવજોત કૌરએ હવે કોંગ્રેસના સાંસદ અને વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી સામે ઘણા આક્ષેપો કર્યા છે. સોશ્યલ મીડિયા એક્સ પર એમણે લખ્યું છે કે, જમીની હકીકતથી રાહુલ ગાંધી ખુબ દુર છે. કાર્યકરોને સાંભળવાનો સમય રાહુલ ગાંધી પાસે હોતો નથી. રાહુલ ગાંધી કોઈપણ નેતા કે કાર્યકરને મળતા નથી અને એટલે જ એમનું ઉપનામ પપ્પુ પડયું છે. ત્વરીત નિર્ણય લેવાનો હોય એવી રાજકીય કટોકટી વિશે પણ નિર્ણય લેતા રાહુલ ગાંધીને છ મહિનાથી વધુનો સમય લાગે છે. એક જમાનામાં ભાજપ એમની તાકાત સમજી શક્યું હતું જ્યારે કોંગ્રેસના નેતાઓ એમની આવડત પારખી શક્યા નથી.

નાગરીકતા મેળવતા પહેલા વોટર લીસ્ટમાં નામ હોવા બાબતના કેસનો જવાબ સોનિયા ગાંધીએ આપ્યો છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટને આપેલા જવાબમાં એમણે કહ્યું છે કે, દાખલ થયેલી ફરિયાદ અરજી ખોટા તથ્યોપર આધારીત છે. આ અરજી છીછરા રાજકારણથી પ્રેરિત અને કાયદાકીય પ્રક્રિયાના અપમાન બરાબર છે. સ્પેશિયલ જજ વિશાલ ગોગનની કોર્ટમાં વકીલ મારફતે સોનિયા ગાંધીએ જવાબ દાખલ કર્યો હતો. આ અરજી ડિસમીસ કરવાની માંગણી પણ સોનિયાએ કરી હતી. સોનિયા ગાંધીના જવાબમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદીએ ઓથેનટીક રેકોર્ડને બદલે અનુમાનો અને મીડિયા રીપોર્ટ તેમજ વ્યક્તિગત ધારણા બાંધીને ગંભીર આક્ષેપો કર્યા છે. આરોપોમાં કોઈપણ ખાસ દસ્તાવેજને બનાવટી કે ખોટો સાબિત કરવામાં આવ્યો નથી. નાગરીકતા બાબત કેન્દ્ર સરકારના અધિકાર ક્ષેત્રમાં હોય છે જ્યારે વોટર લીસ્ટ તૈયાર કરવાની કામગીરી ચૂંટણીઆયોગ કરે છે.

ભારત અને કેનેડા વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા અને બીજા કેટલાક મુદ્દાઓને લઈને એક યોજના તૈયાર કરવા માટે મીટિંગ થઈ હતી. બંને દેશોને એક બીજા પ્રત્યેની શંકા દુર કરવા માટે આ મુલાકાત અગત્યની હતી. વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે ઓટાવા ખાતે નેશનલ સિક્યુરીટી એડવાઈઝર (એનએસએ) અજીત ડોભાલ કેનેડાના એનએસએ નાતાલી ડ્રોઈનને મળ્યા હતા. એમ મનાય છે કે અજીત ડોભાલની આ યાત્રાને કારણે બંને દેશો વચ્ચે ઉભા થયેલા તણાવમાં સુધારો આવી શકશે. છેલ્લા થોડા વર્ષોથી કેનેડામાં અલગતાવાદી સંગઠનના ખાલીસ્તાનવાદીઓ સતત ભારત વિરોધી પ્રવૃત્તિ કરી રહ્યા છે. કેનેડામાં ભારતીય મંદિરો પર સતત હુમલા થાય છે. ડોભાલ - ડ્રોઈન વચ્ચે મળેલી બેઠકમાં બંને દેશોના નાગરીકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા કયા પગલા લેવાવા જોઈએ એ વિશે પણ ચર્ચા થઈ હતી.

અમેરિકાના ટેક્સાસ રાજ્યના રીપબ્લિકન સાંસદ બ્રૈન્ડન ગીલના એક નિવેદનને કારણે વિવાદ થયો છે. સાંસદે કહ્યું હતું કે એમના રાજ્યના કેટલાક હિસ્સાનું ઈસ્લામીકરણ થઈ ગયું છે. ગીલે કહ્યું હતું કે ટેક્સાસના કેટલાક મોલમાં જઈએ તો એમ લાગે છે કે તમે ડલાસ નહીં પરંતુ પાકિસ્તાનમાં ફરી રહ્યા છો. એમણે સોશ્યલ મીડિયા પર એક વિડિયો શેર કરીને લખ્યું હતું કે, મોટા પ્રમાણમાં થઈ રહેલું ઈસ્લામી માઈગ્રેશન અમેરિકાને ખતમ કરી રહ્યું છે કે જેને આપણે ખુબ પ્રેમ કરીએ છીએ. ડલાસ વિસ્તારમાં ડેમોગ્રાફીના ફેરફારને કારણે સ્થાનીક લોકોની સાંસ્કૃતિક ઓળખ બદલાઈ ગઈ છે. એમની પાસે ઘણા લોકો ફરિયાદ લઈને આવે છે કે આસપાસના વિસ્તારોમાં મસ્જિદ બની રહી છે અને બીજા કોમ્યુનીટી કોમ્પલેક્સ પણ બનાવવામાં આવે છે. સાંસદના આ નિવેદનની ટેક્સાસના મુસ્લિમોએ ટીકા કરી છે.

બ્રિટનના પ્રીન્સ વિલિયમ બ્રીટીશ સરકારના કહેવાથી સાઉદી અરબના પ્રવાસે જઈ રહ્યા છે. એમનો આ પહેલો પ્રવાસ છે. આ પ્રવાસની ચર્ચા રાજકીય વર્તુળોમાં થઈ રહી છે. રોયલ પેલેસના પ્રવક્તાઓનું કહેવંત છે કે, પ્રીન્સ ઓફ વેલ્સ એમની ભૂમિકાને ખુબ ગંભીરતાથી લે છે.

# કોઈ "વખાણ" કરે કે "નિંદા" બંને સારાં જ છે, કેમ કે વખાણ "પ્રેરણા" આપે છે. અને નિંદા "સાવધાન"થવાનો અવસર આપે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો કાલિદાસે કહ્યું: માતા, કૃપા કરીને મને પીવા માટે પાણી આપો, તે એક મહાન આશીર્વાદ હશે. સ્ત્રીએ કહ્યું:દીકરા,હું તને ઓળખતી નથી. તમારો પરિચય આપો.હું તને પીવા માટે ચોક્કસ પાણી આપીશ.

કાલિદાસે કહ્યું: હું એક પ્રવાસી છું, કૃપા કરીને મને પીવા માટે પાણી આપો.

સ્ત્રીએ કહ્યું: તું કેવી રીતે પ્રવાસી બની શકે? ફક્ત બે જ પ્રવાસી છે, સૂર્ય અને ચંદ્ર, જે ક્યારેય અટકતા નથી, તેઓ ફરતા રહે છે. મને સાચું કહો, તેમાંથી તમે કોણ છો?

કાલિદાસે કહ્યું: હું મહેમાન છું, કૃપા કરીને મને પીવા માટે પાણી આપો.સ્ત્રીએ કહ્યું: તું મહેમાન કેવી રીતે બની શકે?આ દુનિયામાં ફક્ત બે જ મહેમાનો છે!પહેલું,ધન અનેબીજું યુવાની.તેમને જતા રહેવામાંલાંબો સમય લાગતો નથી. મને સાચું કહો, તું કોણ છે? (તે અત્યાર સુધીની બધી દલીલો થી પહેલેથી જ પરાજિત અને હતાશ થઈ ગયો હતો.) કાલિદાસે કહ્યું: હું સહિષ્ણુ છું. હવે, કૃપા કરીને મને થોડું પાણી આપો.

સ્ત્રીએ કહ્યું: ના, સહિષ્ણુ લોકો ફક્ત બે પ્રકારના હોય છે. પ્રથમ,પૃથ્વી,જે પુણ્ય અને પાપી બંનેનો ભાર ઉઠાવે છે. જો તમે તેની છાતી ફાડીને બીજવાવો છો, તો પણ તે અનાજનો ભંડાર ઉત્પન્ન કરે છે.બીજું,વૃક્ષો, જો તમે તેમના પર પથ્થરો ફેંકો છો, તો પણ મીઠા ફળ આપે છે. તમે સહિષ્ણુ નથી. મને સાચું કહો, તમે કોણ છો? (કાલિદાસ લગભગ બેહોશ થઈ ગયો અને બોલ્યો, દલીલોથી ચિડાઈ ગયો.) કાલિદાસે કહ્યું:હું હઠીલો છું. સ્ત્રીએ કહ્યું: તો તે જૂઠું છે. ફક્ત બે પ્રકારના હઠીલા લોકો છે: પહેલો, નખ અને બીજો, વાળ. તમે તેમને ગમે તેટલા કાપો, તેઓ વારંવાર ઉગે છે. મને સાચું કહો, તમે કોણ છો,બ્રાહ્મણ?(તે સંપૂર્ણ પણે અપમાનિત અને પરાજિત થયો.) કાલિદાસે કહ્યું:તો પછી હું મૂર્ખ છું.સ્ત્રીએ કહ્યું: ના, તું મૂર્ખ કેવી રીતે બની શકે? બે પ્રકારના મૂર્ખ હોય છે.પહેલો રાજા જે કોઈ લાયકાત ન હોવા છતાં બધા પર રાજ કરે છે,અને બીજો દરબારનો વિદ્વાન જેરાજા ને ખુશ કરવા માટે ખોટી વાતને પણ સાચી સાબિત કરવાનો પ્રયાસ કરે છે. (બોલવામાંઅસમર્થ કાલિદાસ વૃદ્ધમહિલાના પગે પડી ગયો અને પાણી માટે વિનંતી કરવા લાગ્યો.)વૃદ્ધ મહિલાએ કહ્યું:'ઊઠો,દીકરા (અવાજ સાંભળીને,કાલિદાસે ઉપર જોયું અને દેવી સરસ્વતીને ત્યાં ઉભી જોઈ. કાલિદાસે ફરી થી નમન કર્યું.) માતાએ કહ્યું: 'શિક્ષણ જ્ઞાન લાવે છે,અહંકાર નહીં. તમે શિક્ષણ દ્વારા મેળવેલા સન્માન અને પ્રતિષ્ઠાને તમારી સિદ્ધિ માનીને ઘમંડી બન્યા. તેથી, મને તમારી આંખો ખોલવા માટે આ નાટક કરવું પડ્યું.'

કાલિદાસને પોતાની ભૂલનો અહેસાસ થયો અને,ભરપેટ ભોજન કર્યા પછી,આગળ વધ્યા જો તમને વાર્તાઓના સંગ્રહ પર ની આ પોસ્ટ ગમે છે, તો કૃપા કરીને તેને હમણાં જ શેર કરો. એક સમયે ગોવાળિયાઓએ યશોદાજીને ફરિયાદ કરી કે,શ્રી કૃષ્ણે માટી ખાધી છે.કૃષ્ણ કહે,મા મેં માટી ખાધી નથી.આ બધા જૂઠું કહી રહ્યા છે.હાસ્તો લાલા એ માટી ખાધી નથી. વ્રજરજ ખાધી છે.વ્રજરજએ માટી નથી. તુલસીજીએ વૃક્ષ નથી. ગંગાજી એ પાણી નથી. માએ કહ્યુ,જોઉં તારું મોં! અને લાલાએ મોં દેખાડ્યું.એ રીતે મુખદર્શનને બહાને યશોદાને વિશ્વરૂપનાં દર્શન કરાવ્યાં,પરંતુ ઈશ્વરનાં સ્વરૂપનું જ્ઞાન થઈ જાય. લાલો ઈશ્વર છે એવું ભાન થાય તો લીલામાં વિઘ્ન કરે એટલે શ્રી શુકદેવજી કહે છે કે,શ્રીકૃષ્ણે પોતાની પુત્રસ્નેહમયી માયાનો યશોદાના હૃદયમાં સંચાર કરી દીધો,જેથી શ્રીકૃષ્ણના સાચા સ્વરૂપનું ભાન થતું નથી અને ફરી થી તેઓ શ્રી કૃષ્ણને પોતાના પુત્ર માનવા લાગ્યાં પૂતનાએ અનેક બાળકોને મારેલાં. પૂતનાને ધાવવાથી તે બાળકો કનૈયાના શરીરમાં આવેલાં. અવિદ્યાના સંસર્ગમાં આવેલા જીવનો ઉદ્ધાર સંતનાં ચરણની રજ વગર થતો નથી.ગોકુળમાં અનેક ઋષિઓ ગાયો થઈ આવેલા તે ગાયોના ચરણની રજ પેટમાં ઊતારી શરીરમાંના તે જીવોનો ઉદ્ધાર કરવા શ્રીકૃષ્ણે માટી ખાધી હતી. મર્યા પછી નહીં,પરંતુ મર્યા પહેલાં ભગવાન મુક્તિ આપે છે.પ્રભુ પ્રેમ માં હૃદય પીગળે એટલે મુક્તિ છે. પ્રભુપ્રેમમાં સંસાર ભૂલાય એટલે મુક્તિ છે.મન મરે છે એટલે મુક્તિ છે.ભાગવત શાસ્ત્ર એવું નથી કે, મર્યા પછી મુક્તિ આપે.એ તો જીવન મુક્તિ આપે છે.જેને જીવતાં મુક્તિ ન મળે તેને મર્યા પછી મુક્તિ મળવી કઠણ છે. શરીર ઈન્દ્રિયોની હયાતીમાં જેને ભજનાનંદ પ્રાપ્ત થાય છે તેને શરીર છોડયા પછી પરમાનંદનો અનુભવ થાય છે.આ દેહને અને ઈન્દ્રિયોને સંબંધ હોય છતાં શરીર અને ઈન્દ્રિયોની હયાતીમાં મુક્તિ મળવી જોઈએ.કમળ જેમ પાણી થી અલિપ્ત રહે છે,તેમ જ્ઞાની પુરુષોની અંદર સંસાર રહેતો નથી. જગત ન દેખાય એટલા માટે જ્ઞાની પુરુષો આંખ બંધ કરીને બેસે છે,પણ જગત એવું છે કે,આંખ બંધ કર્યા છતાં પણ દેખાય છે.આંખ બંધ થતાં અંદર નો સંસાર શરૂ થાય છે.બહારનો સંસાર ભક્તિ માં વિઘ્ન કરતો નથી,પણ જે સંસાર મનમાં છે તે વિઘ્ન કરે છે.નાવડી રહેછે.જળ માં પણ નાવડી માં જળ આવેતો તે ડૂબી જાય છે તેમ જ્ઞાની પુરુષો સાવધ રહે છે કે, બહારનો સંસાર મનમાં આવે નહીં. સંસાર બાધક થતો નથી, પણ વિષયોનું ચિંતન કરતાં વિષયોમાં ચિંતન કરતાં વિષયોમાં જે આસક્તિ ઉત્પન્ન થાય છે તે બાધક થાય છે.દશ્ય પદાર્થમાંથી દૃષ્ટિ હટી જાય અને દૃષ્ટામાં દ્રષ્ટિ સ્થિર થાય,ત્યારે આનંદ મળે છે.દશ્યના દૃષ્ટાને સાક્ષી કહે છે.

# ડ્રગ્સ કેસમાં 8 મહિનાથી વોન્ટેડ ચિરાગ ગોટીએ કર્યું સરેન્ડર

## સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હાજર, ભાગીદારને ફસાવવા તેની કારમાં ડ્રગ્સ મૂક્યું હતું

**સુરત, તા.10**

ગુરૂકુલ પાસેથી પકડાયેલા 70 ગ્રામ એમડી ડ્રગ્સના ચકચારી કેસમાં આખરે ગાડીમાં ડ્રગ્સ મૂકવાના માસ્ટરમાઈન્ડ ચિરાગ ગોટીએ કોર્ટમાં સરેન્ડર કર્યું છે. ચિરાગના ભાઈએ સુપ્રીમમાં કરેલી જામીન અરજી સમયે થયેલી દલીલો બાદ સુપ્રીમકોર્ટની ટકોરના આધારે ચિરાગને 15 દિવસનો સમય અપાયો હતો.



આ કેસની વિગત મુજબ અંદાજિત 10 મહિના પહેલા વેડરોડ ગુરુકુલ પાસે બિજના નાકેથી કતારગામ હાથી મંદિર પાસે રહેતા અલ્પેશ મિયાણીને સિંગણપોર પોલીસે 7 લાખના એમડી ડ્રગ્સ સાથે પકડયો હતો. પોલીસ તપાસમાં અલ્પેશને ફસાવવામાં આવ્યો હોવાની સાથે આ સમગ્ર ડ્રગ્સનું પ્લાન તેના જ ભાગીદાર ચિરાગ ગોટી, તેના ભાઈ નિરાંત અને પિતા ધનશ્યામ ગોટીએ કર્યું હોવાના પુરાવા પણ પોલીસને મળ્યા હતા. આ સાથે જ ચિરાગ ગોટી ફરાર થઈ ગયો હતો.

પોલીસે બંનેની સામે ચાર્જશીટ રજૂ કરી હતી, જેમાં ચિરાગ ગોટી અને ડ્રગ્સ વેચનાર મોહંમદ સફવાન મોહંમદ ઈશાક મેવાવાલાને વોન્ટેડ જાહેર કર્યા હતા. દરમિયાન નિરાંતે સુરતની સેશન્સ કોર્ટમાં જામીન માંગ્યા હતા, જે નામંજૂર કરી દેવાતા નિરાંતે ગુજરાત હાઈકોર્ટમાં જામીન માંગ્યા હતા. પરંતુ ત્યાં પણ જામીન રદ કરી દેવાતા નિરાંતે સુપ્રીમમાં જામીન માંગ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં જામીન અરજીની સુનાવણીમાં ચિરાગ મુખ્ય સૂત્રધાર હોવાનું તેમજ ચિરાગ આઠ મહિનાથી વોન્ટેડ હોવાની પણ દલીલો થઈ હતી. બંને પક્ષોની દલીલો બાદ કોર્ટે નિરાંતની જામીન અરજીમાં મુદત આપી હતી, જયારે ચિરાગને બે અઠવાડિયાનો સમય આપીને સરેન્ડર થવા માટેની ટકોર કરાઈ હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચિરાગ ગોટી એડવોકેટ કેતન રેશમવાલા મારફતે સુરતની કોર્ટમાં સરેન્ડર થયો હતો. કોર્ટે તેનો કબજો પોલીસને સોંપ્યો હતો અને હવે પોલીસ આગળની કાર્યવાહી કરી રહી છે.

એસીપી ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું હતું કે, તપાસ કરતા સામે આવ્યું કે ચિરાગ ગોટીએ ડ્રગ્સ મંગાવ્યું હતું અને તેના ભાઈના માધ્યમથી જ્યારે છેલ્લી વખત હિસાબ કરવા અલ્પેશ મિયાણીને ત્યાં ગયા હતા, ત્યારે તેની ગાડીમાં ડ્રગ્સ મૂક્યું હતું. પછી ચીરાગે જ પોલીસને અલ્પેશ મિયાણીની ગાડીમાં ડ્રગ્સ હોવાની બાતમી આપી હતી. જે બાદ પોલીસે અલ્પેશ મિયાણીની ધરપકડ કરી હતી, પરંતુ બાદમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ ડ્રગ્સ ચિરાગ ગોટીએ જ મંગાવ્યું હતું અને તેણે ષડયંત્ર રચીને અલ્પેશ મિયાણીને ફસાવ્યો હતો. આ પછી તેના પર ફરિયાદ નોંધાતા ચિરાગ ગોટી પોલીસ પકડથી દૂર ભાગતો રહ્યો હતો. પોલીસની પૂછપરછમાં ચીરાગે જણાવ્યું કે, તે નેપાળની અલગ-અલગ હોટલોમાં રોકાયો હતો.

# તારાપુરમાં 9 કિમી વીજ વાયરની ચોરી: જેટકો લાઈનમાંથી 4.75 લાખના એલ્યુમિનિયમ વાયર ગાયબ, ગુનો નોંધાયો

**આણંદ, તા.10**

આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના વાળંદાપુરા ગામની સીમમાંથી 4.75 લાખ રૂપિયાની કિંમતના 9 કિલોમીટર લાંબા વીજ વાયરોની ચોરી થઈ છે. અજાણ્યા તસ્કરો વીજ લાઈનમાંથી એલ્યુમિનિયમના વાયરો કાપીને ફરાર થઈ ગયા હતા. તારાપુર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




આ ઘટના ગત 25મી ડિસેમ્બરના રોજ બની હતી. વાળંદાપુરા ગામની સીમમાં આવેલા ખેતરના માલિક દીપુભાઈ ફુલાભાઈ ચૌહાણે જેટકોના નાયબ ઈજનેર કૃણાલ અમરીશભાઈ ગજ્જરને ફોન કરીને જાણ કરી હતી કે, તેમના ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનના વાયરોની ચોરી થઈ છે. આ ચોરીના કારણે ઘઉંના પાકને પણ નુકસાન થયું હોવાનું તેમણે જણાવ્યું હતું.

દીપુભાઈની જાણ બાદ નાયબ ઈજનેર કૃણાલ ગજ્જર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થળ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે જેટકોની 400 કેવી અમરેલી-કાસોર લાઈનના ટાવર નંબર 57/11 થી 58/02 વચ્ચેના ફેઝના એસીએસઆર મુસ કંડક્ટરમાંથી એલ્યુમિનિયમના વાયરોની ચોરી થઈ હતી. ચોરાયેલા વાયરોની કુલ લંબાઈ આશરે 9 કિલોમીટર અને તેની અંદાજિત કિંમત 4.75 લાખ રૂપિયા છે.

આ ઘટના બાદ અન્ય કોઈ સ્થળે ચોરી થઈ છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. શરૂઆતમાં તારાપુર પોલીસ મથકે આ અંગે અરજી આપવામાં આવી હતી. જોકે, દોઢ મહિનાના વિલંબ બાદ હવે તારાપુર પોલીસ મથકે આ મામલે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ટ્રેન

**અમદાવાદ, તા.10**

પશ્ચિમ રેલવે દ્વારા આગામી ફેસ્ટિવલ સીઝન દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે સ્પેશલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 01920/01919 અસારવા-આગ્રા કેન્ટ-અસારવા સ્પેશલ (42 ટ્રિપ), ટ્રેન નંબર 01920 અસારવા-આગ્રા કેન્ટ સ્પેશલ 02 માર્ચથી 30 માર્ચ 2026 સુધી (મંગળવાર અને બુધવાર સિવાય) અસારવાથી દરરોજ 14.50 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07.45 વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર 01919 આગ્રા કેન્ટ-અસારવા સ્પેશલ 01 માર્ચથી 29 માર્ચ 2026 સુધી (સોમવાર અને મંગળવાર સિવાય) આગ્રા કેન્ટથી દરરોજ 18.10 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 11.10 વાગ્યે અસારવા પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર, સેમારી, જાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપ નગર, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બૂંદી, કેશોરાય પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 3-ટિયર, સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નં. 01920ની બુકિંગ 11 ફેબ્રુઆરી 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ગાંધીધામથી આદિપુર વચ્ચે 120 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેન, મહાવીર ચક્ર કેપ્ટન કપિલ સિંહ થાપા એન્જિન સાથે

**અમદાવાદ, તા.10**

પશ્ચિમ રેલવેના ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ અને આદિપુર સ્ટેશન પર 'Y' કનેક્ટિવિટીનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. આ રેલખંડનું 9 અને 10 ફેબ્રુઆરી 2026ના રોજ રેલ સુરક્ષા આયુક્ત (CRS) પશ્ચિમ સર્કલ શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને 10 ફેબ્રુઆરીએ ગાંધીધામથી આદિપુર વચ્ચે ટ્રેનનું 120 કિમી પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.



ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ અને આદિપુર સ્ટેશન પર 'વાય' કનેક્ટિવિટીનું કાર્ય પૂર્ણ થવાથી હાલમાં જ્યાં આ વિસ્તારમાંથી 50થી 60 માલગાડીઓનું સંચાલન આ ક્ષેત્રથી થઈ રહ્યું છે જે વધીને 150 સુધી થઈ જશે અને ટ્રેનો 120 કિમી પ્રતિ કલાકની (મહત્તમ) ઝડપે ચલાવી શકાશે.

ગાંધીધામ-આદિપુર બ્રોડગેજ રેલખંડ કાંડલા તથા મુન્દ્રા બંદરગાહો સહિત ભુજ, વાયોંર અને અન્ય વિસ્તારોને દેશના વિવિધ ભાગો સાથે જોડતો એક અત્યંત મહત્વનો માલ પરિવહન માર્ગ છે. હાલમાં આ ખંડ ખૂબ જ વ્યસ્ત રહેતા સંચાલન પર દબાણ રહે છે, જેને ઘટાડવા માટે બે વધારાની લાઈનોની જરૂર હતી. આ માર્ગ પરથી મીઠું તથા અન્ય માલનું પણ મોટા પાયે પરિવહન થાય છે અને મુન્દ્રા બંદરગાહની વધતી ક્ષમતાને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં યાતાયાત વધુ વધવાની શક્યતા છે.

આ પ્રોજેક્ટથી કાંડલા અને મુન્દ્રા બંદરગાહો સાથે જોડાયેલા કન્ટેનર, પેટ્રોલિયમ, ખાતર, અનાજ અને અન્ય માલના પરિવહનમાં ઝડપ આવશે. માલગાડીઓનું ટર્નઅરાઉન્ડ સમય ઓછો થશે, વેગનો વધુ સાર્થક ઉપયોગ શક્ય બનશે અને લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો આવશે, જેના પરિણામે ઉદ્યોગો અને વેપારને સીધો લાભ મળશે. સાથે જ આ પ્રોજેક્ટ કચ્છ ક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસને ગતિ આપવામાં, વેપાર, પર્યટન અને રોજગારીના અવસરો વધારવામાં અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવવામાં મદદરૂપ સાબિત થશે.

ગોપાલપુર નવા સ્ટેશનના નિર્માણથી અમદાવાદની તરફથી આવતી ગાડીઓને ભુજ જવા માટે ગાંધીધામમાં એન્જિન રિવર્સલ કરવાની જરૂર નહીં રહે, જેના કારણે લગભગ 20-25 મિનિટનો સમય બચત થશે. આદિપુર સ્ટેશન પર 'વાય' કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાને કારણે ટ્રેનોને દિશા બદલવાની જરૂર પડશે નહીં, જેના કારણે સમય અને ઈંધણ બંનેની બચત થશે અને સંચાલન સરળ બનશે.

ગાંધીધામ-આદિપુર ચૌહરીકરણ અને 'વાય' કનેક્ટિવિટી પ્રોજેક્ટ ક્ષેત્રીય વિકાસ અને મજબૂત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફની એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે, જે કચ્છ ક્ષેત્રમાં સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# ખેલમહાકુંભ 2025 અંતર્ગત ખેલાડીઓના રોકડ પુરસ્કાર ફોર્મ તારીખ: 14,02,2026 સમય બપોરે 01:00 કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે

**ગાંધીનગર, તા.10**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ ૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ છે. ખેલમહાકુંભ-૨૦૨૫ સ્પર્ધાના દરેક તાલુકાકક્ષાની સ્પર્ધામાં વિજેતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય તેમજ જીલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવેલ વિજેતા ખેલાડીઓના જેમના રોકડ પુરસ્કાર (DBT) ફોર્મ ફક્ત જેમના બાકી હોય એમણે જે તે સ્પર્ધા કન્વીનરને તારીખ:૧૪/૦૨/૨૦૨૬ સમય બપોરે ૦૧:૦૦ કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે.

તેમજ જે તે સ્પર્ધા કન્વીનરશ્રીએ કચેરી ખાતે ફોર્મ જમા કરવવાના રહેશે. સમયમર્યાદામાં ફોર્મ જમા કરાવવામાં ના આવે અને રોકડપુરસ્કાર મળવાપાત્ર હોવા છતાં ના મળે તો જે તે ટીમ મેનેજર, જે તે ખેલાડી, જે વ્યાયામ શિક્ષક જે તે આચાર્ય જવાબદાર રહેશે. ખાસ નોધ કચેરી ખાતે સીધા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જે તે સ્પર્ધા કન્વીનરને જમા કરાવવાના રહેશે એમ જિલ્લા રમત ગમત અધિકારેશ્રીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પલાણા ઔધોગિક તાલીમ સંસ્થાન અને જિલ્લા પંચાયત ખેડા ખાતે સેફર ઇન્ટરનેટ ડે નિમિત્તે સેમિનાર યોજાયો

**નડીયાદ, તા.10**

"સુરક્ષિત ઈન્ટરનેટ, સુરક્ષિત ભવિષ્ય" ના વિષયને લઈ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના આજરોજ ખેડા જિલ્લામાં પલાણા ઔધોગિક તાલીમ સંસ્થાન અને જિલ્લા પંચાયત ખેડા ખાતે સેફર ઈન્ટરનેટ ડે નિમિત્તે સેમિનાર યોજાયો હતો.



નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર -એન.આઈ.સી(nic) ઓફિસ ખેડા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના સંયુકત ઉપક્રમે યોજાએલા સેમિનારમાં જિલ્લા પંચાયત ખેડા ખાતે જિલ્લાના શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પલાણા ઔધોગિક તાલીમ સંસ્થાન ખાતે કોપા, આઈટી, આઈટીએ અને પીપીએલ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ડિસ્ટ્રીક્ટ ઈનોફોર્મેટિક્સ ઓફિસરસ્વતંત્ર કુમાર ગૌતમે સેમિનારમાં જણાવ્યું હતુ કે," આજના સમયમાં સાયબર ક્રાઈમ, ઓનલાઈન ઠગાઈ, ફેક ન્યૂઝ, સાયબર બુલિંગ અને ડેટા ચોરી જેવી સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. ઘણા લોકો અજાણતા જ પોતાની વ્યક્તિગત માહિતી શેર કરી દે છે અને પછી મુશ્કેલીમાં ફસાઈ જાય છે. તેથી જ "સેફર ઈન્ટરનેટ ડે" નો મુખ્ય ઉદ્દેશ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ," શિક્ષકોને વર્ગખંડમાં એક એવી સંસ્કૃતિ વિકસાવીએ જ્યાં વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે પ્રશ્ન પૂછે, ચર્ચા કરે અને ઓનલાઈન પ્લેટફોર્મનો સકારાત્મક ઉપયોગ કરે. માતા-પિતાઓ સાથે સંવાદ વધારીને બાળકોના ડિજિટલ વર્તન પર સંયુક્ત દેખરેખ રાખવી પણ જરૂરી છે એમ કહીને ચાલો, આ સેફર ઈન્ટરનેટ ડે પર આપણે સંકલ્પ કરીએ કારણ કે –"સુરક્ષિત ઈન્ટરનેટ, જવાબદાર શિક્ષક અને સશાક્ત વિદ્યાર્થી - એ જ ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે."

એનએફઓરેનીશન જાદવે શિક્ષક તરીકે માત્ર પાઠ્યક્રમ પૂરતી મર્યાદિત નથી.તેમની ફરજ છે કે વિદ્યાર્થીઓને ડિજિટલ નાગરિકતા (Digital Citizenship) અંગે જાગૃત કરીએ. તેમને શીખવવું પડશે કે ઈન્ટરનેટ માત્ર માહિતીનો સ્ત્રોત નથી, પરંતુ જવાબદારી સાથે ઉપયોગ કરવાની જગ્યા છે. વિદ્યાર્થીઓને * મજબૂત પાસવર્ડ અને દ્વિ-સ્તરીય સુરક્ષા (Two-Factor Authentication) નો ઉપયોગ, સોશિયલ મીડિયા પર શિસ્તબદ્ધ વર્તન, ફેક ન્યૂઝની ઓળખ કરવાની કળા, વ્યક્તિગત માહિતીની સુરક્ષા, સાયબર બુલિંગ સામે અવાજ ઉઠાવવાની હિંમત, આ બાબતો પર માર્ગદર્શન આપવું જોઈએ એમ સૌને જણાવ્યું હતુ.

# સફાઇ અભિયાનના લીરા: આણંદમાં કચરા પેટીઓ ઉભરાવવા છતાં મનપા ખાલી કરવાની દરકાર લેતી નથી

**આણંદ, તા.10**

કરસમદ આણંદ મનપાના કમિશ્નર એક વર્ષ અગાઉ ચાર્જ સંભાળતાની સાથે સૌ પ્રથમ નગરજનોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે સ્વચ્છતા અભિયાન પ્રાધાન્ય આપીને ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. જો કે એક વર્ષ પૂર્ણ થવા છતાં આણંદ શહેરની મધ્ય વિસ્તાર સિવાય કયાં સ્વચ્છતા જોવા મળતી નથી. સ્વચ્છતાની વાત છોડો મનપાએ કેટલાંક માર્ગો મુકેલી વર્ષોજૂની કચરા પેટીઓ છલછલો થઈને ઉભરાઇ રહી હોવા છતાં મનપા દ્વારા કચરો ઉઠવામાં આવતો નહીં હોવાથી ભારે દુર્ગંધ મારે છે.ગંદકીના કારણે જે તે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઇ રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કરમસદ આણંદ મનપા વિસ્તારમાં ચાર ગ્રામ્ય વિસ્તારો ઉમેરાયા છે. ત્યારે કેટલાંક માર્ગો અને સોસાયટીના નાકા પર વર્ષો જૂની કચરા પેટીઓ મુકવામાં આવી છે. પરંતુ કચરા પેટીઓ ઉભરાઇ હોવા છતાં મહિના સુધી ખાલી કરવામાં આવતી નથી. એક બાજુ મનપા શહેરના કચરાની રીસાયકલીંગની મોટી મોટી વાતો કરે છે. પરંતુ કચરો લઇ જાય તો રિસાયકલીંગ કરવો પડે તેવી મનોવૃતિ ધરાવતાં સેન્ટરી વિભાગના કર્માચરી દ્વારા કચરા પેટીમાંથી કચરો ઉઠવાનો સમય મળતો નથી.જેને લઈને કચરા પેટી પાસે ગંદકીનું સામ્રાજય 20 ફૂટ સુધી ફેલાયેલુ જોવા મળે છે.ભારે દુર્ગંધ મારે છે. તેમજ ગાયો કચરા પેટીની આસપાસ અડીંગો જમાવી દઈને પ્રતિબંધી પ્લાસ્ટીક આરોગતી હોય છે. જેને લઈને ગૌ પાલકોની લાગણી દુભાઇ છે. આણંદ, વિદ્યાનગર અને કરમસદમાં કેટલાંક માર્ગો પર વર્ષોજૂની કચરા પેટી મુકવામાં આવી છે.

# કલેક્ટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ડાકોર સર્કિટ હાઉસ ખાતે ફાગણી પૂનમ મહોત્સવ-૨૦૨૬ના આયોજન હેતુ બેઠક યોજાઈ

## રણછોડ રાયજીના દર્શને ડાકોર આવતા દર્શનાર્થીઓ સારી રીતે ભગવાનના દર્શન સંપન્ન કરી શકે તે મુજબ વ્યવસ્થાઓ તૈયાર કરવી એ અમારી પ્રાથમીકતા છે: કલેક્ટર અમિત પ્રકાશ યાદવ

**નડીયાદ, તા.10**

૨૭ ફેબ્રુઆરી થી ૦૪ માર્ચ સુધી ડાકોર ખાતે યોજાનાર ફાગણ પૂનમ મહોત્સવ-૨૦૨૬ના આયોજન હેતુ કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ડાકોર સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજાઈ હતી.

બેઠક અંતર્ગત ફાગણ મહોત્સવના સંદર્ભમાં સફાઈ, પોલીસ બંદોબસ્ત, રોડ રસ્તા રીપેરીંગ, આડબંધ તપાસ, ઢોર નિયંત્રણ, વીજળી સંબંધિત કામગીરી, પીવાનું પાણી, જંતુ નાશક દવાઓનો છંટકાવ, ઝાડી ઝાંખરા નિયંત્રણ, દબાણ, પરિવહન, મોબાઈલ ટોયલેટ, એલઈડી વ્યવસ્થાપન દ્વારા લાઈવ દર્શન, આરોગ્ય ટીમ નિયુક્તિ, મોબાઈલ એપ્લિકેશન, દર્શને આવતા સંઘની વ્યવસ્થા, ફૂડ સેફ્ટી, પબ્લિક એડ્રેસલ સિસ્ટમ સહિતની કામગીરી અંગે ચર્ચા કરી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

કલેકટરએ સંબંધિત તમામ વિભાગોને પૂર્વ આયોજન કરી ચોક્કસ એસઓપી મુજબ જ કામગીરી કરવા સૂચના આપી હતી. ખાસ કરીને ડાકોર ગોમતી તળાવની ફરતે લોકોની અવરજવર સંપૂર્ણ બંધ કરવા જણાવ્યું હતું. આ સિવાય તમામ સ્થળોએ સ્વચ્છતા રાખવા, રસ્તા પરના દબાણો દૂર કરવા, મહત્તમ સ્થળો પર એમ્બ્યુલન્સ ગોઠવવા, ખાદ્ય પદાર્થોની તપાસ અને તેની ગુણવત્તા જાળવવા સહિતની કામગીરી અંગે સૂચનાઓ આપી હતી.



કલેક્ટરએ જણાવ્યું હતું કે ડાકોર ફાગણ મહોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ડાકોર ખાતે દર્શનાર્થે આવતા હોય છે ત્યારે આ યાત્રીઓની સુરક્ષા જાળવી તેઓના દર્શન સારી રીતે સંપન્ન થાય તે મુજબની કામગીરી કરવી એ વહીવટી તંત્રની પ્રાથમિકતા રહેશે.

વધુમા, ડાકોર ટેમ્પલ કમિટીના જણાવ્યા અનુસાર આ વર્ષે ૦૩ તારીખે મંગળવારે વહેલી સવારે બે કલાકે મંગળાઆરતી કરવામાં આવશે. સવારના ૧:૪૫ કલાકે નિજ મંદિર ખોલવામાં આવશે. ૦૨:૦૦ વાગે મંગળા આરતી થશે. ૨ થી ૩:૩૦ કલાક સુધી દર્શન માટે દ્વાર ખુલ્લા રહેશે. ૦૪:૦૦ કલાકે શણગાર આરતી થશે અને ૦૪ થી ૦૬ કલાક દરમિયાન ફૂલડોળના દર્શન થશે.

આ તકે પોલીસ વિભાગ દ્વારા રજૂ કરાયેલ પ્રેઝન્ટેશન મુજબ ડાકોર ફાગણ પૂનમ મહોત્સવ ૨૦૨૬ અંતર્ગત ૨૦૦૦ થી ઉપર પોલીસ સ્ટાફની સુરક્ષા માટે નિયુક્તિ કરવામાં આવશે.

પોલીસ વિભાગ દ્વારા ડાકોર આવતા દર્શનાર્થીઓના પ્રવાહ મુજબ પાર્કિંગ, બંદોબસ્ત અને પોલીસ ચોકી ગોઠવવામાં આવી છે. બંદોબસ્તની વાત કરીએ તો કુલ ૦૮ પોઈન્ટ પર બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે. જેમાં, રણછોડરાયજી મંદિર પરિસર, મંદિરથી દેસાઈ નવીનચંદ્ર ની દુકાન સુધી, વર્ધમાન પ્લાસ્ટિક સેન્ટરથી રાજાધિરાજ હોટલ સુધી, જ્યોતિ ચશ્મા ઘરથી બળીયાદેવ પાર્ક સોસાયટી સુધી, અશોક વકીલના મકાનથી નરસિંહ ટેકરી થઈ નવચેતના સુધી કુલ ૪૪ આડબંધ તૈયાર કરવામાં આવશે.

આ સિવાય કુલ ૦૮ જગ્યાએ બેરીકેટિંગના પોઈન્ટ ઊભા કરવામાં આવશે. જેમાં, હોળી ચકલા આડબંધ, કુળેશ્વરી માતા મંદિર, ગોમતી તળાવની ફરતે, હર્ષદ સોનીની દુકાન પાસે, સિપાઈ વાળાના નાકે, પુનિત આશ્રમ ત્રણ રસ્તા, ગુલબાઈની વાડી અને ગણેશ સિનેમા ચાર રસ્તા પર બેરીકેટિંગ તૈયાર કરવામાં આવશે.

આ ઉપરાંત દર્શનાર્થીઓની અવરજવરને સરળ બનાવવા મંદિરના મુખ્ય દરવાજા પાસે, લવલી પાન હાઉસ, ઘોડાગાડી સ્ટેન્ડ, વલ્લભ નિવાસ, જાખેડ નાળા ત્રણ રસ્તા અને કુળેશ્વરી માતાના મંદિર પાસે વિભિન્ન પ્રેશર પોઈન્ટ પણ તૈયાર કરવામાં આવશે. જેનાથી ભીડ નિયંત્રણ કરી દોડધામ જેવી આકસ્મિક ઘટનાને નિવારી શકાય.

ફાગણ મહોત્સવ સમયગાળા દરમિયાન વાહનોની અનિયંત્રિત અવર-જવર ઉપર પ્રતિબંધ માટે પગલાંઓ લેવામાં આવશે. જેમાં, એ.જી. શાહ પેટ્રોલ પંપ થી મુખ્ય રોડ થઈ વૃંદાવન સોસાયટી તરફ જતો માર્ગ, ગુર્જરી ઓક્ટ્રોય નાકાથી ગણેશ સિનેમા થઈ મંદિર તરફ જતો માર્ગ, ટ્રાફિક સર્કલ થી મંદિર તરફ જતો માર્ગ, ડોન બોસ્કો હાઈસ્કૂલ થી નગરી તરફથી મંદિર તરફ જતો માર્ગ, રણછોડપુરા પાટીયા થી ડાકોર તરફ જતો માર્ગ, ગાયોના વાડાથી ડાકોર તરફ જતો માર્ગ અને વેલકમ પાટીયા થી મંદિર તરફ જતા માર્ગ પર વાહન પ્રતિબંધ અવરજવર ઉપરના જાહેરનામા અંગે કામગીરી કરવામાં આવશે.

દર્શનાર્થીઓ-શ્રદ્ધાળુ માટે સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ, નેત્રમ કમાન્ડ કંટ્રોલ, મોબાઈલ એપ્લિકેશન, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ઘોડેસવાર પેટ્રોલિંગ સુવિધાઓ ઉપરાંત સિવિલ ડિફેન્સના કર્મચારીઓ દ્વારા મંદિરના મુખ્ય દરવાજે અને ઘુમ્મટમાં સરળ અવરજવર માટેની સુવિધાઓ આપવામાં આવશે.

મહોત્સવ દરમિયાન કોઈપણ દર્શનાર્થીને કોઈ મૂંઝવણ અંગે નિરાકરણ માટે પોલીસ દ્વારા ૦૭ પોલીસ સહાયતા કેન્દ્રો તૈયાર કરવામાં આવેલ છે. જેમાં રાયપુરા પાટીયા, ગાયોના વાડા, મહુધા ટી. પોઈન્ટ, ડાકોર ટ્રાફિક સર્કલ, રાણીયા, મંગલસેવા ધામ અને રાધાકુંડનો સમાવેશ થાય છે.

પાર્કિંગ માટે પણ યાત્રાળુઓના ફ્લો મુજબ અલગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેમાં, ઠાસરા તરફથી આવતા વાહનો માટે નાયબ કાર્યપાલક ઈજનેર આર. એન.બી ડાકોરનું ગ્રાઉન્ડ, અમદાવાદ તરફથી આવતા વાહનો માટે ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ ખાતે અને ઉમરેઠ તરફથી આવતા વાહનો માટે ભવન્સ કોલેજ ખાતે પાર્કીંગની સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે.

આરોગ્ય વિષયક બાબતો પર વિશેષ તકેદારીના ભાગરૂપે ડાકોર હોળી ચકલા, હીરાલક્ષ્મી ટાવર, બોડાણા સ્ટેચ્યુ પર એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવશે. અને મંદિર પરિસરની અંદર તેમજ કંટ્રોલ રૂમની બાજુમાં મેડિકલ ટીમ તૈયાર રાખવામાં આવશે.

યાત્રાળુઓની પરિવહનની સરળ સુવિધા ખાતર મોટી સંખ્યામાં સરકારી બસો તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત ડાકોર ખાતે તૈયાર કરવામાં આવનાર હંગામી બસ સ્ટેશન ઉપર થી જ યાત્રીઓને મંદિરનો પ્રસાદ મળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નગરપાલિકા પ્રમુખ વિપુલ શાહ, નાયબ વન સંરક્ષક અભિષેક સામરીયા, નિવાસી અધિક કલેક્ટર જે.બી.દેસાઈ, ઠાસરા પ્રાંત અધિકારી કરણ પ્રજાપતિ, ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણી સહિતના લાઈન ડિપાર્ટમેન્ટના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# T20 વર્લ્ડ કપમાં ઉલટફેર, નાની ટીમોનો મોટો ધડાકો! વર્લ્ડ ચેમ્પિયન્સની ચિંતા વધી



**નવી દિલ્હી, તા.10**

T20 વર્લ્ડ કપ 2026ની મેચોએ ટૂર્નામેન્ટની દિશા અને ધારણા બંને બદલી નાખી છે. રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી નેપાળ vs ઈંગ્લેન્ડની મેચે એ સ્પષ્ટ કરી દીધું કે, વર્લ્ડ કપમાં કોઈ પણ ટીમ નબળી નથી.

આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 20 ઓવરમાં 184 રન બનાવ્યા હતા. જેના જવાબમાં નેપાળે છેલ્લા બોલ સુધી મેચને ખેંચી. અંતિમ બોલ પર છ રનની જરૂર હતી. બોલ સેમ કુરનના હાથમાં હતો, જ્યારે નોન-સ્ટ્રાઈકર એન્ડ કરણ કેસી ઊભો હતો.

સેમ કુરનના સટીક યોર્કર પર નેપાળ મોટો શોટ રમવામાં નિષ્ફળ ગયું અને ઈંગ્લેન્ડે ચાર રનથી મેચ જીતી લીધી. સ્કોરબોર્ડ પર ભલે ઈંગ્લેન્ડ વિજેતા રહ્યું પરંતુ મેદાન અને ક્રિકેટ જગતમાં ચર્ચા નેપાળના પ્રદર્શનની થઈ રહી છે. નેપાળે આખી મેચમાં ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલરો જોફ્રા આર્ચર, લ્યૂક વુડ અને સ્પિનર આદિલ રશીદ સામે બેખોફ બેટિંગ કરી.

આ પ્રદર્શન બાદ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 'મીનો' અને ' એ સોસિયેટ' ટીમોની અવધાર ણા પર સવાલ ઉઠવા લાગ્યા છે. નામિબિયાના કેપ્ટન ગેરહાર્ડ ઈરાસ્મસે પણ કહ્યું છે કે હવે આ ટેગ્સ હટાવવાનો સમય આવી ગયો છે.

T20 વર્લ્ડ કપ 2026માં 10 એસોસિયેટ ટીમો ભાગ લઈ રહી છે અને નેપાળ, USA અને નેધરલેન્ડ જેવી ટીમોએ મોટા દેશોને મોટો પડકાર ફેંક્યો છે. નેપાળ ઈંગ્લેન્ડ સામે, USA ભારત સામે અને નેધરલેન્ડ પાકિસ્તાન સામે ખૂબ જ ઓછા રને હાર્યું છે. આ મેચોમાં હારનું અંતર પ્રતિભાનો અભાવ નહીં, પરંતુ મહત્વપૂર્ણ ક્ષણોમાં છોડાયેલા કેચ અને મોટા ખેલાડીઓનું અસાધારણ પ્રદર્શન રહ્યું છે.

ટૂર્નામેન્ટની શરૂઆત પહેલા એવું માનવામાં આવી રહ્યું હતું કે, ગ્રુપ સ્ટેજ ઔપચારિક હશે અને મોટા દેશો સરળતાથી આગળ વધી જશે. પરંતુ શરૂઆતની મેચોએ આ વિચારસરણીને સંપૂર્ણપણે ખોટી સાબિત કરી દીધી છે.

નેપાળ vs ઈંગ્લેન્ડની મેચ કોઈ નોકઆઉટ મેચથી ઓછી નહોતી. બીજી તરફ અમેરિકાએ ભારતને જીત માટે સખત મહેનત કરવા માટે મજબૂર કર્યું અને નેધરલેન્ડે તો પાકિસ્તાનને લગભગ ટૂર્નામેન્ટમાંથી બહાર જ કરી દીધુ હતું.

ક્રિકેટ એક્સપર્ટસનું માનવું છે કે, T20 ફોર્મેટ આ અંતર ઘટાડવામાં સૌથી મોટું પરિબળ છે. 20 ઓવરની રમતમાં એક બેટ્સમેન અથવા બોલર આખી મેચ પલટી શકે છે. ફ્રેન્ચાઈઝી લીગની અસર પણ સ્પષ્ટપણે દેખાય રહી છે. એસોસિયેટ દેશોના ખેલાડીઓ હવે IPL, બિગ બેશ લીગ અને અન્ય લીગમાં નિયમિતપણે રમે છે, જેના કારણે તેઓ મોટા મંચ પર દબાણનો સામનો કરવા ટેવાયેલા છે.

T20 વર્લ્ડ કપ 2026ની શરૂઆતની મેચોએ એ સ્પષ્ટ કરી દીધું છે કે, આ ટુર્નામેન્ટમાં હવે મોટી ટીમોનો દબદબો નહીં રહેશે. હવે સવાલ એ નથી કે એસોસિએટ ટીમો મુકાબલો કરી શકશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે, પ્રથમ એસોસિએટ ટીમ ક્યારે કોઈ મોટી ટુર્નામેન્ટનો ખિતાબ જીતશે.

# ભારતના આ 5 સ્ટાર ખેલાડીઓનું સપનું તૂટ્યું! BCCIના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ન મળ્યું સ્થાન....

**નવી દિલ્હી, તા.10**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે 2025-26 સીઝન માટે કુલ 30 ખેલાડીઓને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ આપ્યા છે. વિરાટ કોહલી અને રોહિત શર્માને ગ્રેડ Bમાં મૂકવામાં આવ્યા છે. ફક્ત શુભમન ગિલ, રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહ ગ્રેડ Aમાં છે. જો કે, પાંચ કમનસીબ ખેલાડીઓ વિશે જણાવીશું જે લાયક હતા પરંતુ હજુ સુધી તેમને BCCI કોન્ટ્રાક્ટ મળ્યા નથી.



મોહમ્મદ શમી: અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીને આ વખતે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ મળ્યો નથી. તે છેલ્લે 2025 ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત માટે રમ્યો હતો. ત્યારબાદ શમીને બહાર કરવામાં આવ્યો હતો. જોકે, શમી ઘરેલુ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે.

રજત પાટીદાર: ભારતીય ખેલાડી રજત પાટીદારને 2025-26 સીઝન માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પણ મળ્યો નથી. તે પણ લાંબા સમયથી ભારતીય ટીમની બહાર છે. તેણે ભારત માટે ત્રણ ટેસ્ટ અને એક વનડે રમી છે.

ઈશાન કિશન: વિકેટકીપર-બેટર ઈશાન કિશન, જે બેટથી ધમાકેદાર રહ્યો છે, તેને પણ આ વખતે BCCI સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ મળ્યો નથી. કિશન T20 વર્લ્ડ કપ માટે ભારતની ટીમનો ભાગ છે. તે તાજેતરમાં 2023માં ન્યુઝીલેન્ડ સામેની ગેરહાજરી બાદ ભારતીય ટીમમાં પાછો ફર્યો છે.

મુકેશ કુમાર: ફાસ્ટ બોલર મુકેશ કુમારને પણ 2025-26 સીઝન માટે BCCI સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ મળ્યો નથી. મુકેશ છેલ્લે 2024માં ભારત માટે રમ્યો હતો. તેણે અત્યાર સુધીમાં ભારત માટે ત્રણ ટેસ્ટ, છ વન-ડે આંતરરાષ્ટ્રીય અને 17 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.

સરફરાઝ ખાન: ઘરેલુ ક્રિકેટમાં ઘણાં રન બનાવનારા સરફરાઝ ખાનને આ વખતે BCCIનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પણ મળ્યો નથી. 2024-25ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી તેને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. તે પછી, ખાને ઘરેલુ ક્રિકેટમાં રન બનાવવાનું ચાલુ રાખ્યું, પરંતુ તેમ છતાં તેને રમવાની તક મળી નહીં. સરફરાઝે તેની કારકિર્દીમાં ભારત માટે છ ટેસ્ટ રમી છે.

# ભારત આવવાની ના પાડી છતાં બાંગ્લાદેશ પર ICC મહેરબાન: કોઈ દંડ નહીં થાય....

**નવી દિલ્હી, તા.10**

ભારતમાં રમાઈ રહેલી ટી20 વર્લ્ડકપ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરવા મામલે ICCએ બાંગ્લાદેશને માફી આપી છે. બાંગ્લાદેશ જીદ કરી રહ્યું હતું કે તેમની ટીમના ખેલાડી મેચ રમવા માટે ભારત નહીં આવે, કારણ કે તેમની સુરક્ષાને ખતરો છે. જે બાદ ICCએ બાંગલાદેશને બદલે સ્કોટલેન્ડની ટીમને ટુર્નામેન્ટમાં સામેલ કરી. જે બાદથી જ અટકળો લાગી રહી હતી કે ICC બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ વિરુદ્ધ કાર્યવાહીની જાહેરાત કરી શકે છે.



ઈન્ટરનેશનલ ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશ વિરુદ્ધ કોઈ પણ કાર્યવાહી ન કરવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશ પર કોઈ જ આર્થિક, સ્પોર્ટિંગ કે એડમિનિસ્ટ્રેટિવ દંડ ફટકારવામાં આવશે નહીં. એક્શન તો દૂરની વાત, ICCએ બાંગ્લાદેશને મોટી ભેટ પણ આપી દીધી છે. 2028થી 2031ની વચ્ચે બાંગ્લાદેશમાં ICCની એક મોટી ટુર્નામેન્ટ યોજાશે.

બાંગ્લાદેશને ટી20 વર્લ્ડકપથી બહાર કર્યા બાદથી જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પણ જાતજાતની ધમકીઓ આપી રહ્યું હતું. એવામાં લાહોરમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડ તથા ICCની બેઠક યોજાઈ. જેમાં નિર્ણય લેવામાં આવ્યો કે બાંગ્લાદેશ વિરુદ્ધ કોઈ જ કાર્યવાહી કરવામાં આવશે નહીં. નોંધનીય છે કે વર્ષ 2031માં બાંગ્લાદેશ અને ભારત વનડે વર્લ્ડકપ મેજબાની કરશે. તે પહેલા બાંગ્લાદેશમાં ICCની ટુર્નામેન્ટ કરાવવામાં આવશે.

# શરતો મૂકી અને દાવ ઊંધો પડ્યો... ડરપોક પાકિસ્તાને 48 કલાકમાં લેવો પડ્યો યુટર્ન?

**નવી દિલ્હી, તા.10**

T20 વર્લ્ડ કપમાં ભારત સામેની મેચ પહેલા જ મેદાનની બહાર રમાઈ રહેલા હાઈ-વોલ્ટેજ ડ્રામાનો આખરે અંત આવ્યો છે. ભારત સામે બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સામે ઝૂકવાની ફરજ પડી છે. છેલ્લા 48 કલાકમાં પાકિસ્તાને જે રીતે યુ-ટર્ન લીધો છે તે દર્શાવે છે કે વૈશ્વિક ક્રિકેટમાં ભારત અને ICCના દબદબા સામે પાકિસ્તાનનું કોઈ જોર ચાલ્યું નથી.

T20 વર્લ્ડ કપમાં ભારત સામેની ગ્રુપ મેચને લઈને PCB દ્વારા વારંવાર વાંધાઓ ઉઠાવવામાં આવી રહ્યા હતા. પાકિસ્તાન બોર્ડે એવી વ્યૂહતનીતિ અપનાવી હતી કે જો તેમની કેટલીક શરતો માનવામાં નહીં આવે તો તેઓ મેચનો બહિષ્કાર કરશે. પીસીબીનું આ વલણ માત્ર મેચ પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ તે ક્રિકેટના વૈશ્વિક માળખામાં પોતાની પકડ મજબૂત કરવાનો એક રાજકીય દાવો હતો.



જ્યારે પાકિસ્તાને બહિષ્કારની વાત કરી, ત્યારે ICCએ કોઈ પણ જાતની નરમાશ રાખવાને બદલે અત્યાર સુધીનું સૌથી કડક વલણ અપનાવ્યું. ICC એ સ્પષ્ટ સંદેશ આપ્યો કે, નિર્ધારિત શેડ્યૂલ મુજબ જ મેચ રમાશે, તેમાં કોઈ પણ પ્રકારનો બદલાવ શક્ય નથી. જો પાકિસ્તાન મેચ રમવાની ના પાડે છે, તો તેને નિયમોનું ઉલ્લંઘન ગણવામાં આવશે. વોકઓવર જાહેર કરવા ઉપરાંત પાકિસ્તાનના પોઈન્ટ કાપી લેવા અને તેના પર મસમોટો નાણાકીય દંડ ફટકારવાની ચીમકી આપવામાં આવી હતી.

ICC ના આ કડક વલણથી પાકિસ્તાન બોર્ડમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જો પાકિસ્તાન મેચ ન રમે તો તેને કરોડો રૂપિયાની બ્રોડકાસ્ટિંગ આવક ગુમાવવી પડે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટ રમવા પર પ્રતિબંધ આવી શકે. આ ઉપરાંત આર્થિક રીતે સંકટમાં રહેલા PCB માટે ICCનું ફંડ બંધ થવું આત્મઘાતી સાબિત થઈ શકે તેમ હતું. આ આર્થિક અને રાજકીય દબાણ હેઠળ, પાકિસ્તાને જે 'કડક વલણ' લીધું હતું તે માત્ર 48 કલાકમાં ઓગળી ગયું અને તેઓએ કોઈપણ શરત વગર ભારત સામે રમવાની તૈયારી દર્શાવી દીધી.

મહત્વનું છે કે ભારત અને પાકિસ્તાનનો મુકાબલો ક્રિકેટ જગતનો સૌથી મોટી અને કમાણી કરનારો હોય છે. તેવામાં ભારત પાકિસ્તાન વચ્ચેની મેચ જોઈ રદ થાય તો ICC, બ્રોડકાસ્ટર્સ અને તમામ બોર્ડ સભ્યોને ભારે નુકસાન થવાની ભીતિ હતી. તેવા સમયે મેચ આયોજન મુજબ રમાશે ત્યારે ક્રિકેટ ઈકોસિસ્ટમ જળવાતા ભારત-પાકિસ્તાન મેચના ચાહકોએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

# અફવાઓ અને નકારાત્મકતામાંથી તારા માનસિક શાંતિ મેળવતા શીખી

**મુંબઈ, તા.10**

તારા સુતારિયાએ બ્રેક અપની ચર્ચાઓ વચ્ચે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં માનસિક શાંતિના મહત્વ અને નકારાત્મકતાથી પોતાની જાતને કઈ રીતે બચાવવી તે અંગે ખુલાસો કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી તારા કામ કરતાં વધુ પોતાનાં અંગત જીવનને લઈને ચર્ચામાં રહી છે. બોલિવૂડ એક્ટર વીર પહારિયા સાથેના તેનાં સંબંધોને લઈને ઘણી અટકળો અને ચર્ચાઓ વહેતી થઈ છે. બંનેએ ક્યારેય તેમના સંબંધનો સત્તાવાર સ્વીકાર કર્યો નહોતો. તેમ જ બ્રેકઅપના સમાચાર પણ માત્ર અફવાઓ જ ગણાવાયા છે.

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તારા પોતાના અંગત જીવનને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર સીધી વાત કરવાથી દૂર રહી, પરંતુ આસપાસની નકારાત્મકતા વચ્ચે માનસિક શાંતિ શોધવા અને પોતાની જાતને બચાવવા અંગેના તેમાં વિચારો વ્યક્ત કર્યા.

ઈન્ટરવ્યુમાં તારાએ પોતાની કારકિર્દી, પબ્લિક ઈમેજ અને અંગત જીવન વચ્ચે સંતુલન સાધવાની વાત કરી. તેણે જણાવ્યું કે સમય સાથે તેણે "પોતાની શાંતિને કેવી રીતે બચાવી રાખવી તે શીખી લીધું છે."

તારાએ કહ્યું, "હું હંમેશાં માનું છું કે સફળતા આંતરિક હોય છે. મનની શાંતિ, મને પ્રેમ કરતાં કેટલાંક લોકો, પોતાની જાતને ઓળખવી – એ જ મારું લક્ષ્ય રહ્યું છે. મેં અનેક વખત કામ કરતાં પણ મારા મૂલ્યોને પ્રાથમિકતા આપી છે. હું કોઈ ફિલ્મ છોડવાનું પસંદ કરી શકું, પરંતુ પોતાની જાતને ખોઈ શકું નહીં."

તારાએ સ્વીકાર્યું કે એક્ટર હોવાને કારણે અંગત અને વ્યાવસાયિક જીવન અંગે અનેક પ્રકારની અટકળો ચાલતી રહે છે, પરંતુ તેણે ક્યારેય દરેક વાત પર સ્પષ્ટતા કરવાની જરૂરિયાત અનુભવી નથી. તેણે ઉમેર્યું, "જ્યાં સુધી મને હકિકત ખબર છે અને મારા અંગત લોકોને પણ ખબર છે, એટલું મારા માટે પૂરતું છે."



તારા અને વીરે 2025થી એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. બંને ઘણા પ્રસંગો અને કાર્યક્રમોમાં જાહેર સ્થળોએ સાથે જોવા મળતાં હતાં. તાજેતરમાં, એક કોન્સર્ટ દરમિયાન ગાયક એ.પી. ધિલ્લોન સાથે સ્ટેજ પર ડાન્સ કરવા બદલ તારાને ટ્રોલ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર બનેલા મીમ્સ બાદ તારાએ આ ઘટનાને પોતાની વિરુદ્ધ ચાલી રહેલી પેઈડ પી.આર. કેમ્પેઈન ગણાવી હતી.

તારાએ લખ્યું હતું, "P.S - ખોટી વાર્તાઓ, ચાલાક એડિટિંગ અને પેઈડ પી.આર. કેમ્પેઈન અમને હલાવી પણ શકશે નહીં. અંતે પ્રેમ અને સત્ય જ જીતે છે. એટલે મજાક તો અમારી મજાક કરવાવાળીની જ થઈ રહી છે." આ પોસ્ટ પર પ્રતિસાદ આપતાં એ.પી. ધિલ્લોએ "ક્વીન" લખ્યું હતું, જ્યારે વીર પહારિયાએ લાલ દિલ અને આગના ઈમોજી સાથે પ્રતિભાવ આપ્યો હતો. આ પછી થોડા જ દિવસોમાં તારા અને વીર વચ્ચે બ્રેકઅપ થયાની અફવાઓ ફેલાઈ હતી, પરંતુ બંનેમાંથી કોઈએ પણ હજી સુધી આ અંગે જાહેર રીતે કંઈ કહ્યું નથી. કામની વાત કરીએ તો, તારા હાલમાં પોતાની આગામી ફિલ્મ 'ટૉક્સિક'ની રિલીઝની રાહ જોઈ રહી છે. ગીતુ મોહનદાસે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં યશ લીડ રોલમાં છે. સાથે જ ફિલ્મમાં નયનતારા, હુમા કુરેશી, કિયારા અડવાણી અને રુક્મિણી વસંત પણ મહત્વનાં રોલમાં જોવા મળશે. આ કન્નડ-અંગ્રેજી બે ભાષામાં તૈયાર થયેલી ફિલ્મ 19 માર્ચના રોજ થિએટર્સમાં રિલીઝ થવાની છે.

# વિનોદ ખન્નાને નગ્ન અવસ્થામાં ધ્યાનની ટેવ હતી, 24 કલાકમાં 80 સિગારેટ પી જતાં.....

મુંબઈ, તા.10

બોલિવૂડના દિવંગત અને દિગ્ગજ અભિનેતા વિનોદ ખન્ના સતત ચર્ચામાં રહેતા હતા. પ્રોફેશનલ લાઈફની સાથે-સાથે પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહેનારા વિનોદ ખન્નાનું વર્ષ 2017માં નિધન થઈ ગયું હતું. બોલિવૂડમાં પોતાના કરિયરના પીક પર વિનોદ ખન્નાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી અંતર બનાવી લીધું હતું અને ઓશોના આશ્રમમાં જતા રહ્યા હતા. વિનોદ ખન્નાની બીજી પત્ની કવિતા ખન્નાએ ખુલાસો કર્યો છે કે, ઓશોના સાનિધ્યમાં રહેવા દરમિયાન વિનોદ નગ્ન અવસ્થામાં ધ્યાન કરતા હતા.



વિનોદ ખન્નાના પત્ની કવિતા ખન્નાએ તાજેતરમાં જ પોતાની યુટ્યુબ ચેનલ પર એક વિડીયો અપલોડ કર્યો છે. તેમાં તેણે વિનોદ ખન્ના સાથેની પોતાની પ્રથમ મુલાકાત, સંન્યાસ અને આધ્યાત્મિકતા તરફ તેમના ઝુકાવ અંગે વાત કરી છે. પહેલી મુલાકાત અંગે કવિતાએ કહ્યું કે, અમે 1989માં વિનોદના ઘરે તેમની 43મી બર્થડે પાર્ટીમાં મળ્યા હતા. તે સાંજે મારી તેમની સાથે વાત નહોતી થઈ. પછી જ્યારે હું અને મારા મિત્રો જઈ રહ્યા હતા, ત્યારે વિનોદ અમને દરવાજા પર લિફ્ટ સુધી છોડવા આવ્યો હતો.

કવિતાએ જણાવ્યું કે, 'વિનોદ શરૂઆતથી જ આધ્યાત્મિક સ્વભાવના હતા. જ્યારે વિનોદના પરિવારમાં બે વર્ષની અંદર સતત મૃત્યુ થતા ગયા અને જ્યારે તેમની માતાનું નિધન થઈ ગયું, ત્યારે તેઓ સંપૂર્ણપણે આધ્યાત્મિકતા તરફ વળી ચૂક્યા હતા અને આધ્યાત્મિક ગુરુ ઓશો પાસે જઈને સંન્યાસ લઈ લીધો. તેઓ ઓશોના ગાર્ડનર હતા. ઓશોનું ઘર ખૂબ જ પ્રાઈવેટ હતું, અને ત્યાં ખૂબ જ ઓછા લોકોને જવાની મંજૂરી હતી, પરંતુ જો તમે ગાર્ડનર હોવ, તો તમે ત્યાં રહી શકતા હતા. આ તેમની સેવા હતી.'

કવિતાએ વિનોદના નગ્ન અવસ્થામાં ધ્યાન કરવાનો પણ ખુલાસો કર્યો. તેણે ગિરગાંવ ચોપાટી ખાતે યોજાયેલા એક ન્યૂડ મેડિટેશન વિશે વાત કરતાં જણાવ્યું કે, 'જ્યારે તેઓ મુંબઈમાં રહેતા હતા, પુણે આશ્રમમાં જતા પહેલા પણ તેઓ ચોપાટી બીચ પર મેડિટેશન કરતા હતા. મુંબઈનો તે ચોપાટી બીચ ખૂબ જ ભીડવાળો બીચ છે. ત્યાં તમામ લોકો પોતાના કપડાં ઉતારી દેતા હતા અને નગ્ન થઈને એક સર્કલમાં બેસીને ધ્યાન કરતા હતા. મને ખબર છે કે વિનોદ ત્યાં કોઈ ફિઝિકલ પાર્ટ માટે નહોતા જતા. તેમની સફર સંપૂર્ણપણે આધ્યાત્મિક હતી, ખૂબ જ ઊંડી શ્રદ્ધા અને સમર્પણ સાથે.'

વર્ષ 2021માં વિનોદને ફેફસાના કેન્સરનું નિદાન થયું હતું, જે બાદમાં સારું થઈ ગયું હતું અને પછી 2010માં બ્લડ કેન્સર થયું. વિનોદના ફેફસાના કેન્સરના દિવસોને યાદ કરતાં કવિતાએ કહ્યું કે, 'જ્યારે તેઓ પોતાના વાર્ષિક ચેકઅપ માટે ગયા હતા ત્યારે ડોક્ટરોએ તેના ફેફસાં પર કેટલાક ધબ્બા જોયા હતા. તે દિવસમાં 40 થી 80 સિગારેટ પીતો હતો.'

# શું 'એનિમલ પાર્ક'માં જોવા મળશે કબીર સિંહ? શાહિદ કપૂરે ડાયરેક્ટરના પ્લાન વિશે કર્યો ખુલાસો

**મુંબઈ, તા.10**

બોલિવૂડ અભિનેતા શાહિદ કપૂર હાલમાં વિશાલ ભારદ્વાજની આગામી ફિલ્મ 'ઓ રોમિયો' ની રિલીઝ માટે તૈયારી કરી રહ્યો છે, જેમાં તૃપ્તિ ડિમરી પણ છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં શાહિદને 'કબીર સિંહ' અને રણબીર કપૂરની 'એનિમલ પાર્ક' વચ્ચેના સંભવિત ક્રોસઓવરને લઈને ફેન્સની અટકળો વિશે પૂછવામાં આવ્યું હતું. આ દરમિયાન શાહિદ કપૂરે ડાયરેક્ટરના પ્લાનનો ખુલાસો કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, શાહિદે ખુલાસો કર્યો છે કે જ્યારે



'એનિમલ' ફિલ્મ બની રહી હતી ત્યારે ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ મારો સંપર્ક કર્યો હતો. જેથી 'કબીર સિંહ' ફિલ્મનો એક નાનો કેમિયો તેમાં સામેલ કરી શકાય. શાહિદે કહ્યું કે, વાંગા 2023ની ફિલ્મ 'એનિમલ'માં કબીર સિંહનો એક સીન ઈચ્છતા હતા. જોકે, તારીખોની સમસ્યાને કારણે આવું ન થયું. શાહિદ કપૂરને 'એનિમલ પાર્ક' સાથે કબીર સિંહ ક્રોસઓવર અંગે ફેન્સની અટકળો વિશે પૂછવામાં આવ્યું હતું. જેને લઈને એક્ટરે જણાવ્યું કે, સંદીપ રેડ્ડી વાંગા જ્યારે એનિમલ બનાવી રહ્યા હતા ત્યારે આવો વિચાર ખરેખર થોડા સમય માટે વિચારવામાં આવ્યો હતો. શાહિદે વધુમાં જણાવ્યું કે, કબીર સિંહ અને એનિમલ બંને પાત્ર સંદીપ રેડ્ડી વાંગાના છે, તેથી ભવિષ્યમાં કોઈપણ ફિલ્મ કેવી રીતે બનાવવી તે સંપૂર્ણપણે દિગ્દર્શકના વિઝન પર આધાર રાખે છે. સંદીપ રેડ્ડી વાંગાની 2019ની ફિલ્મ કબીર સિંહમાં શાહિદ કપૂર અને કિયારા અડવાણીએ અભિનય કર્યો હતો.

# 'ભારતને વધુ સારા થિયેટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર' આમિરના નિવેદને વિવાદ સર્જ્યો

**મુંબઈ, તા.10**

ભારતમાં સિનેમા સ્ક્રીન્સની સંખ્યા અંગે ચાલી રહેલી ચર્ચા વધુ તીવ્ર બની છે, ખાસ તો આમિર ખાને ભારતની સ્થિતિની ચીન સાથે સરખામણી કરતાં આ વિવાદે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આમિર ખાને કહ્યું હતું કે ચીન સાથે સ્પર્ધા કરવા માટે દેશમાં ઘણાં વધુ સિનેમાઘરોની જરૂર છે. આમિરના આ નિવેદન પર હવે થિયેટર એક્ઝિબિટર્સ અને વિતરકો તરફથી કડક પ્રતિક્રિયા સામે આવી છે, જેમાંથી એક નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે. આમિર ખાને એક ઈન્ટરવ્યુમાં ભારતીય એક્ઝિબિશન સેક્ટરની માળખાકીય મર્યાદાઓ પર વાત કરી હતી. તેણે કહ્યું કે ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશ માટે હાલની સ્ક્રીન્સની સંખ્યા ખૂબ જ ઓછી છે. આમિરે જણાવ્યું, "ભારત એક વિશાળ દેશ છે, લગભગ એક ખંડ જેટલો મોટો વિસ્તાર છે. દરેક રાજ્યની પોતાની ભાષા, પોતાની સંસ્કૃતિ અને પોતાની ફિલ્મો છે. તેથી મને લાગે છે કે ભારત જેવા દેશમાં ઘણા વધુ સિનેમાઘરો હોવા જોઈએ, જેથી આપણે વધુ લોકો સુધી પહોંચી શકીએ. જો આપણે ચીન સાથે સ્પર્ધા કરવી હોય, તો ત્યાં અંદાજે એક લાખ સ્ક્રીન્સ છે."

આગળ આમિરે કહ્યું, "ભારતમાં હાલમાં આશરે 9,000 સ્ક્રીન છે. તો આપણે ચીન સાથે સરખામણી પણ કઈ રીતે કરી શકાય? આઉટલેટ્સની સંખ્યામાં આપણે તેમના કરતાં દસમા



ભાગના સ્ક્રીનની જ સુવિધા ધરાવીએ છીએ. એ જ કારણે ચીનમાં એક મોટી ફિલ્મ બે અબજ અમેરિકન ડોલર જેટલો બિઝનેસ કરે છે, એ પણ ફક્ત ચીનમાં જ. જ્યારે આપણે સ્ક્રીનની સંખ્યા વધારીએ, ત્યારે ગ્રાસરૂટ લેવલે બિઝનેસ વિસ્તરે છે અને એક માળખાનો આધાર મજબૂત બને છે." છેલ્લા થોડા વખતમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મમાં રનવીર સિંહની 'ધુરંધર'નું ઉદાહરણ આપતા, આમિરે પ્રશ્ન ઉઠાવ્યો કે વધુ સ્ક્રીન પર રિલીઝ થઈ હોત તો ફિલ્મ કેટલો વધુ બિઝનેસ કરી શકી હોત. "ધુરંધરે આશરે 1,000 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. કલ્પના કરો કે જો તે 5,000 નહીં પરંતુ 15,000 સ્ક્રીન પર રિલીઝ થઈ હોત તો? અદભુત! ભારતના અનેક જિલ્લાઓમાં આજે પણ એકપણ સ્ક્રીન નથી."

આમિરના નિવેદન પર વિતરક અને એક્ઝિબિટર અક્ષય રાઠીએ તીવ્ર પ્રતિભાવ આપ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, "આદર સાથે પૂછું છું, આમિર ખાન, તમારી છેલ્લી એવી કઈ ફિલ્મ હતી જેને ભારતની 9,000થી વધુ સ્ક્રીન પર રિલીઝ કરવાની જરૂર પડી હતી? કે પછી હિન્દી માર્કેટની 4,500 સ્ક્રીન પર પણ તમે તમારી કોઈ ફિલ્મ રિલીઝ કરી હતી? હેપ્પી પટેલ, લાપતા લેડીઝ, સિતારે જમીન પર જેવી ફિલ્મને મેટ્રો કેન્દ્રિત અને મર્યાદિત રિલીઝ મળી છે અને હાલની એક્ઝિબિશન ચેઈન બાબતે આ વાત જ બિલકુલ અપ્રસ્તુત છે." તેમણે આગળ ઉમેર્યું, "ભારતીય બિઝનેસ સંસ્થાઓ પાસે તમે જે સુવિધાઓની વાત કરો છો તે ઝડપથી ઉભું કરવાની ક્ષમતા છે, પરંતુ તેનો ઈંધણ એ કન્ટેન્ટ(ફિલ્મ) છે જે ગ્રાસરૂટ લેવલ પર લોકો સાથે જોડાય. તમે 'ધુરંધર'નું ઉદાહરણ આપ્યું, પરંતુ એક વર્ષમાં કેટલી ફિલ્મ એવા આંકડામાં કમાણી છે? શું માત્ર 3-4 મોટી ફિલ્મો માટે કરોડો રૂપિયાનું મૂડીરોકાણ કરીને સિનેમાઘરો ઊભા કરી શકાય અને ચલાવી શકાય?"

# ચાંદી ₹3,759 વધીને ₹2.57 લાખ પ્રતિ કિલો થઈ: બે દિવસમાં ₹12,495 મોંઘી થઈ, સોનું ₹824 વધીને ₹1.56 લાખ થયું....

નવી દિલ્હી, તા.10



10 ફેબ્રુઆરીના રોજ સતત બીજા દિવસે ચાંદી અને સોનાના ભાવમાં વધારો થયો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, આજે એક કિલો ચાંદીની કિંમત 3,759 રૂપિયા વધીને 2,57,424 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. સોમવારે તેનો ભાવ 2,53,665 રૂપિયા પ્રતિ કિલો હતો. શુક્રવારે ચાંદીનો ભાવ 2,44,929 રૂપિયા પ્રતિ કિલો હતો.

10 ફેબ્રુઆરીએ 10 ગ્રામ 24 કેરેટ સોનું 824 રૂપિયા વધીને 1,55,700 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા સોમવારે તે 10 ગ્રામ દીઠ 1,54,876 રૂપિયા હતું. બુલિયન બજારમાં 29 જાન્યુઆરીએ સોનાનો ભાવ 1,76,121 રૂપિયા અને ચાંદીનો ભાવ 3,85,933 રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર હતો.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 22,505 રૂપિયા વધી ચૂકી છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,55,700 રૂપિયા થઈ ગયું છે.

તેમજ, ચાંદી 27,004 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે 2,57,424 રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

છેલ્લા ત્રણ કારોબારી સત્રોમાં સોના-ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન સોનું લગભગ 15% સસ્તું થયું હતું. હવે ભાવ સ્થિર થતાં જ રોકાણકારોએ નીચલા સ્તરે ખરીદી શરૂ કરી દીધી છે. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે હાલમાં સોના-ચાંદીમાં એકસાથે પૈસા રોકવાનું ટાળવું જોઈએ. તેના બદલે ધીમે ધીમે રોકાણ કરવું વધુ ફાયદાકારક રહેશે.

2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયાની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઇટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન થાય વે તો અસલી છે.

# સેન્સેક્સ 208 પોઈન્ટ વધીને 84,274 પર બંધ: નિફ્ટીમાં 68 પોઈન્ટની તેજી, ઓટો અને મીડિયા શેરોમાં ખરીદી....

મુંબઈ, તા.10

10 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 208 પોઈન્ટની તેજી સાથે 84,274 પર બંધ થયો. નિફ્ટી 68 પોઈન્ટ વધીને 25,935 પર ટ્રેડ થઈ રહ્યો છે. આજે ઓટો, આઈટી અને મીડિયા શેરોમાં તેજી જોવા મળી રહી છે, જેમાં ઓટો સેક્ટર સૌથી વધુ 1.37% વધ્યું છે.



જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 2.54% વધીને 57,795 પર અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 0.18% વધીને 5,307 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ 0.49% વધીને 27,160 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 4,122 પર ફ્લેટ કારોબાર કરી રહ્યો છે.

9 ફેબ્રુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.04% વધીને 50,135 પર બંધ થયો. નાસ્ડેક 0.90% અને S&P 500 0.47% વધીને બંધ થયા.

વિદેશી રોકાણકારો (FII) એ 9 ફેબ્રુઆરીના રોજ 2,222 કરોડ અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 263 કરોડના શેર ખરીદ્યા.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

આજે આય ફાઈનાન્સ અને ફ્રેક્ટલ એનાલિટિક્સના IPOનો બીજો દિવસ નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) આય ફાઈનાન્સ અને ફ્રેક્ટલ એનાલિટિક્સ કંપનીના IPOનો આજે બીજો દિવસ છે. રોકાણકારો 11 ફેબ્રુઆરી સુધી તેમાં બોલી લગાવી શકશે. આય ફાઈનાન્સ આ ઈશ્યૂ દ્વારા 1,010 રૂપિયા એકત્ર કરવા માંગે છે. જ્યારે ફ્રેક્ટલ એનાલિટિક્સનો 2,833.90 કરોડ રૂપિયા એકત્ર કરવાનો પ્લાન છે.

ગઈકાલે બજારમાં તેજી રહી હતી આ પહેલા ગઈકાલે એટલે કે 9 નવેમ્બરે શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 485 પોઈન્ટના ઉછાળા સાથે 84,066ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં 174 પોઈન્ટનો વધારો થયો હતો, જે 25,867 પર બંધ થયો હતો.

# બ્લુચિપ ફંડ્સે 1 વર્ષમાં 22%નું રિટર્ન આપ્યું: બજારમાં ઉતાર-ચઢાવ વચ્ચે આમાં પૈસા રોકવા ઓછા જોખમી

મુંબઈ, તા.10

છેલ્લા કેટલાક મહિનામાં શેરબજારમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. આનાથી ઘણા રોકાણકારોનો પોર્ટફોલિયો નેગેટિવમાં ગયો છે. જોકે, આ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડના બ્લુચિપ ફંડ્સ અથવા લાર્જ કેપ ફંડ્સે સારુ વળતર આપ્યું છે. છેલ્લા એક વર્ષમાં લાર્જ કેપે 21% સુધીનું વળતર આપ્યું છે.



લાંબા સમય સુધી સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા રોકાણ કરીને તમે આ ફંડમાં સારું વળતર મેળવી શકો છો. ચાલો હવે સૌથી પહેલા બ્લુચિપ અથવા લાર્જ કેપ ફંડ્સ મ્યુચ્યુઅલ ફંડ વિશે જાણીએ.

આ લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ જ છે, જોકે, કેટલાક લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડે તેમના નામ સાથે બ્લુચિપ પણ જોડ્યું છે. જેમ કે એક્સિસ બ્લુચિપ ફંડ, ICICI પ્રુ બ્લુચિપ ફંડ, SBI બ્લુચિપ ફંડ, કોટક બ્લુચિપ ફંડ અથવા ફ્રેન્કલિન બ્લુચિપ ફંડ.

બ્લુચિપ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમો માટે રોકાણકારો પાસેથી એકત્ર કરાયેલી રકમનો ઓછામાં ઓછો 80% ટોપ 100 કંપનીઓમાં રોકાણ કરવું જરૂરી છે. એવું માનવામાં આવે છે કે તેમના શેરોમાં ઓછો ઉતાર-ચઢાવ હોય છે, તેથી તેમાં પૈસા રોકવાથી નુકસાન થવાની સંભાવના, ખાસ કરીને લાંબા ગાળે ઓછી રહે છે.

બ્લુચિપ કંપનીઓ એવી કંપનીઓને કહેવાય છે જેમનું કદ ખૂબ મોટું હોય છે અને જેમની આર્થિક સ્થિતિ મજબૂત હોય છે. એવું માનવામાં આવે છે કે તેમના શેરોમાં ઓછો ઉતાર-ચઢાવ હોય છે, તેથી તેમાં પૈસા રોકવાથી નુકસાન થવાની સંભાવના, ખાસ કરીને લાંબા ગાળે ઓછી રહે છે.

લાર્જ કેપ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ માટે રોકાણકારો પાસેથી એકત્ર કરાયેલી રકમનો ઓછામાં ઓછો 80% ટોપ 100 કંપનીઓમાં રોકાણ કરવો જરૂરી છે. જોકે, રોકાણ કરતા પહેલા ફંડનું પાછલું પ્રદર્શન, ફંડ મેનેજરની નિપુણતા અને એક્સપેન્સ રેશિયો જોવો જોઈએ.

બ્લુચિપ ફંડ્સમાં તેમને પૈસા રોકવાની સલાહ આપવામાં આવે છે, જેઓ ઓછા જોખમ સાથે શેરબજારમાં રોકાણ કરવા માંગે છે. આ સ્કીમ્સમાં ઓછામાં ઓછા 3 થી 5 વર્ષના સમયગાળાને ધ્યાનમાં રાખીને રોકાણ કરવું જોઈએ.

જોકે, આમાં કોઈ લોક-ઈન પિરિયડ હોતો નથી, તેથી તમે જરૂર પડ્યે પૈસા કાઢી શકો છો. ધ્યાન રાખો કે ટૂંકા ગાળામાં શેરબજારમાં થતી વધઘટની અસર તમારા રોકાણ પર વધુ પડી શકે છે, જ્યારે લાંબા ગાળે આ જોખમ ઓછું થઈ જાય છે.

# ઈલોન મસ્કનો હવે ચંદ્ર પર શહેર વસાવવાનો પ્લાન: તેમણે કહ્યું- ત્યાં પહોંચવું સરળ છે

## મંગળ ગ્રહ પર શહેર વસાવવામાં 20 વર્ષથી વધુ સમય લાગશે

નવી દિલ્હી, તા.10

સ્પેસએક્સના ફાઉન્ડર ઈલોન મસ્ક હવે ચંદ્ર પર શહેર વસાવશે. તેમણે પોતાનું ધ્યાન મંગળ ગ્રહ પરથી ચંદ્ર પર શિફ્ટ કરી દીધું છે. આવું એટલા માટે કારણ કે અહીં માણસોને મોકલવા મંગળની સરખામણીમાં સરળ છે. આજે 9 ફેબ્રુઆરીએ મસ્કે X પર આની જાણકારી આપી.



મસ્કે કહ્યું- સ્પેસએક્સે હવે પોતાનું ધ્યાન ચંદ્ર પર 'સેલ્ફ-ગ્રોઈંગ સિટી' બનાવવામાં લગાવી દીધું છે. આવું એટલા માટે કારણ કે આપણે તેને 10 વર્ષથી પણ ઓછા સમયમાં હાંસલ કરી શકીએ છીએ, જ્યારે મંગળ ગ્રહ પર શહેર વસાવવામાં 20 વર્ષથી વધુનો સમય લાગશે.

મિશન હજુ પણ તે જ છે: ચેતના અને જીવનને તારાઓ સુધી લઈ જવું. મંગળની યાત્રા ત્યારે જ શક્ય છે જ્યારે દર 26 મહિને ગ્રહો એક સીધી રેખામાં આવે છે. ત્યાં જવામાં 6 મહિના લાગે છે. જ્યારે આપણે દર 10 દિવસે ચંદ્ર માટે રોકેટ લોન્ચ કરી શકીએ છીએ. ત્યાં પહોંચવામાં માત્ર 2 દિવસ લાગે છે.

સ્પેસએક્સ મંગળ પર પણ શહેર વસાવવાનો પૂરો પ્રયાસ કરશે અને લગભગ 7 વર્ષમાં તેની શરૂઆત કરી દેશે. હાલમાં સૌથી મોટી પ્રાથમિકતા માનવતાના ભવિષ્યને સુરક્ષિત કરવાની છે.

મસ્ક કહેતા રહ્યા છે કે સ્પેસએક્સનો મુખ્ય ધ્યેય મંગળ પર વસાહત સ્થાપવાનો છે. દુનિયા ખતમ થવા જેવી કોઈ સ્થિતિમાં માનવીઓના અસ્તિત્વને બચાવવા માટે આ પગલું જરૂરી છે.

તેનાથી વિપરીત, નાસાનું સંપૂર્ણ ધ્યાન મૂન મિશન પર રહ્યું છે. નાસા 2028 સુધીમાં અવકાશયાત્રીઓને ચંદ્રની સપાટી પર પાછા મોકલવા માટે કામ કરી રહ્યું છે. 1972માં એપોલો પ્રોગ્રામ સમાપ્ત થયા પછી, આ પહેલીવાર હશે જ્યારે માનવીઓ ચંદ્ર પર પગ મૂકશે.

મસ્ક ભૂતકાળમાં આ પ્રયાસોની ટીકા કરી ચૂક્યા છે. ગયા વર્ષની શરૂઆતમાં, તેમણે નાસાના મૂન પ્રોગ્રામ 'આર્ટેમિસ'ને 'ધ્યાન ભટકાવનાર' ગણાવ્યો હતો. તે સમયે તેમણે લખ્યું હતું કે, 'અમે સીધા મંગળ પર જઈ રહ્યા છીએ. ચંદ્ર ફક્ત ધ્યાન ભટકાવનારી વસ્તુ છે.'

નાસાના મૂન મિશનમાં સ્પેસએક્સનું લુનર લેન્ડર ઉપયોગમાં લેવાશે. તેને બનાવવા માટે નાસાએ સ્પેસએક્સને 3 બિલિયન ડોલર એટલે કે, લગભગ 27 હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. હાલમાં તે ટેસ્ટિંગ ફેઝમાં છે અને ઘણા પરીક્ષણો દરમિયાન તેમાં વિસ્ફોટ પણ થયા છે.

માર્ચમાં કંપની તેના નવા પ્રોટોટાઈપનું પરીક્ષણ કરી શકે છે. જેફ બેઝોસની કંપની 'બ્લુ ઓરિજિન' પણ આ જ પ્રકારનું લેન્ડર બનાવવાની રેસમાં મસ્કની મુખ્ય હરીફ છે.

# શેરબજારમાં પ્રતિકુળ વલણ છતાંય વિદેશી રોકાણમાં અમેરિકન FPIનો હિસ્સો વધીને 41%

## વિવિધ પ્રતિકૂળ પરિબળોને કારણે છેલ્લા 18 મહિનામાં વિદેશી રોકાણકારોમાં ભારત પ્રત્યેના આકર્ષણમાં જોવા મળેલો સતત ઘટાડો

અમદાવાદ, તા.10

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં શેરબજારમાં ઉથલપાથલ છતાં, ભારતીય બજારમાં કુલ વિદેશી શેરહોલ્ડિંગમાં અમેરિકન ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ)નો હિસ્સો વધ્યો છે.



ડિપોઝિટરી ડેટા દર્શાવે છે કે ડેટ અને ઈક્વિટી બંનેમાં અમેરિકન એફપીઆઈનો હિસ્સો જાન્યુઆરી ૨૦૨૫માં ૩૯.૭%થી વધીને જાન્યુઆરી ૨૦૨૬માં ૪૧% થયો છે. જો કે, આ સમયગાળા દરમિયાન, એફપીઆઈએ ડેટ અને ઈક્વિટી બંનેમાં રૂ. ૧ લાખ કરોડથી વધુનું ચોખ્ખું વેચાણ કર્યું છે.

આ સમયગાળા દરમિયાન યુએસ એફપીઆઈ રોકાણ રૂ. ૨૯.૫ લાખ કરોડથી વધીને રૂ. ૩૨.૧ લાખ કરોડ થયું છે. યુએસ એફપીઆઈની દેવાની સંપત્તિમાં આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડનો વધારો થયો છે, જ્યારે ઈક્વિટી સંપત્તિમાં રૂ. ૨.૫ લાખ કરોડથી વધુનો વધારો થયો છે.

ઘણા એફપીઆઈ લાર્જ-કેપ શેરોમાં નોંધપાત્ર રોકાણ ધરાવે છે, જેમાં છેલ્લા એક વર્ષમાં થોડી વૃદ્ધિ જોવા મળી છે. જાન્યુઆરી ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬ વચ્ચે બીએસઈ સેન્સેક્સ ૬.૧% વધ્યો હતો.

યુએસ-ભારત વેપાર સોદાની આસપાસની અનિશ્ચિતતા હવે દૂર થઈ ગઈ છે, જે રોકાણને વેગ આપી શકે છે. યુએસ શેરબજારના તાજેતરના નબળા પ્રદર્શનને જોતાં, યુએસ એફપીઆઈ અન્ય બજારો તરફ વળી શકે છે. ઘણા પરિબળોને કારણે છેલ્લા ૧૮ મહિનામાં વિદેશી રોકાણકારો પ્રત્યે ભારતનું આકર્ષણ ઘટ્યું છે.

૨૦૨૪ માં વૈશ્વિક ધોરણોની તુલનામાં ભારતીય બજારો પ્રમાણમાં મોંઘા બન્યા છે, અને વૃદ્ધિ દર અને કમાણી પણ મધ્યમ થઈ છે. વધુમાં, વૈશ્વિક રોકાણકારો એઆઈમાં તકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જે ભારતમાં મોટાભાગે ગેરહાજર છે. જોકે, આ ત્રણ પરિબળો હવે ઉલટા જોવા મળી રહ્યા છે, જેના કારણે એફપીઆઈ આઉટફ્લો અટકી શકે છે.

સતત વેચાણ છતાં, એફપીઆઈ સંપત્તિમાં વધારો થયો છે. અમેરિકા સહિત વિવિધ એફપીઆઈના મૂળ દેશોમાં મોરેશિયસ જેવા દેશોમાં વારંવાર સ્થળાંતર થયું છે કારણ કે અધિકારીઓએ નીચા કર વ્યવસ્થા પર નારાજગી વ્યક્ત કરી છે. આનાથી તાજેતરના વર્ષોમાં કુલ એફપીઆઈ પ્રવાહમાં યુએસનો હિસ્સો વધવામાં પણ ફાળો હોઈ શકે છે.

# ED ટીના અંબાણીને નવું સમન્સ પાઠવશે: 9 ફેબ્રુઆરીએ તપાસ એજન્સી સમક્ષ હાજર થવાનું હતું, પરંતુ ગયા નહીં

નવી દિલ્હી, તા.10

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ટૂંક સમયમાં રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીના પત્ની ટીના અંબાણીને નવું સમન્સ જાહેર કરશે. અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે મની લોન્ડરિંગના એક કેસમાં પૂછપરછ માટે તેમને ફરીથી બોલાવવામાં આવશે.



68 વર્ષીય પૂર્વ અભિનેત્રી ટીના અંબાણીને 9 ફેબ્રુઆરીએ તપાસ એજન્સી સમક્ષ હાજર થવાનું હતું, પરંતુ તેઓ પહોંચ્યા ન હતા. અધિકારીઓના મતે, હવે તેમને ટૂંક સમયમાં ફરીથી બોલાવવામાં આવશે.

એવું માનવામાં આવે છે કે ન્યૂયોર્કના મેનહટનમાં એક લક્ઝરી એપાર્ટમેન્ટ (કોન્ડોમિનિયમ)ની ખરીદી સાથે સંકળાયેલા નાણાકીય વ્યવહારોના મામલે તેમની પૂછપરછ થવાની છે. EDએ હાલમાં આ મામલે રિલાયન્સ કોમ્યુનિકેશન (RCOM)ના પૂર્વ પ્રેસિડેન્ટ પુનીત ગર્ગની પણ ધરપકડ કરી હતી.

નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના આદેશ પર એજન્સીએ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) વિરુદ્ધ બેંક છેતરપિંડી અને નાણાકીય ગેરરીતિઓના અનેક કેસોની તપાસ માટે હાલમાં એક SITની રચના કરી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ સામે 40,000 કરોડ રૂપિયાના બેંકિંગ અને કોર્પોરેટ ફ્રોડની તપાસ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી છે.

9 ફેબ્રુઆરીએ સત્તાવાર સૂત્રોએ માહિતી આપી કે આ ટીમ સુપ્રીમ કોર્ટના હાલના નિર્દેશો બાદ બનાવવામાં આવી છે. કોર્ટે આ મામલાની નિષ્પક્ષ અને વહેલી તકે તપાસ કરવા જણાવ્યું હતું.

ED ગયા વર્ષથી અનિલ અંબાણી અને તેમના ADAG ગ્રુપની કંપનીઓની તપાસ કરી રહી છે. અત્યાર સુધી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ત્રણ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ (ECIR) નોંધવામાં આવી છે.

એજન્સી અત્યાર સુધી ગ્રુપની લગભગ 12,000 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત એટલે કે અટેચ કરી ચૂકી છે. સૂત્રોનું કહેવું છે કે SIT આવનારા દિવસોમાં કેટલીક વધુ નવી ECIR નોંધી શકે છે.

# 2030 સુધીમાં ચોકલેટ બજાર આશરે 3.58 બિલિયન ડોલર સુધી પહોંચશે

## ચોકલેટ ઉદ્યોગને ફિટનેસ અને વેલનેસ ટ્રેન્ડનો મળી રહેલો સીધો ફાયદો : ઓનલાઈન માંગમાં વધારો

અમદાવાદ, તા.10

વેલેન્ટાઈન વીક દરમિયાન દર વર્ષે ૯ ફેબ્રુઆરીએ ઉજવાતો ચોકલેટ ડે ફક્ત પ્રેમને જ નહીં, પરંતુ તે ભારતમાં ઝડપથી વિકસતા ચોકલેટ વ્યવસાયને પણ પ્રતિબિંબિત કરે છે. આજે, ચોકલેટની માંગ ઝડપથી યુવાનો, વ્યાવસાયિકો અને અન્ય વ્યક્તિઓમાં ફેલાઈ ગઈ છે.

ભારતમાં ચોકલેટ ઉદ્યોગ હવે તેના બાળપણથી વિકાસના તબક્કામાં આગળ વધી ગયો છે. માર્કેટ રિસર્ચ કંપની મોર્ડોર ઈન્ટેલિજન્સના અહેવાલ મુજબ, ૨૦૩૦ સુધીમાં ચોકલેટ બજાર આશરે ૩.૫૮ બિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે. આનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં આ ઉદ્યોગ આશરે ૭.૬ ટકાના વાર્ષિક દરે વધવાની ધારણા છે. તહેવારો અને વેલેન્ટાઈન ડે આ વૃદ્ધિ પાછળના એકમાત્ર કારણો નથી; લોકોની જીવનશૈલી, ખાવાની આદતો અને ડિજિટલ શોપિંગમાં પરિવર્તન પણ ક્ષેત્રે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.



હવે લોકો માત્ર સસ્તી મીઠી ચોકલેટ તરફ જ નહીં, પણ પ્રીમિયમ અને ડાર્ક ચોકલેટ તરફ પણ આકર્ષાઈ રહ્યા છે. ખાસ કરીને, એવા ગ્રાહકોની સંખ્યા વધી રહી છે જે ચોકલેટને સ્વાદ અને સ્વાસ્થ્ય બંને માટે જુએ છે. ઓછી ખાંડ, ઉચ્ચ કોકો અને ખાંડ-મુક્ત ચોકલેટની માંગ સતત વધી રહી છે. ડાર્ક ચોકલેટ તણાવ ઘટાડવા, હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો અને ઉર્જામાં વધારો સાથે પણ જોડાયેલી છે. આ જ કારણ છે કે ચોકલેટ ઉદ્યોગને ફિટનેસ અને વેલનેસ ટ્રેન્ડનો સીધો ફાયદો થઈ રહ્યો છે.

ઈ-કોમર્સ અને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ચોકલેટના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, ખાસ કરીને વેલેન્ટાઈન ડે જેવા પ્રસંગો દરમિયાન. એક અહેવાલ મુજબ, વેલેન્ટાઈન ડે દરમિયાન કેટલીક ક્વિક-ડિલિવરી એપ્સ પર દર કલાકે હજારો ચોકલેટ વેચાઈ હતી. મહિલાઓ અને યુવાન ગ્રાહકોમાં ઓનલાઈન ચોકલેટ ઓર્ડર કરવાનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે.

ભારતની લગભગ ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે, અને આ સેગમેન્ટ ચોકલેટ માર્કેટને આગળ ધપાવી રહ્યું છે. યુવાનો નવા સ્વાદ, ફંકી પેકેજિંગ, રમકડા સહિતના પેકિંગ અને મર્યાદિત-આવૃત્તિ ઉત્પાદનો તરફ વધુને વધુ આકર્ષિત થઈ રહ્યા છે. વિવિધ બ્રાન્ડ્સ પણ આ વલણથી સારી રીતે વાકેફ છે. આ જ કારણ છે કે રક્ષા બંધન, દિવાળી, નાતાલ અને વેલેન્ટાઈન ડે જેવા પ્રસંગો માટે ખાસ ઉત્સવના પેકેજો અને કસ્ટમાઈઝ્ડ ચોકલેટ લોન્ચ કરવામાં આવે છે.

# ₹10 લાખ સુધીના કેશ ટ્રાન્ઝેક્શન પર પાન કાર્ડ જરૂરી નથી: હોટલ બિલની લિમિટ પણ ₹1 લાખ, 1 એપ્રિલથી લાગુ થશે ઈન્કમ ટેક્સના નવા નિયમો

નવી દિલ્હી, તા.10

'નવા ઈનકમ ટેક્સ એક્ટ, 2025' ના ડ્રાફ્ટ નિયમોમાં પાન કાર્ડની અનિવાર્યતા સંબંધિત ફેરફારો કરવામાં આવ્યા છે. તેનો હેતુ નાના ટ્રાન્ઝેક્શન પર કાગળની કાર્યવાહી ઘટાડવાનો છે.

પ્રસ્તાવિત નિયમો અનુસાર, હવે એક નાણાકીય વર્ષમાં 10 લાખ કે તેથી વધુ રોકડ જમા કરાવવા અથવા ઉપાડવા પર જ પાન નંબર આપવો ફરજિયાત રહેશે. હાલમાં બેંકિંગ કંપની અથવા કો-ઓપરેટિવ બેંકમાં એક દિવસમાં 50,000 થી વધુ રોકડ જમા કરાવવા પર પાન કાર્ડ આપવું જરૂરી હોય છે. સરકારના આ પગલાથી નાના વેપારીઓ અને સામાન્ય લોકોને રાહત મળશે.

હોટલના બિલ ચૂકવવા માટે પાન કાર્ડની લિમિટ 50,000 થી વધારીને 1 લાખ કરવામાં આવી છે. એટલે કે જો બિલ 1 લાખથી ઓછું હોય, તો પાનની જરૂર નહીં પડે. આ જ નિયમ કન્વેન્શન સેન્ટર અને ઈવેન્ટ મેનેજમેન્ટ પેમેન્ટ પર પણ લાગુ પડશે. જ્યારે, પ્રોપર્ટીની ખરીદ-વેચાણ કે ગિફ્ટના કિસ્સામાં આ લિમિટ 10 લાખથી વધારીને 20 લાખ કરવાનો પ્રસ્તાવ છે.



જો તમે 5 લાખથી વધુ કિંમતની મોટરસાઈકલ કે કોઈ પણ મોટર વાહન ખરીદો છો, તો પાન નંબર આપવો પડશે. વર્તમાન નિયમોમાં ટુ-વ્હીલર માટે પાનની કોઈ શરત નહોતી, જ્યારે ચાર પૈડાવાળા વાહનો માટે કિંમત ગમે તે હોય, પાન આપવું ફરજિયાત હતું. હવે 5 લાખ સુધીની ગાડીઓને આ દાયરામાંથી બહાર રાખી શકાય છે.

કોઈ પણ વીમા કંપની સાથે એકાઉન્ટ-આધારિત રિલેશનશિપ શરૂ કરવા માટે PAN જરૂરી રહેશે. અત્યાર સુધી માત્ર 50 હજાર રૂપિયાથી વધુના લાઈફ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર જ PAN માંગવામાં આવતું હતું. 'એકાઉન્ટ-આધારિત સંબંધ'નો અર્થ એ છે કે હવે પોલિસી ખરીદવા પર બેંકની જેમ તમારી એક કાયમી પ્રોફાઈલ અથવા ખાતું ખુલશે.

ક્રિપ્ટો એક્સચેન્જને હવે ઈન્કમ ટેક્સ વિભાગ સાથે માહિતી શેર કરવી ફરજિયાત રહેશે. ડિજિટલ કરન્સીને પણ હવે ઈલેક્ટ્રોનિક પેમેન્ટ તરીકે સ્વીકારવામાં આવી છે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણના બજેટ 2026ની જાહેરાત બાદ CBDTએ આ નિયમો પર જનતા અને હિતધારકો પાસેથી સૂચનો માંગ્યા છે. માર્ચના પહેલા અઠવાડિયા સુધીમાં આ સૂચનોના આધારે નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. ત્યારબાદ 1 એપ્રિલ 2026થી નવો ઈન્કમ ટેક્સ એક્ટ અને આ તમામ નવા નિયમો સમગ્ર દેશમાં લાગુ થઈ જશે.

# અમદાવાદમાં ગેરકાયદે 6 કોલ સેન્ટર પર EDના દરોડા

## અકીબ ઘાંચીને ત્યાંથી 12,000 યુએસ ડોલર જેટલી ક્રિપ્ટોકરન્સી અને 13 લાખની રોકડ મળી, સંસ્થાઓના 13 બેંક ખાતા-લોકર ફ્રીઝ

**અમદાવાદ, તા.10**

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં સામેલ મોટા પાયે ગેરકાયદેસર કોલ સેન્ટરોની તપાસનો રેલો અમદાવાદ સુધી પહોંચ્યો છે. હૈદરાબાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અમદાવાદમાં છ સ્થળોએ તપાસ કરી છે. આ તપાસમાં અકીબ ઘાંચીના કબજામાંથી આશરે 12,000 યુએસ ડોલર જેટલી ક્રિપ્ટોકરન્સી અને 13.5 લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ પણ મળી આવી હતી. આરોપીઓ અને તેમની સંસ્થાઓના 31 બેંક ખાતા અને એક બેંક લોકર ફ્રીઝ કરવામાં આવ્યા છે.

હૈદરાબાદ ઝોનલ ઓફિસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ 4 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદના છ પરિસરમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002ની જોગવાઈઓ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં વિદેશી નાગરિકો, મુખ્યત્વે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં સામેલ મોટા પાયે ગેરકાયદેસર કોલ સેન્ટર કામગીરીની તપાસનો સમાવેશ થાય છે. EDએ સાયબરાબાદ પોલીસ તેમજ CBI, IOD, નવી દિલ્હી દ્વારા સંગઠિત સાયબર છેતરપિંડી અને નકલ સંબંધિત નોંધાયેલી FIRના આધારે PMLA તપાસ શરૂ કરી હતી.

EDની તપાસમાં બહાર આવ્યું છે કે, ગેરકાયદેસર કોલ સેન્ટર ઘણા આરોપીઓ જેમ કે, મોહમ્મદ અંસારી ઉર્ફે મોહમ્મદ ઈરફાન અંસારી, અકીબ ગુલામરસુલ ઘાંચી, વિકાસ કે. નિમાર, દિવ્યાંગ રાવલ, પ્રદીપ વી. રાઠોડ અને તેમના સહયોગીઓ દ્વારા સ્થાપિત અને સંચાલિત કરવામાં આવ્યા હતા. વિવિધ સ્થળોએથી કાર્યરત કોલ સેન્ટરો એક જ જૂથ દ્વારા સામાન્ય તકનીકી માળખા, પ્રશિક્ષિત માનવશક્તિ, કોલ



સ્ક્રિપ્ટ્સ અને કેન્દ્રિયકૃત મની-હેન્ડલિંગ મિકેનિઝમનો ઉપયોગ કરીને નિયંત્રિત કરવામાં આવતા હતા.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે, કોલ સેન્ટર ઓપરેટરોએ યુ.એસ. સરકારી એજન્સીઓના અધિકારીઓ અથવા ખાનગી કંપનીઓના પ્રતિનિધિઓનો ઢોંગ કર્યો હતો અને લોન બાકી રકમ, કર જવાબદારીઓ અથવા કાનૂની કાર્યવાહી ન કરવાના ખોટા આરોપો લગાવીને પીડિતોને ડરાવ્યા હતા. જેના કારણે તેમને ગિફ્ટ કાર્ડ ખરીદવા અથવા ડિજિટલ ચુકવણી કરવા દબાણ કરવામાં આવ્યું હતું. આ રીતે જનરેટ થયેલી ગુનાની રકમ મુખ્યત્વે એમેઝોન ગિફ્ટ કાર્ડ દ્વારા પ્રાપ્ત થતી હતી અને ત્યારબાદ તેને રિડીમ કરીને ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવતી હતી.

બિટકોઈન સહિત, પેક્સફુલ અને અન્ય ગેરકાયદેસર ચેનલો જેવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા, ક્રિપ્ટોકરન્સીના રૂપાંતર અને લિક્વિડેશનને સરળ બનાવવામાં વિદેશી નાગરિકોની સંડોવણી સાથે ગુનાની રકમનો એક નાનો ભાગ ભારતીય બેંકિંગ ચેનલોમાંથી પસાર થતો હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે મોટાભાગની રકમ રોકડ અને ક્રિપ્ટોકરન્સી દ્વારા હેન્ડલ કરવામાં આવતી હતી. હવાલા ઓપરેટરો અને સ્થાનિક કાળા બજારો સહિત અનૌપચારિક ચેનલો દ્વારા રોકડ કરવામાં આવતી હતી. તપાસ દરમિયાન, મુખ્ય આરોપીઓમાંથી એક, અકીબ ઘાંચીના કબજામાંથી આશરે 12,000 યુએસ ડોલર જેટલી ક્રિપ્ટોકરન્સી મળી આવી હતી, જે જપ્ત કરવામાં આવી છે અને EDના ક્રિપ્ટો વોલેટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. વધુમાં, 13.5 લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ પણ મળી આવતા જપ્ત કરવામાં આવી હતી. શોધખોળ દરમિયાન મહત્વપૂર્ણ ડેટા ધરાવતા ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

વધુમાં, આરોપીઓ અને તેમની સંસ્થાઓના 31 બેંક ખાતા અને એક બેંક લોકર ફ્રીઝ કરવામાં આવ્યા હતા. શોધખોળ કામગીરીમાં એ પણ બહાર આવ્યું છે કે, આરોપીઓ ઘણા સમયથી આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે અને ગુનામાંથી મળેલા ભંડોળનો ઉપયોગ કરીને પોતાના નામે તેમજ તેમના પરિવારના સભ્યો અને પ્રોક્સીઓના નામે નોંધપાત્ર સંપત્તિ એકઠી કરી છે. એ પણ બહાર આવ્યું છે કે, કાર્ટેલ હજુ પણ સમાન મોડસ ઓપરેન્ડી અપનાવીને સમાન છેતરપિંડીની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે સામેલ છે, જેની વધુ તપાસ ચાલુ છે.

# માતા-પુત્રી બજારમાં ગયા ને 23 લાખની ચોરી

## નવરંગપુરાના ફ્લેટમાં ચોરી, બે કલાકમાં તસ્કરો ઘરમાં ઘૂસી દાગીના-રોકડ લઈ પલાયન

**અમદાવાદ, તા.10**

શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા ફ્લેટમાંથી તસ્કરોએ 23 લાખની ચોરી કરી છે. પરિવારના સભ્યો 2 કલાક માટે બહાર ત્યારે તસ્કરોએ ઘરમાં ઘૂસીને દાગીના અને રોકડ સહિત કુલ 23 લાખ રૂપિયાની ચોરી કરી છે. જે મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવરંગપુરા વિસ્તારના સી.જી. રોડ પર આવેલી નક્ષત્ર એપાર્ટમેન્ટમાં રહેતી શિતલ ઓમપ્રકાશ સોમાનીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તે ખાનગી કંપનીમાં ફર્મા કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. ગઈકાલે શીતલ તેની માતા રાજશ્રીબેન સાંજના સાડા પાંચ વાગ્યાની આસપાસ ઘરવખરીનો સામાન લેવા માટે બજારમાં ગયા હતા, ત્યારે તેના ભાભી સુનંદા ઘરે હાજર હતા. માતા-પુત્રી બન્ને કોમર્સ છ રસ્તા પહોચ્યા ત્યારે સુનંદાનો ફોન શીત્તલ પર આવ્યો હતો અને કહેવા લાગી હતી કે, હું ઘરનું તાળુ મારીને પિયર જઉ છું.



સુનંદા ઘરને તાળુ મારીને જતી રહી હતી, ત્યારે શિતલ અને રાજશ્રીબેન સાંજે સાત વાગ્યાની આસપાસ ઘરે પરત આવ્યા હતા. શીતલે તાળુ ખોલવા જતા દરવાજાનો નકુચો ઢીલો હતો, જેથી તે બહાર આવી ગયો હતો.

ઘરમાં માતા-પુત્રી પહોચ્યા ત્યારે સામાન વેરવિખેર હતો, જેથી તેઓ પોતપોતાના રૂમમાં ગયા હતા. રાજશ્રીબેન બેડરૂમમાં ગયા ત્યારે તેમનો વોડ્રોબનો દરવાજો ખુલ્લો હતો. રાજશ્રીબેન તરતજ વોડ્રોબ ચેક કર્યુ તો સોના-ચાંદીના દાગીના તેમજ વિદેશી અને ભારતીય ચલણી નોટો ગાયબ હતી. શિતલના ઘરમાંથી તસ્કરોએ 23 લાખ રૂપિયાની મત્તાના દાગીના અને વિદેશી ચલણી નોટો લઈને જતા રહ્યા છે. માત્ર બે કલાકમાં તસ્કરોએ શિતલના ઘરમાં પ્રવેશ્યા હતા અને લાખો રૂપિયાની ચોરી કરીને લઈ ગયા છે. પોલીસે શિતલની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે.

# રાજસ્થાનની કુખ્યાત ગેંગના 2 ગેંગસ્ટર અમદાવાદથી ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચે 7 કલાકના ઓપરેશન બાદ રવિ ગોદારા ગેંગના બે આરોપીને ઝડપ્યા, ખંડણી નેટવર્ક માટે ટાર્ગેટ શોધતા હતા

**અમદાવાદ, તા.10**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનની કુખ્યાત રવિ ગોદારા ગેંગના બે ગેંગસ્ટરની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે સાત કલાકના ઓપરેશન બાદ બંને આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપી ખંડણી, હત્યાનો પ્રયાસ, ટાર્ગેટેડ શૂટિંગ, આર્મ્સ એકટ સહિત 20થી વધુ ગુનાઓમાં સામેલ છે. અમદાવાદમાં પણ ખંડણીના નેટવર્ક માટે ટાર્ગેટ શોધી રહ્યા હતા, જે પહેલા ક્રાઈમ બ્રાન્ચે બંનેની ધરપકડ કરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગત(9 ફેબ્રુઆરી) મોડીરાતથી ઓપરેશન ચાલું કર્યું હતું. આ દરમિયાન બંને આરોપીને આજે વહેલી સવારે વાસણા-વેજલપુર રોડ પરથી ઝડપી પાડ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કોટાના અમન ઉર્ફે બચ્ચા અને સુહેબ ઉર્ફે ચિન્ટુ નામના ગેંગસ્ટરની ધરપકડ કરી છે. આ બંને રાજસ્થાનની કુખ્યાત રવિ ગોદારા ગેંગ સાથે જોડાયેલા હતા.આ બંને આરોપીએ ખંડણી, હત્યાનો પ્રયાસ, ટાર્ગેટેડ શૂટિંગ, આર્મ્સ એકટ સહિતના ગુનામાં




સામેલ હતા.

ક્રાઈમ બ્રાન્ચે સાત કલાકના લાંબા ઓપરેશન બાદ બંનેની ધરપકડ કરી છે. બંને આરોપી ગુજરાતમાં તેમનું ખંડણી નેટવર્ક શરૂ કરવા માટે આવ્યા હતા. આરોપીઓ ખંડણી માટે તેમનો ટાર્ગેટ શોધી રહ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીની ધરપકડ કરી છે. તપાસ બાદ બંનેને કોટા પોલીસને સોંપવામાં આવશે.

રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારાનું નામ રાવતરામ સ્વામી છે અને તે રાજસ્થાનના બિકાનેરના લુંકરનસરનો રહેવાસી છે. ગુનાહિત જગતમાં તેનું નામ અનેક સનસનાટીભરી હત્યાઓ સાથે જોડાયેલું છે. ગોદારાને પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા, રાજસ્થાનમાં રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવસિંહ ગોગામેદીની ઘરમાં ઘૂસીને હત્યા અને સીકરના ગેંગસ્ટર રાજુ તેહતની હત્યા જેવા મોટા કેસોનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે.

તેની સામે દેશભરમાં 40થી વધુ ગુનાહિત કેસ નોંધાયેલા છે. વધતા દબાણ અને પોલીસ કાર્યવાહીથી બચવા માટે તે 13 જૂન, 2022ના રોજ નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને દિલ્હીથી દુબઈ ભાગી ગયો હતો. તેનું હાલનું સ્થાન પોર્ટુગલ અને કેનેડામાં હોવાનું જાણવા મળે છે. રોહિત ગોદારા હાલમાં ગોલ્ડી બ્રાર સાથે મળીને તેનું નેટવર્ક ચલાવે છે અને રાજસ્થાન-પંજાબ સંગઠિત ગુનાની કડીમાં એક મુખ્ય કડી છે.

# અમદાવાદ એરપોર્ટ પર 8 લોકોએ નમાઝ પઢી: પ્રેયરરૂમને બદલે બહાર નમાઝ પઢતા પેસેન્જરે વીડિયો શૂટ કર્યો...

**અમદાવાદ, તા.10**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાહેરમાં નમાઝ પઢવામાં આવી હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. આ ઘટના વહેલી સવારે અંદાજે સાડાપાંચ વાગ્યાની આસપાસ બની હોવાનું સામે આવ્યું છે, જેમાં હજારો લોકોની અવરજવર હોય એવી જગ્યાએ નમાઝ પઢવામાં આવી હતી. આ સમયે એક મુસાફરે આ સમગ્ર દૃશ્યો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા, જે હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યાં છે.

આ વીડિયોમાં જોઈ શકાય છે કે મુસાફરો દ્વારા બોર્ડિંગ પાસ મેળવ્યા બાદ અને ફ્લાઈટમાં બેસવા જતી વખતે નમાઝ પઢવામાં આવી હતી. મહત્ત્વનું છે કે આ પહેલાં પણ અમદાવાદમાં સહિત અને જિલ્લામાં જાહેર બાગ-બગીચા કે એસટી સ્ટેન્ડ પર નમાઝ પઢવાની ઘટનાઓ સામે આવતી હતી, પરંતુ હવે એરપોર્ટ જેવી અત્યંત સુરક્ષિત ગણાતી જગ્યાએ પણ આવો જ



કિસ્સો જોવા મળ્યો છે.

આયુષ મહેતા નામના એક મુસાફરે વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આજે સવારે એટલે કે 10 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે અમદાવાદથી મુંબઈની ફ્લાઈટ હોવાથી 5:30 વાગ્યે એરપોર્ટ પર આવ્યો. સિક્યોરિટી ચેક પતાવીને જ્યારે હું ટર્મિનલ-1ના ફર્સ્ટ ફ્લોર પર આવ્યો, ત્યારે મેં અમુક ડિસ્ટર્બિંગ ઘટના જોઈ. કોઈ ગ્રુપ ત્યાં નમાઝ અદા કરી રહ્યું હતું. એ જોઈને તરત જ હું શોક થઈ ગયો અને મેં ત્યાં ઊભા રહીને વીડિયો શૂટ કરી લીધો.

આ અંગે એરપોર્ટનાં સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, પેસેન્જર્સ મૂવમેન્ટ સ્મૂથ જ હતી. કોઈ પેસેન્જર્સને કોઈપણ પ્રકારની તકલીફ પડી ન હતી. તેમની પાસે કોઈ પેસેન્જરની ફરિયાદ આવી નથી.

CISFની ટીમમાં આ અંગે વાત કરી હતી તો CISFનું પણ એવું કહેવું હતું કે અમારી પાસે કોઈ પેસેન્જર ફરિયાદ લઈને આવ્યું નથી. એરપોર્ટ પર સુરક્ષામાં તહેનાત CISFને પણ આ અંગે જાણ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વીડિયોમાં માત્ર એક વ્યક્તિ જ નહીં, પરંતુ એક આખો સમૂહ નમાઝ પઢતો હોવાનું નજરે પડી રહ્યો છે. આ મામલે અત્યારસુધી અમદાવાદ એરપોર્ટ ઓથોરિટી તરફથી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી કે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી થઈ છે કે કેમ એની વિગતો હજુ સામે આવી નથી.

એરપોર્ટનાં સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, T1 એટલે કે ટર્મિનલ 1માં પ્રેયર રૂમ નથી, કેમ કે ત્યાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું છે. T2 પર પ્રેયર રૂમ છે, કારણ કે 99 ટકા ફ્લાઈટ ત્યાંથી ઓપરેટ થતી હોય છે. જેદ્દાહ જેવી જગ્યા પર જવા માટેની 99% ફ્લાઈટ T2 પરથી ઓપરેટ થાય છે અને T2 પર તો લોકો રેગ્યુલર્લી આ પ્રેયર રૂમનો ઉપયોગ કરતા હોય છે, કેમ કે ત્યાંથી લોકો વધુ જેદ્દાહ અને એ તરફ ટ્રાવેલ કરતા હોય છે. હજયાત્રીઓ પણ ત્યાંથી જ પ્રેયર કરતા હોય છે અને જ્યારે આ લોકો પ્રેયર કરી રહ્યા હતા ત્યારે અમારા કોઈ કર્મચારીએ જઈને તેમને ડિસ્ટર્બ કર્યું ન હતું, કેમકે તેમની પ્રેયર ચાલુ થઈ ગઈ હતી.

# સુરતમાં પતિ, પત્ની અને પુત્રનું રહસ્યમય મોત: ત્રણેયની બોડી અલગ-અલગ રૂમમાંથી મળી

**સુરત, તા.10**

સુરતના લાલગેટ વિસ્તારમાં આજે(10 ફેબ્રુઆરી) પતિ, પત્ની અને પુત્રના રહસ્યમય મોતથી હડકંપ મચ્યો છે. ત્રણેયની બોડી ઘરના અલગ અલગ રૂમમાંથી મળી છે. ગૂંગળામણ કે આપઘાતની શંકા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ચાર દિવસ પહેલાં જ પરિવાર સાઉદીની યાત્રા કરીને આવ્યો હતો. ત્યારે કયા કારણસર મોત થયું છે તેને લઈને અલગ અલગ દિશામાં પોલીસ તપાસ શરૂ થઈ છે. 40 વર્ષીય ફૈઝના પરિવારમાં પત્ની, એક દીકરો અને એક દીકરી છે. ગતરાત્રે ફૈઝ પત્ની મુબીના અને દીકરા નોમાન સાથે ઘરે આવ્યો હતો. જ્યારે દીકરી દાદીના ઘરે જ રહી હતી. જેથી તેનો બચાવ થયો હતો. હાલ ફૈઝના પરિવારમાં માત્ર એક દીકરી જ રહી છે. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મળતી વિગત અનુસાર, સુરત શહેરના લાલગેટ વિસ્તારમાં હરિપુરા સૌય શેરીમાં રહેતા પરિવારે સામૂહિક આપઘાત ઘટના સામે આવી છે. પતિ, પત્ની અને પુત્રનું મોત થયું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણેયની લાશ અલગ અલગ રૂમમાંથી મળી આવી છે. બનાવની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી છે. સામૂહિક આપઘાતની આશંકા પાછળનું કારણ અકબંધ છે.

36 વર્ષીય પિતા ફૈઝ અહેમદ, 32 વર્ષીય માતા મુબીના અહેમદ અને 13 વર્ષીય પુત્ર નોમાન અહેમદનાં મોત થયાં છે. મૃતક પરિવાર ચાર દિવસ પહેલાં જ સાઉદીની યાત્રા કરીને પરત આવ્યો હતો. તેઓ કેમિકલના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. DCP



રાઘવ જૈન પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મૃતકના સંબંધી ફારુક સૈયદએ જણાવ્યું હતું કે આજે જે ઘટના વહેલી સવારે બની છે, એમાં મારો ભત્રીજો સૈયદ ફૈઝ અહેમદ સૈયદ યુસુફ, તેની પત્ની અને તેમનો પુત્ર જેને અમે પ્રેમથી 'નોનુ' કહીએ છીએ તેઓનો સમાવેશ થાય છે. ફૈઝની ઉંમર અંદાજે 40 વર્ષ, મુબીનાની 35 વર્ષ અને નોનુની અંદાજે 13 વર્ષ છે. આ બાળક અત્યારે ભણી રહ્યો છે. ચાર દિવસ પહેલા જ તેઓ ઉમરાહ કરીને ખૂબ જ ખુશી સાથે પરત ફર્યા હતા. તેઓ હરિપુરાના સૈયદ પેલેસમાં ત્રીજા માળે રહેતા હતા.

ગઈકાલે રાત્રે આશરે 12 વાગ્યે તેઓ જૂના ઘરેથી અહીં સૂવા માટે આવ્યા હતા. સવારે મારો બીજો એક ભત્રીજો ઉસ્માન, બાળકને સ્કૂલે લેવા માટે અહીં આવ્યો ત્યારે દરવાજો ન ખુલતા તેણે દરવાજો તોડીને અંદર જોયું. અંદર ત્રણેયની લાશ અલગ-અલગ જગ્યાએ પડી હતી. આ ઘટના કેવી રીતે બની અને શા માટે બની, એનો અત્યારે કોઈ અંદાજો નથી. અમને આનાથી ઘણો આઘાત લાગ્યો છે.

ચાર દિવસ પહેલાં જ ઉમરાહ કરીને આવ્યા. આ અકસ્માત થઈ ગયો છે, અમારા માટે બહુ દુઃખની વાત છે અને ક્યારેય જિંદગીની અંદર અમારી ફેમિલીની અંદર ક્યારેય આવો કોઈ ઈન્સિડન્ટ બન્યો પણ નથી, કે જે બોડી પાછળથી જોવા મળી હોય અમને. આ જે છે મારો ભત્રીજો સૈયદ ઉસ્માન સૈયદ યુસુફ મોટો છે. એના પછી સૈયદ ઉમર સૈયદ યુસુફ અને એના પછી સૈયદ ફેઝ અહમદ સૈયદ યુસુફ. આ ત્રણેય અત્યારની તારીખમાં પાંડેસરાની અંદર કેમિકલનો વેપાર કરે છે. બહુ મોટો વેપાર છે. અને એવું નથી કે ત્રણેય ભાઈઓ વચ્ચે પ્રેમ નથી, અને એક જ બહેન છે.

અમારી ફેમિલીની અંદર ક્યારેય પણ કોઈ ઝઘડા નથી થયા. જોકે હું પોતે એડવોકેટ છું, 47 વર્ષથી મારી ક્રિમિનલ પ્રેક્ટિસ છે, પણ ક્યારેય અમારી ફેમિલીમાં આવો કોઈ ઝઘડો નથી થયો. આ જે અકસ્માત થયો છે એ અમારા માટે બહુ જ દુઃખની વાત છે. ભાઈઓ વચ્ચે પણ કઈ નથી, અત્યારે કેમિકલના બિઝનેસમાં પણ મારા ભત્રીજાઓએ સારી એવી પ્રોપર્ટી લીધી છે, ત્રણેય ભાઈઓના નામે અને બહેનના નામે પણ. સાચી વાત તો એ છે કે આ એક રહસ્ય જ છે. જ્યાં સુધી પોસ્ટમોર્ટમ રિપોર્ટ ના આવે ત્યાં સુધી અમને પણ ખબર નહીં પડે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વૉટ્સએપ નંબર - 8980070599

